અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

03 MAY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 300 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  અમેરિકા પોતાના 5000 સૈનિકો જર્મનીથી પાછા બોલાવશે : જર્મન ચાન્સેલરે કહ્યું હતું- ઈરાન વિરુદ્ધ તેમનું પ્લાનિંગ યોગ્ય નથી, આનાથી ટ્રમ્પ નારાજ

4  ફ્યુચર ટેક્નોલોજી માટે પૂર્વ તૈયારીઓનું આયોજન

6  તન્વી ધ ગ્રેટ' પહેલાં 60થી વધારે રિજેક્શન સહન કર્યાં : મધ્યમ વર્ગીય શુભાંગી દત્ત કાન ફિલ્મ ફેસ્ટિવલ સુધી પહોંચી

7  RBIના નવા ડેપ્યુટી ગવર્નર બન્યા રોહિત જૈન : 3 વર્ષનો કાર્યકાળ રહેશે, જૈનનો રિઝર્વ બેંકમાં 30 વર્ષનો અનુભવ; ટી-રબી શંકરનું સ્થાન લેશે

### મમતાએ કહ્યું- TMC 200+ બેઠકો જીતશે

# બંગાળમાં 15 બૂથ પર ફરી મતદાન : સાઉથ 24 પરગણામાં BJP-TMC કાર્યકરો વચ્ચે અથડામણ

## જલપાઈગુડીમાં 5 બેઠકો માટે મતોની ગણતરી યુનિવર્સિટી ઓફ નોર્થ બંગાળના બીજા કેમ્પસમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સાથે હાથ ધરવામાં આવશે

**કોલકાતા, તા.2**

પશ્ચિમ બંગાળમાં ડાયમંડ હાર્બરના 4 અને મગરાહાટ પશ્ચિમના 11 બૂથ પર શનિવારે ફરીથી મતદાન થયું. સાઉથ 24 પરગણામાં TMC અને ભાજપના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ. આ દરમિયાન સુરક્ષા દળોએ બંને પક્ષોને શાંત પાડ્યા. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શનિવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કાઉન્ટિંગ એજન્ટ્સને સંબોધિત કરતા કહ્યું હતું કે TMC 200 થી વધુ બેઠકો પર જીત મેળવશે. ડાયમંડ હાર્બરના ફાલ્ટામાં સ્થાનિક લોકોએ TMC કાર્યકરો પર હુમલો કરવાનો અને પોલીસ પર લાઠીચાર્જ કરવાનો આરોપ લગાવ્યો. લોકોએ જણાવ્યું કે મતદાન કર્યા પછી TMCના લોકોએ તેમની સાથે મારપીટ કરી અને જ્યારે તેઓ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા ત્યારે પોલીસે તેમના પર લાઠીચાર્જ કર્યો. ઘણા લોકોને પગમાં, માથામાં અને હાથમાં ઈજા થઈ છે. TMCએ આરોપ લગાવ્યો છે કે મગરાહાટના બૂથ નંબર 127 પર સુરક્ષા દળોએ અમારા કેમ્પમાં તોડફોડ કરી અને



કાર્યકર્તાઓ સાથે મારપીટ કરી હતી. સાંજે 5 વાગ્યા સુધીમાં મગરાહાટ પશ્ચિમના 11 બૂથોમાં 86.11% અને ડાયમંડ હાર્બરના 4 બૂથોમાં 87.60% મતદાન નોંધાયું હતું.

**મમતાએ બેનર્જીએ કહ્યું- TMC 200+ બેઠકો જીતશે**

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તૃણમૂલ કોંગ્રેસની મોટી જીતનો દાવો કર્યો છે. શનિવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કાઉન્ટિંગ એજન્ટોને સંબોધિત કરતા તેમણે કહ્યું કે તેમની પાર્ટી 200થી વધુ બેઠકો પર જીત મેળવશે. મમતાએ એક્ઝિટ પોલના અનુમાનોને સંપૂર્ણપણે નકારી કાઢતા તેને "સ્ટોક માર્કેટમાં હેરાફેરી કરવાનો પ્રયાસ" ગણાવ્યો. તેમણે કહ્યું કે અગાઉ પણ 2021 અને 2024માં આવા પ્રયાસો થયા હતા અને આ વખતે પણ તે જ પુનરાવર્તિત થઈ રહ્યું છે.

**CAPF પર ગંભીર આરોપો લગાવ્યા**

મુખ્યમંત્રીએ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF) પર TMC કાર્યકરો સાથે દુર્વ્યવહાર કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે જે લોકોએ કથિત રીતે આવી કાર્યવાહીનો સામનો કર્યો છે, પાર્ટી તેમને સન્માનિત કરશે.

**આવતીકાલે ભાજપના તમામ ઉમેદવારો પોતપોતાના મતવિસ્તારમાં મંદિરે જશે**

ભાજપના તમામ વિધાનસભા ઉમેદવારો પોતપોતાના મતવિસ્તારના મંદિરોમાં જઈને પૂજા-અર્ચના કરશે. આ ઉપરાંત, તમામ વિધાનસભા વિસ્તારોમાં મહિલાઓ સ્ટ્રોંગ રૂમ પર ધરણા કરશે.

**TMCનો દાવો- વિપક્ષના સીક્રેટ ડોક્યુમેન્ટમાં માત્ર 78 બેઠકો જીતવાની આશા**

કુણાલ ઘોષે દાવો કર્યો છે કે તેમની પાસે વિપક્ષી પાર્ટીનું એક સીક્રેટ ડોક્યુમેન્ટ છે, જેમાં 294 બેઠકો પર તેમનો રિવ્યુ નોંધાયેલો છે. તેમણે કહ્યું કે આ ડોક્યુમેન્ટમાં વિપક્ષે માત્ર 78 બેઠકો પર જીતની શક્યતા વ્યક્ત કરી છે. ઘોષે જણાવ્યું કે કોંગ્રેસ પ્રથમ તબક્કામાં જ 100નો આંકડો પાર કરી ચૂકી હતી અને બીજા તબક્કામાં આ સંખ્યા વધીને 200 સુધી પહોંચી ગઈ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પાર્ટી ચૂંટણીમાં મજબૂત સ્થિતિમાં છે.

**જલપાઈગુડીમાં અધિકારીઓએ કાઉન્ટિંગ સેન્ટરની તૈયારીઓની સમીક્ષા કરી**

જલપાઈગુડીમાં 5 બેઠકો માટે મતોની ગણતરી યુનિવર્સિટી ઓફ નોર્થ બેંગાલના બીજા કેમ્પસમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સાથે હાથ ધરવામાં આવશે. અધિકારીઓએ શનિવારે આ તૈયારીઓની સમીક્ષા કરી હતી. માલબજાર કોલેજ સહિત બંને કાઉન્ટિંગ સેન્ટર પર પેરામિલિટરી ફોર્સ તૈનાત કરવામાં આવી છે.

**ચૂંટણી પંચે બંગાળમાં વધારાના કાઉન્ટિંગ ઓબ્ઝર્વર અને પોલીસ ઓબ્ઝર્વર તૈનાત કર્યા**

ચૂંટણી પંચે મતોની સુરક્ષિત, શાંતિપૂર્ણ અને પારદર્શક ગણતરી સુનિશ્ચિત કરવા માટે પશ્ચિમ બંગાળમાં 165 વધારાના કાઉન્ટિંગ ઓબ્ઝર્વર અને 77 પોલીસ ઓબ્ઝર્વર તૈનાત કર્યા છે. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ ગણતરીની પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય તે માટે ઓળખની ચકાસણી, પ્રવેશ પર પ્રતિબંધ અને અધિકારીઓ વચ્ચેના સંકલન જેવા પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યા છે.

# ગુજરાત બોર્ડના ધોરણ 10-12ના પરિણામની તારીખો જાહેર

## HSCના તમામ પ્રવાહના પરિણામ 4 મે અને SSCનું 6 મેએ જાહેર થશે, વેબસાઈટ અને વોટ્સએપ પર રિઝલ્ટ જાણી શકાશે

**ગુજરાત, તા.2**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં લેવામાં આવેલો ધો.10 અને 12ની પરીક્ષાના પરિણામની તારીખો જાહેર કરવામાં આવી છે. ધોરણ 12 સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ ત્રણેય પ્રવાહ અને ગુજકેટનું પરિણામ 4મેના રોજ જાહેર કરાશે. જ્યારે ધોરણ 10નું 6મેના રોજ પરિણામ જાહેર કરાશે. ધો. 10 અને 12ના કૂલ 15 લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં લેવામાં આવેલો ધો.10 અને 12ની પરીક્ષાના પરિણામની તારીખો જાહેર કરવામાં આવી છે. ધોરણ 12 સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ ત્રણેય પ્રવાહ અને ગુજકેટનું પરિણામ 4મેના રોજ જાહેર કરાશે. જ્યારે ધોરણ 10નું 6મેના રોજ પરિણામ જાહેર કરાશે. ધો. 10 અને 12ના કૂલ 15 લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

**4 મેના રોજ ધો. 12ના તમામ પ્રવાહનું પરિણામ**

બોર્ડ દ્વારા 4મેના રોજ જાહેર થનારા ધો. 12ના પરિણામોમાં વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહનો સમાવેશ




થાય છે. આ સાથે જ GUJCET-2026 અને સંસ્કૃત મધ્યમા પરીક્ષાના પરિણામ પણ એ જ દિવસે જાહેર થશે. જ્યારે ધો. 10નું પરિણામ 6 મેના રોજ જાહેર કરાશે.

**બોર્ડની વેબસાઈટ અને વોટ્સએપ નંબર પર પરિણામ મેળવી શકાશે**

વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર જઈને ચેક કરી શકશે. ઉપરાંત, ટેકનોલોજીના ઉપયોગ સાથે બોર્ડે વોટ્સએપ દ્વારા પણ પરિણામ મેળવવાની સુવિધા ઉપલબ્ધ કરી છે. વિદ્યાર્થીઓએ પોતાનો બેઠક ક્રમાંક 6357300971 નંબર પર મોકલવાથી વોટ્સએપ પર જ પરિણામ મેળવી શકશે. બોર્ડના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ઝડપી અને સરળતાથી પરિણામ મેળવવામાં મદદ મળશે.

**ધોરણ 10-12માં કૂલ 15.27 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં ધો.10 અને 12ની પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ 10 અને 12માં કુલ 15.27 લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જેમાં ધો.10ના 9.07 લાખ અને ધો.12 સાયન્સના 1.19 લાખ, ધો.12 સામાન્ય પ્રવાહના 5.01 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

# દેશના 9 રાજ્યોમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ : યુપીના 15 જિલ્લામાં તાપમાન 30 થી 32°C

**ભોપાલ, તા.2**

ભીષણ ગરમીનો સામનો કરી ચૂકેલા દેશના મોટા ભાગમાં શનિવારે તેજ પવનો સાથે વરસાદથી રાહત મળશે. દેશના 9 રાજ્યોમાં વાવાઝોડા-વરસાદ અને કરા પડવાનું એલર્ટ છે. આનાથી તાપમાનમાં 3-5C સુધીનો ઘટાડો થશે. ઉત્તર પ્રદેશના 15 જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 30 થી 32C ની વચ્ચે રહ્યું. ઉરઈ 41.6C સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર છે, જ્યારે હરદોઈમાં લઘુત્તમ તાપમાન સૌથી ઓછું 17C રહ્યું.

મધ્ય પ્રદેશમાં ભીષણ ગરમીના સમયગાળા વચ્ચે વાવાઝોડા-વરસાદ સાથે કરા પણ પડી રહ્યા છે. હવામાન વિભાગે શનિવારે ગ્વાલિયર સહિત 21 જિલ્લાઓમાં વરસાદની ચેતવણી જાહેર કરી છે. આ દરમિયાન 30 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું પણ ફૂંકાઈ શકે છે. છેલ્લા બે દિવસમાં રાજ્યના 35 જિલ્લાઓમાં વરસાદ, કરા અથવા વાવાઝોડું આવી ચૂક્યું છે. બિહારમાં પણ વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન 50 થી



60 કિમી પ્રતિ કલાકની ઝડપે પવનો પણ ફૂંકાશે. કૈમૂરમાં શુક્રવારે વીજળી પડવાથી એક મજૂરનું મૃત્યુ થયું. રાજસ્થાનમાં વાવાઝોડા-વરસાદ વચ્ચે ગરમી પણ ચાલુ છે. શુક્રવારે બાડમેર અને બીકાનેરનું દિવસનું તાપમાન 44 ડિગ્રીથી ઉપર પહોંચી ગયું. મોટાભાગના શહેરોમાં તાપમાન 40C થી ઉપર રહ્યું. હવામાન વિભાગે આગામી ત્રણ-ચાર દિવસ માટે 16 જિલ્લામાં વાવાઝોડા-વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. જોધપુર IIT માં પાણી ખતમ થવાને કારણે વિદ્યાર્થીઓ માટે પાણીના ટેન્કરોની વ્યવસ્થા કરવામાં આવી. જ્યારે, દિલ્હીમાં તીવ્ર ગરમીને જોતા સરકારે જલદૂત અભિયાન હેઠળ શહેરના 23 મોટા બસ ટર્મિનલો અને લગભગ 3 હજાર ડીટીસી બસોમાં મુસાફરો માટે મફત પીવાના પાણીની વ્યવસ્થા કરી છે.

**મે મહિનામાં સામાન્ય કરતાં વધુ વરસાદનો અંદાજ**

હવામાન વિભાગે મે મહિનામાં દેશમાં સામાન્ય કરતાં વધુ વરસાદ થવાની અને ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. તેમજ જુદા જુદા વિસ્તારોમાં તાપમાન મિશ્ર રહેશે. જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં હીટવેવની સ્થિતિ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. આસામ, ઓડિશા, કર્ણાટક, તમિલનાડુ અને કેરળના કેટલાક જુદા જુદા સ્થળોએ (7-20 cm) વરસાદ નોંધાયો છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને તેલંગાણાના ઘણા વિસ્તારોમાં કરા પડ્યા છે.

બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, મિઝોરમ, છત્તીસગઢ, રાજસ્થાન, ઝારખંડ, ઓડિશા, આસામ, અરુણાચલ પ્રદેશ, ગુજરાત, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના જુદા જુદા સ્થળોએ વાવાઝોડું આવ્યું.


# કાર બસના પાછળના ભાગે ઘૂસી ગઈ, સુરતના કોન્સ્ટેબલનું મોત : ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢ્યો, , વડોદરા પાસેથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર અકસ્માત

**વડોદરા, તા.02**

વડોદરાના પાદરા પાસેથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર કાર અને બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. સુરત ગ્રામ્ય પોલીસના SOG કોન્સ્ટેબલનું અકસ્માતમાં મોત થયું છે. અકસ્માત એટલો ભયાનક હતો કે આખે આખી કાર બસના પાછળના ભાગે ઘૂસી ગઈ છે. ભારે જહેમત બાદ રેસ્ક્યુ કરીને મૃતક કોન્સ્ટેબલને બહાર કાઢવામાં આવ્યા છે.

**આખી કાર બસ પાછળ ઘૂસી ગઈ, કોન્સ્ટેબલનું મોત**

આ અકસ્માત વડોદરાના પાદરા વિસ્તારમાં થયો છે. વડોદરાથી સુરત જઈ રહેલી એક સરકારી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે કાર આખી બસના પાછળના ભાગમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં સુરત ગ્રામ્ય પોલીસના SOG કોન્સ્ટેબલ ભરત ગાભાભાઈ દેસાઈનું મોત થયું છે. મૃતક ભરત દેસાઈ આલમપુર ગામ




(રબારીવાસ, મોમાઈ માતા મંદિર પાસે), ગાંધીનગરના વતની હતાં.

**મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો**

મૃતક કોન્સ્ટેબલ વડોદરાથી સુરત તરફ જઈ રહ્યા હતા, તે દરમ્યાન આ અકસ્માત સર્જાયો હતો. કોન્સ્ટેબલના મૃતદેહને પોલીસે કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ પૂર્ણ થયા બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે. પાદરા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સરકારી બસના ચાલક સામે ગુન્હો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

**દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માત, 4ના મોત**

પંચમહાલ જિલ્લાના કાલોલ નજીકથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર 26 એપ્રિલે એક અત્યંત કરુણ અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલી કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર કૂદીને હાઈવેની બીજી તરફ જઈને ફંગોળાઈ હતી. પંચમહાલ જિલ્લાના કાલોલ નજીકથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર 26 એપ્રિલે એક અત્યંત કરુણ અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલી કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર કૂદીને હાઈવેની બીજી તરફ જઈને ફંગોળાઈ હતી. આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર વડોદરાના ખીનજી પરિવારના ચાર સભ્યના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા, જ્યારે એક વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો.

**રોડ એક્સિડન્ટમાં મૃત્યુદર ઘટાડવા નવી ગાઈડલાઈન**

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા રાજ્યમાં માર્ગ અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને સમયસર અને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે હેતુથી 1 મેના નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આ નવી ગાઈડલાઈનનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રત્યેક માર્ગને સુરક્ષિત બનાવી કિંમતી માનવ જીવન બચાવવાનો છે. માર્ગ અકસ્માત બાદના 'ગોલ્ડન અવર'માં અસરકારક કામગીરી કરી મૃત્યુનું પ્રમાણ ઘટાડવા માટે આરોગ્ય વિભાગને સર્વોચ્ચ અગ્રીમતા સાથે કામ કરવા સૂચના આપવામાં આવી છે.

આ સંદર્ભે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના કમિશનર દ્વારા રાજ્યના તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ (CDHO) અને સિવિલ સર્જનને નેશનલ એમ્બ્યુલન્સ કોડ (AIS-125) નું કડક પાલન કરવા આદેશ આપવામાં આવ્યો છે.



# લોકગાયિકા નેહા સુથાર સેન્સ આપવા પહોંચી : સુરતમાં મહિલા ઉમેદવાર હાથમાં નીડલ સાથે હોસ્પિટલથી સીધા ભાજપ કાર્યાલય પહોંચ્યા

**અમદાવાદ, તા.02**

ગત 28 એપ્રિલે જાહેર થયેલા સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોમાં ભાજપે તમામ 15 મહાનગરપાલિકામાં સત્તા હાંસલ કરી છે. આગામી સમયમાં મેયર સહિતના મુખ્ય પાંચ પદાધિકારીની નિમણૂક થવાની છે.

મેયર સહિતના પદાધિકારીઓ નક્કી કરવા માટે અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર અને મહેસાણામાં ધારાસભ્યો અને કોર્પોરેટર સહિતના શહેર સંગઠનના નેતાઓ સાથે પ્રદેશના નેતાઓ દ્વારા સેન્સ લેવામાં આવશે અને મેયર તરીકેના નામો આપવામાં આવશે. જે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં જશે અને ત્યારબાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના નામની જાહેરાત થશે.

ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ નિમેલા નિરીક્ષકો 1થી 3 મે દરમિયાન મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ તેમજ તાલુકા પંચાયતોમાં ચૂંટાયેલા ભાજપના જન પ્રતિનિધિઓને મળીને કોને મેયર અને પ્રમુખપદ સહિતના હોદ્દા આપવા તે અંગે રજૂઆતો સાંભળશે. આ સેન્સ પ્રક્રિયા અંગેનો અહેવાલ પ્રદેશ મોવડીમંડળને અપાયા પછી 4, 5 અને 6 મે એમ ત્રણ દિવસ માટે ગુજરાત ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળે એવી શક્યતા છે.



પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડમાં રાજ્યની 15 મહાનગરપાલિકા માટેના મેયર પદના દાવેદારના નામો પર ચર્ચા કરવામાં આવશે અને દરેક મહાનગરપાલિકા માટે મેયરના નામના કવર બનાવીને જે તે શહેર પ્રમુખ અથવા પ્રભારીને આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવશે જે બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની જાહેરાત કરવામાં આવશે.

**ભાવનગર શહેર ભાજપ કાર્યાલયમાં સેન્સ**

ભાવનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે નિરીક્ષકોએ સેન્સ લીધી હતી. તમામ અપેક્ષિત સભ્યો અને કોર્પોરેટરોને સાંભળ્યા હતા. પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શાસક પક્ષના નેતા તથા દંડકની નિમણૂક કરાશે.

**અમદાવાદમાં મેયર સહિતના પાંચ પદાધિકારીઓ માટે સેન્સ પ્રક્રિયા પૂર્ણ**

અમદાવાદમાં મેયર સહિતના પાંચ પદાધિકારીઓ માટે સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. ભાજપ શહેર સંગઠનના નેતાઓ, તમામ ધારાસભ્યો, સાંસદો, કોર્પોરેટરોની સેન્સ લેવામાં આવી છે. મેયર સહિતના પાંચ પદાધિકારીઓ બાદ સાંજે મહાનગર સંકલન સમિતિની બેઠક મળશે. અમદાવાદ પ્રભારી અને કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં બેઠક મળશે. શહેર પ્રમુખ પ્રેરક શાહ અને મહામંત્રીઓ સંકલન બેઠકમાં હાજર રહેશે. તમામ ધારાસભ્યોને સંકલન બેઠકમાં હાજર રહેવાની સૂચના આપી છે. લોકસભાના સાસંદ અને રાજ્યસભાના સાસંદ પણ બેઠકમાં હાજરી આપશે. સાંજે 6:30 કલાકે આશ્રમ રોડ પર આવેલા ખેતી બેંકના ઓડીટોરિયમ ખાતે સંકલન સમિતિની બેઠક યોજાશે. સેન્સ પ્રક્રિયામાં આવેલા નામ બાબતે ચર્ચા થશે. સેન્સ પ્રક્રિયામાં 20થી વધુ મેયર પદ માટે

## ભક્તો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા: ડાકોર ઓવર બ્રિજ પર 3 કિલો મીટર લાબો ટ્રાફિક જામ સર્જાયો



**નડિયાદ, તા.02**

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે પૂર્ણિમાના લઈ ડાકોર ઉમરેઠ રોડ ઉપર, ડાકોર ઠાસરા રોડ ઉપર અને ડાકોર કપડવંજ રોડ ઉપર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. જેના કારણે ત્રણ કિલોમીટર સુધી વાહનોની લાંબી લાઈનો લાગી હતી. ત્યારે ટ્રાફિકની સમસ્યા દર પૂર્ણિમાના વખતે ઉભી થતી હોવાના કારણે આ સમસ્યાનો કાયમી નિકાલ લાવવામાં આવે તે માંગ ઉઠવા પામી છે.

યાત્રાધામ ડાકોર ખાતે લાખોની સંખ્યામાં ભક્તો દર્શન કરવા માટે આવતા હોય છે. જેમાં હાલમાં સરકાર દ્વારા સરકારી પાર્કિંગનું ટેન્ડર પાસ કરી સંચાલન કરવામાં આવી રહ્યું છે. જેથી ડાકોરમાં આવવાના તમામ મુખ્ય માર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે.

જેને કારણે ઉમરેઠ તરફથી અને ઠાસરા તરફથી આવતા વાહનો સરકારી પાર્કિંગ તરફ મોકલવામાં આવી રહ્યા છે. જોકે, હાલ સુધી તંત્ર દ્વારા કોઈપણ પ્રકારનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું નથી. તેમ છતાં સંચાલકો દ્વારા મળતીયાઓને ઉભા રાખી સરકારી પાર્કિંગ તરફ વાહનો ધકેલી રહ્યા છે.

જેના કારણે ડાકોર ઓવરબ્રિજ ઉપર ત્રણ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. ભક્તોને વાહનો કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવાનો વારો આવ્યો હતો. ત્યારે મુખ્ય માર્ગ ઉપર વારંવાર સજાતી ટ્રાફિકની સમસ્યાને તંત્ર દ્વારા કાયમી ધોરણે દૂર કરવામાં આવે તેવી માગ ઉઠવા પામી છે.

**ફ્લાવર શોમાં નિહાળેલા રોપા તમારા ઘરે લાવી શકશો**

## શહેરના અલગ અલગ વિસ્તારની ચાર નર્સરી પરથી ખરીદી કરાશે, પ્રતિ રોપાનો ભાવ રૂ. 10 થી 235.....

**અમદાવાદ, તા.02**

સાબરમતી રિવરફ્રન્ટ પર 1 જાન્યુઆરીથી 29 જાન્યુઆરી સુધી યોજાયેલા ફ્લાવર શોમાં અલગ અલગ જાતિના રોપાઓ રાખવામાં આવ્યા હતા. જે રોપાનું વેચાણ કરવાનું નિર્ણય મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગ લેવામાં આવ્યો છે. શહેરમાં આવેલી ચાર જેટલી મ્યુનિસિપલ કોર્પોરેશનની નર્સરીઓ ઉપરથી આ તમામ અલગ અલગ પ્રજાતિના રોપાઓ નાગરિકો ખરીદી શકશે. પ્રતિ રોપાનો ભાવ 10 રૂપિયાથી લઈને 235 રૂપિયા સુધી રાખવામાં આવ્યો છે. નાગરિકો 1 નંગથી લઇ 1,000થી વધારે ફુલના રોપાઓ લઈ શકશે.



સાબરમતી રિવરફ્રન્ટ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ ફૂલના રોપાઓ વાવવામાં આવ્યા હતા અને તેનું પ્રદર્શન નાગરિકોએ નિહાળ્યું હતું. જેમાં ગજેનીયા, ડાયન્થસ, સિલોસીયા, વિન્કા, કેલેન્ડુલા, ઓર્નામેન્ટલ કેલ, બીગોનીયા, હાયપોસ્ટીસ, સિલ્વર ડસ્ટ, પીટુનીયા, યુફોર્બીયા, કોલીયસ, સેવંતી, સાલ્વીયા, એસ્ટર, ડાયન્થસ, પીટુનીયા, ગ્રીન-રેડ અલ્ટનેન્થેરા વગેરે પ્રકારના રોપાઓ હતા. આ રોપાઓને વેચવાનો નિર્ણય મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યો છે જે શહેરના ચાંદખેડા, એલિસબ્રિજ, નવરંગપુરા અને સાયન્સ સીટી વિસ્તારમાં આવેલી નર્સરીઓ ખાતે વેચાણ કરવામાં આવશે.

રિવરફ્રન્ટ પર યોજાયેલા ફ્લાવર શોમાં જે ફૂલો ના રોપા ની જાત વેચાણ કરવાની છે તેના માટે 1થી 100 નંગ, 100 નંગથી 1000 નંગ અને 1000થી વધુ નંગના ભાવો નક્કી કરવામાં આવ્યા છે. અલગ અલગ જાતના ભાવો રાખવામાં આવ્યા છે જેમાં 10 રૂપિયાથી શરૂ કરીને 235નો ભાવ રાખવામાં આવ્યો છે. જો એક સાથે વધારે રોપાવો ખરીદવામાં આવે તો તેના માટેનો ભાવ ઓછો રાખવામાં આવ્યો છે. ડાયન્થસ, પીટુનીયા, ગ્રીન-રેડ અલ્ટનેન્થેરા વગેરે પ્રકારના રોપાઓ માત્ર 1000 નંગ સુધી જ લઈ જઈ શકાશે. આ રોપાવો ખૂબ ઓછા હોવાના કારણે એટલા મોટા પ્રમાણમાં લઈ જઈ શકાશે નહીં.

## ફ્રી ફાયર ગેમથી કોન્ટેક્ટ ને યુવકનું સગીરા પર દુષ્કર્મ, અમદાવાદથી અપહરણ કરીને બંગાળ લઈ જતી વખતે ટ્રેનમાંથી ઝડપાયો.....

**અમદાવાદ, તા.02**

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતી એક સગીરાને ફ્રી ફાયર ગેમ રમતાં રમતાં પશ્ચિમ બંગાળના યુવક સાથે સંપર્ક થયો હતો. સગીરા અને યુવક સંપર્કમાં આવ્યાં બાદ યુવક સગીરાને મળવા અમદાવાદ આવ્યો હતો. સગીરાના ઘરે યુવકે તેની સાથે દુષ્કર્મ કર્યું અને તેનું અપહરણ કરીને પશ્ચિમ બંગાળ લઈ જઈ રહ્યો હતો. આ દરમિયાન પોલીસે ખડગપુર રેલવે સ્ટેશનથી યુવકને સગીરા સાથે ઝડપી પાડ્યો હતો.

વેજલપુર વિસ્તારમાં રહેતી 16 વર્ષની સગીરા ધોરણ 12 સાયન્સમાં અભ્યાસ કરે છે. તેની પાસે રહેલા સ્માર્ટફોનમાં તે ફ્રી ફાયર ગેમ રમતી હતી. આ ગેમ રમતાં રમતાં સગીરાનો સંપર્ક પશ્ચિમ બંગાળમાં રહેતા આશિક ઉર્ફે અરમાન મહમદ અઝગર સાથે થયો હતો. બંને છેલ્લા દોઢ વર્ષથી



એકબીજાના સંપર્કમાં હતાં. બંને એકબીજાનો મોબાઈલ નંબર મેળવીને વ્હોટ્સએપ પર પણ વાતચીત કરતાં હતાં.

22 જાન્યુઆરીએ યુવક પશ્ચિમ બંગાળથી સગીરાને મળવા માટે અમદાવાદ આવ્યો હતો. યુવક સગીરાના ઘરે કોઈ ન હોવાથી તેને મળવા ગયો હતો. યુવકે સગીરાના ઘરમાં જ દુષ્કર્મ આચર્યું હતું. એ બાદ સગીરાને ફોસલાવીને અપહરણ કરીને 23 જાન્યુઆરીએ ટ્રેનમાં બેસાડી અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનથી પશ્ચિમ બંગાળ જઈ રહ્યો હતો.

સગીરાના પરિવારે સગીરાના અપહરણ થયા અંગેની પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ કરતાં યુવક સગીરાને લઈને ટ્રેનમાં બંગાળ જવા રવાના થઈ ગયો હતો. જેથી પોલીસે ટેક્નિકલ એનાલિસિસના આધારે બંને ખડગપુર પહોંચ્યા ત્યારે રેલવે પોલીસને જાણ કરી હતી. ખડગપુર પોલીસે યુવકને ટ્રેનમાંથી સગીરા સાથે ઝડપી લીધો હતો. વેજલપુર પોલીસની ટીમ ખડગપુર પહોંચી હતી. પોલીસે ખડગપુરથી યુવકની ધરપકડ કરી હતી. જ્યારે સગીરાને તેના પરિવારને સોંપી હતી.

એમ ડિવિઝન એસીપી એ.બી વાળંદે જણાવ્યું હતું કે હાલ યુવકનો મેડિકલ રિપોર્ટ કરવામાં આવશે. એ બાદ આગળની કાર્યવાહી કરાશે. આરોપી યુવક બંગાળમાં છૂટક મજૂરી કરે છે.

## વેટ ચોરી કેસમાં ઈગલ ટ્રાવેલ્સના સહમાલિકોની ધરપકડ : વેરા વસૂલાતની ખાસ સ્કવોડે એક ભાઈને રાજકોટથી

**રાજકોટ, તા.02**

એક સમયે રાજકોટની નામાંકિત ગણાતી ઈગલ ટ્રાવેલ્સના બે સહમાલિકોની વેટ ચોરીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. જયુભાઈ ગોળવાળાની અમદાવાદથી જ્યારે મનીષભાઈ ગોળવાળાની રાજકોટથી ધરપકડ કરવામાં આવી છે.

**2015 સુધીમાં કરચોરીની રકમ 28 કરોડ સુધી પહોંચી ગઈ હતી**

ઈગલ મોટર્સ પ્રા. લી. નામની કંપનીની સ્થાપના વર્ષ 2005માં રસિકભાઈ બાવરીયા (ગોળવાળા), મનિષભાઈ રસિકભાઈ બાવરીયા, જયેન્દ્ર રસિકભાઈ બાવરીયા, દિનેશભાઈ રસિકભાઈ બાવરીયા અને કંચનબેન રસિકભાઈ બાવરીયા દ્વારા કરવામાં આવી હતી. સ્થાપનાના બે વર્ષ બાદથી કંપનીએ રાજ્ય વેરા અને કેન્દ્રીય વેચાણ વેરાની રકમો સરકારમાં જમા કરાવવાનું બંધ કરી દીધું હતું. ઈગલ મોટર્સ પ્રા. લી. નામની કંપનીની સ્થાપના વર્ષ 2005માં રસિકભાઈ બાવરીયા (ગોળવાળા), મનિષભાઈ રસિકભાઈ બાવરીયા, જયેન્દ્ર રસિકભાઈ બાવરીયા, દિનેશભાઈ રસિકભાઈ બાવરીયા અને કંચનબેન રસિકભાઈ બાવરીયા દ્વારા કરવામાં આવી હતી. સ્થાપનાના બે



વર્ષ બાદથી કંપનીએ રાજ્ય વેરા અને કેન્દ્રીય વેચાણ વેરાની રકમો સરકારમાં જમા કરાવવાનું બંધ કરી દીધું હતું. વર્ષ 2015 સુધીમાં આ રકમ રૂ. 28 કરોડ સુધી પહોંચી ગઈ હતી. આટલો મોટો વાણિજ્ય વેપાર હોવા છતાં કંપની ફડચામાં ગઈ હતી. વર્ષ 2015 અને 2019માં રાજ્ય વેરા કમિશનરે રિકવરીની નોટિસો આપી હતી, તેમ છતાં આરોપીઓએ આ રકમ સરકારમાં જમા ન કરાવતા તેમની સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

## કેનેડાના PR વિઝા આપવાનું કહી ઠગ દંપતીએ 31 લાખ પડાવ્યાં: રુચિતા અને હાર્દવે પ્રોસેસના નામે બે મિત્ર પાસેથી પૈસા ખંખેરી દ્વિશા કન્સલ્ટન્સીને તાળા મારી દીધા.....

**અમદાવાદ, તા.02**

અમદાવાદના બે મિત્રોને કેનેડા PR વિઝા આપવાનું કહીને ઠગ દંપતીએ 31 લાખનો ચૂનો લગાવ્યો છે. વિઝાના નામે પ્રોસેસ શરૂ કરી હતી, જેમાં શરૂઆતમાં જ કુલ રકમના 30 ટકા આપવાનું કહીને બંને મિત્રો પાસેથી 31 લાખ લઈ લીધા લીધા હતા. જોકે બાદમાં બંને દંપતી ગાયબ થઈ ગયા હતા, જેથી યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. નિકોલમાં રહેતા સંદીપ પટેલ ફાર્મા કંપનીમાં ટેકનિશિયન તરીકે નોકરી કરે છે. સંદીપભાઈને કેનેડા જવાનું હોવાથી તેમના મિત્ર કેતન પટેલના રેફરન્સથી સોલામાં આવેલી દ્વિશા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. ફેબ્રુઆરી, 2023માં કન્સલ્ટન્સીની ઓફિસ ગયા ત્યારે ત્યાં રુચિતા બાબુ અને હાર્દવ બાબુ મળ્યા હતા. સંદીપભાઈ અને તેમના પત્ની તથા દીકરીના કેનેડા PR વિઝા કરી આપવાનું કહીને બંનેએ 58 લાખ



થશે, તેવું જણાવ્યું હતું. સંદીપભાઈ વિશ્વાસ કરીને પ્રોસેસ શરૂ કરાવી હતી. પ્રોસેસ શરૂ કરી ત્યારે જ એડવાન્સ પેટે 30 ટકા આપવાનું કહ્યું હતું, જેથી સંદીપભાઈએ ટુકડે-ટુકડે 16 લાખ રૂપિયા આપ્યા હતા. પૈસા આપ્યા બાદ સંદીપભાઈએ જ્યારે સંપર્ક કર્યો, ત્યારે બંનેનો સંપર્ક થતો જ નહતો. સંદીપભાઈ સોલા ખાતેની કન્સલ્ટન્સીની ઓફિસ ગયા હતા, ત્યારે ઓફિસ પણ બંધ હતી. સંદીપભાઈને જાણ થઈ હતી કે બંને કેનેડા જતા રહ્યા છે. દંપતીએ સંદીપભાઈ પાસેથી 16 લાખ અને તેમના મિત્ર પાસેથી વિઝા આપવાના બહાને 15 લાખ લીધા હતા.

## અધિકારીઓ જાણે ભાજપના કાર્યકરો હોય એ રીતે ચૂંટણી લડ્યા' : ચાવડાએ કહ્યું- નિષ્ક્રિય નેતાઓ સામે કાર્યવાહી કરી સંગઠનમાં બદલાવ

**અમદાવાદ, તા.02**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોને લઈ રાજીવ ગાંધી ભવન પર રિવ્યૂ બેઠક યોજવામાં આવી છે. 6 તારીખ સુધી પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરી અને દરેક ઝોનમાં પ્રભારી સાથે પરિણામોને લઈને એનાલિસિસ શરૂ કરવામાં આવ્યું છે. આજે દક્ષિણ ગુજરાતના પરિણામોને લઈને વિવિધ જિલ્લાના હોદ્દેદારો સાથે બેઠક કરવામાં આવી છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભામાં પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરી અને દક્ષિણ ઝોનના પ્રભારી બી.વી શ્રીનિવાસની અધ્યક્ષતામાં બેઠક મળી છે. જેમાં વલસાડ, નવસારી, તાપી, છોટા ઉદેપુર, ભરૂચ, સુરત શહેર અને જિલ્લાના હોદ્દેદારો સાથે રિવ્યૂ બેઠક કરવામાં આવી છે. બેઠકમાં પક્ષ વિરુદ્ધિ પ્રવૃતિ કરનાર નેતાઓની પણ વિગતો માંગવામાં આવી છે. જેની સમીક્ષા બાદ તેવા નેતાઓ સામે કાર્યવાહી પણ કરવામાં આવશે.



**કોંગ્રેસ ચૂંટણી પરિણામોનું એનાલિસિસ કરશે**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસને અપેક્ષા કરતા વિપરીત પરિણામ આવ્યું છે. સંગઠન સૃજન અભિયાન અને જનતાના સૂચનોના આધારે મેનિફેસ્ટો તૈયાર કરવા છતાં પણ જનતાએ કોંગ્રેસને મત આપ્યા નહીં. કોંગ્રેસને આશા હતી કે પરિવર્તન લાવવા માટે જનતા મત આપશે, પરંતુ ધાર્યું તેવું પરિણામ કોંગ્રેસ લાવી શકી નથી. જેથી હવે 2027 પહેલા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે ભૂલો થઈ છે તે સુધારવા માટે અને સંગઠનને મજબૂત બનાવવા માટે ચૂંટણીના પરિણામોનું એનાલિસિસ કરવામાં આવ્યું છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં રિવ્યૂ બેઠક યોજવામાં આવી છે.

**આજે દક્ષિણ ગુજરાત ઝોનની બેઠક મળી**

આજે દક્ષિણ ગુજરાત ઝોનની બેઠક મળી હતી. જેમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભામાં પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરી અને દક્ષિણ ઝોનના પ્રભારી બી.વી શ્રીનિવાસ સહિત શહેર અને જિલ્લાના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. આવતીકાલે ઉત્તર ગુજરાત ઝોનની બેઠક મળશે. જેમાં AICCના સેક્રેટરી અને પ્રભારી સુહાસિની યાદવને ઉપસ્થિત રહેવા સૂચના આપવામાં આવી છે. 4 મેના મધ્ય ગુજરાત ઝોનની બેઠક મળશે જેમાં AICC સેક્રેટરી અને પ્રભારી રામકિશન ઓઝા પણ ઉપસ્થિત રહેવાના છે. 5 અને 6 મેના સૌરાષ્ટ્ર ઝોનની બેઠક મળશે જેમાં AICC સેક્રેટરી અને પ્રભારી દેવેન્દ્ર યાદવ પણ ઉપસ્થિત રહેવાના છે.

**રિવ્યૂ બેઠક બાદ પ્રદેશ પ્રમુખ રિપોર્ટ તૈયાર કરશે**

રિવ્યૂ બેઠક બાદ પ્રદેશ પ્રમુખ દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે પણ નેતાઓએ પક્ષ વિરોધી કામગીરી કરી છે તેની વિગતો પણ મંગાવવામાં આવી છે. કેટલીક જગ્યાએ સંગઠનમાં આગેવાનો નિષ્ક્રિય હોવાની પણ પ્રદેશ પ્રમુખને બેઠકમાં ફરિયાદ મળી છે.

## 'સોરી એવરીવન એન્ડ ગુડ બાય' : વોટ્સએપ પર સ્ટેટસ મૂકી નરોડાની મહિલા આત્મહત્યા કરવા ઘરેથી નીકળી ગઈ

**અમદાવાદ, તા.02**

અમદાવાદના નરોડા વિસ્તારમાં એક એવી ઘટના સામે આવી છે, જે માનવતા, સંવેદનશીલતા અને પોલીસની ઝડપી કામગીરીનો જીવત દાખલો બની રહી છે.આત્મહત્યાના ગંભીર નિર્ણયની કિનારે પહોંચેલી એક મહિલાને પોલીસે માત્ર 20 મિનિટમાં શોધી કાઢી તેના જીવને બચાવી લીધો હતો.




હંસપુરા વિસ્તારમાં રહેતી 45 વર્ષીય મહિલા ગૃહઉદ્યોગ ચલાવે છે. તેમનો પરિવાર સામાન્ય અને વ્યવસ્થિત જીવન જીવે છે, પતિ નોકરી કરે છે અને પુત્ર રાત્રે કામ પર જાય છે. પરંતુ ઘણી વખત નાના મુદ્દાઓ પણ મોટું સ્વરૂપ ધારણ કરી લે છે.ગઈકાલે જમવાનું બનાવવાના મુદ્દે મહિલા અને તેમના પતિ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ. આ નાની વાત મહિલાના મનમાં ઊંડે સુધી વાગી ગઈ અને તેઓ ભાવનાત્મક રીતે તૂટી પડી.

આ મનદુ:ખના કારણે મહિલાએ ઉતાવળમાં એક મોટો નિર્ણય લઈ લીધો. તેમણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો અને કોઈને જાણ કર્યા વગર ઘર છોડીને નીકળી ગઈ. ઘરેથી નીકળતાં મહિલાએ પોતાના વોટ્સએપ સ્ટેટસમાં SORRY EVERYONE ND GOOD BY અને BYE BETA MISS U, KHUSH REJE, MANE MAF KARJE જેવુ લખાણ મુકી દીધુ હતું, જે પરિવાર માટે ચેતવણી સમાન સાબિત થયા.

## અમદાવાદ રિવરફ્રન્ટ પર પોલીસની ગાડી ઉપર બેસી રીલ બનાવી : 'તું ખીચ મેરી ફોટો'ના ગીત સાથે વીડિયો બનાવ્યો

**આણંદ, તા.02**

અમદાવાદ પોલીસની ગાડીનો ઉપયોગ નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે કરવાનો હોય છે, પરંતુ અમદાવાદ પોલીસની 112 જનરક્ષકની સરકારી ગાડી પર બેસીને રીલ બનાવવામાં આવી હોવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. રિવરફ્રન્ટ પર ગાડી ઉપર બેસીને વીડિયો બનાવી 'તું ખીચ મેરી ફોટોના ગીત' સાથે બનાવવામાં આવેલી રીલનો વાયરલ થયેલો વીડિયો સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારનો હોવાનું સામે આવ્યું છે.



જોકે સાબરમતી રિવરફ્રન્ટ પૂર્વ અને પશ્ચિમ એમ બંને તરફ આવેલો છે તેમાં આ વીડિયો રિવરફ્રન્ટ પૂર્વ તરફનો હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે પોલીસે આ વીડિયોની તપાસ શરૂ કરી છે, પરંતુ એક સરકારી ગાડી પર બેસીને આ રીતે વીડિયો બનાવવામાં આવી રહ્યો છે ત્યારે પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

## આજી ડેમમાં ચાર ડૂબ્યા, પિતા-પુત્ર સહિત ત્રણની લાશ મળી : એકની શોધખોળ

**રાજકોટ, તા.02**

રાજકોટના આંજી ડેમના કાંઠા પર આવેલા મોગલ માતાજીના મંદિરે દર્શન કરવા આવેલા ચાર લોકો ડૂબી જતા પિતા પુત્ર સહિત ત્રણના મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે એક વ્યકિતની હજી શોધખોળ ચાલી રહી છે. દર્શન કર્યા બાદ એક વ્યકિત કોઈ કારણોસર ડેમના પાણીમાં ડૂબવા લાગતા તેને બચાવવા ગયેલા અન્ય ત્રણ લોકો પણ ડૂબ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ડેમમાં જે ચાર લોકો ડૂબ્યા છે તેમાં રિક્ષાચાલક ભરત જાદવ પોતે અને તેના પુત્રોનો અને એક સાળીના પુત્રનો સમાવેશ થાય છે. મોગલ માતાજીના દર્શન કર્યા બાદ ચારમાંથી કોઈ એકવ્યકિત ડેમના પાણીમાં ડૂબવા લાગતા અન્ય ત્રણ લોકો વારાફરતી તેને બચાવવા ગયા હતા. કમનસીબે ચારેય લોકો ડૂબી જતા ત્રણના મોત નિપજ્યા છે.



## બસ સ્ટેશનમાં ભક્તોનો જમાવડો થયો: ડાકોર બસ સ્ટેશનમાં પૂર્ણિમાના દિવસે બસો ઓછી પડતા ભક્તોને હલાકી



**નડિયાદ, તા.02**

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે મહા સુદ પૂર્ણિમાને લઇ પાંચ લાખથી વધુ હરિભક્તો દર્શન કરવા માટે આવી પહોંચ્યા હતા. જેને લઇ વડોદરા સુરત અમદાવાદ નડિયાદ મહેમદાવાદ તરફ જાતિ બસોની અછત જોવા મળી હતી. જો કે તંત્ર દ્વારા પૂર્ણિમાને લઈ 35 બસો એક્સ્ટ્રા મૂકવામાં આવી હતી. તેમ છતાં પણ બસ મથકમાં ભક્તોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો.

યાત્રાધામ ડાકોર ખાતે મહાસુદ પૂનમને લઈ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. જેમાં દિવસ દરમિયાન પાંચ લાખથી વધુ હરિભક્તો ઠાકોરજીના દર્શન કરી ધન્ય બન્યા હતા. ત્યારે દર્શન કરીને પરત ફરી રહેલા ભક્તોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

જેમાં ડાકોર બસ સ્ટેશનમાં બસોની અછત હોવાના કારણે 3,000 થી વધુ મુસાફરો બપોરના સમયે બેસી રહ્યા હતા. જોકે એસટી વિભાગ દ્વારા 35 બસો એક્સ્ટ્રા ફાળવવામાં આવી હતી. તેમ છતાં મોટી સંખ્યામાં ભક્તો આવતા હોવાને લઈ અમદાવાદ વડોદરા સુરત નડિયાદ મહેમદાવાદ જતા ભક્તોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

આ સાથે ભક્તોની ભારે અવર-જવર હોવાને લઈ બસની ક્ષમતા કરતા પણ વધારે મુસાફરો ભરી દેવામાં આવ્યા હતા. ત્યારે પૂર્ણિમાને લઈ ડાકોર ખાતે આવતા દર્શનાર્થીઓ માટે સ્પેશિયલ બસો વધુ મૂકવામાં આવે તેવી ભક્તો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# અમેરિકા પોતાના 5000 સૈનિકો જર્મનીથી પાછા બોલાવશે : જર્મન ચાન્સેલરે કહ્યું હતું- ઈરાન વિરુદ્ધ તેમનું પ્લાનિંગ યોગ્ય નથી, આનાથી ટ્રમ્પ નારાજ

## અમેરિકી કોલોનીઓ વસી ગઈ હતી, જ્યાં સૈનિકોના પરિવારના લોકો રહેતા હતા

વોશિંગ્ટન ડીસી, તા.02

અમેરિકાએ જર્મનીમાંથી લગભગ 5,000 સૈનિકો હટાવવાનો નિર્ણય કર્યો છે. અમેરિકી રક્ષા મંત્રાલય મુજબ, આ પ્રક્રિયા આગામી 6 થી 12 મહિનામાં પૂરી થશે. આ પગલું સીધા જ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ વચ્ચેની શાબ્દિક ટપાટપી પછી સામે આવ્યું છે. મર્ઝે ગયા મહિને એક કાર્યક્રમમાં કહ્યું હતું કે અમેરિકા પાસે કોઈ સારું પ્લાનિંગ નથી. તેને ખબર જ નથી કે તે આ યુદ્ધમાંથી કેવી રીતે બહાર નીકળશે. તેમણે કહ્યું કે ઈરાન વાતચીતને ટાળવામાં માહેર છે અને અમેરિકાને કોઈ પરિણામ વિના ઈસ્લામાબાદ સુધી આવ-જા કરવી પડી. આનાથી અમેરિકાને ઈરાન સામે અપમાનિત થવું પડ્યું. આનાથી ટ્રમ્પ નારાજ થઈ ગયા હતા. તેમણે મર્ઝ વિશે કહ્યું કે તેઓ ખૂબ જ ખરાબ કામ કરી રહ્યા છે. તેમને લાગે છે કે ઈરાન પાસે પરમાણુ હથિયારો હોવા એ સારી વાત છે. તેમને વાસ્તવિકતાની સમજ નથી.



**જર્મનીમાં 36 હજાર અમેરિકી સૈનિકો તહેનાત**

BBC અનુસાર, ડિસેમ્બર સુધીમાં જર્મનીમાં 36,000 થી વધુ અમેરિકી સૈનિકો તહેનાત હતા. આ સંખ્યા જાપાન પછી બીજી સૌથી મોટી તહેનાતી છે, જ્યાં લગભગ 55,000 અમેરિકી સૈનિકો હાજર છે. આ ઉપરાંત, ઈટાલીમાં લગભગ 12,000 અને બ્રિટનમાં લગભગ 10,000 અમેરિકી સૈનિકો tusનાત છે. જર્મનીમાં અમેરિકી સૈન્ય થાણા લાંબા સમયથી યુરોપમાં અમેરિકાની વ્યૂહાત્મક હાજરીનો મહત્વનો ભાગ રહ્યા છે. જોકે, અમેરિકા અને યુરોપિયન દેશો વચ્ચે ઈરાનને લઈને તણાવ વધ્યો છે. યુરોપિયન દેશોએ ઈરાન યુદ્ધમાં ટ્રમ્પનો સાથ આપવા માટે ઘણી વખત ઈનકાર કર્યો છે. જેના પછી ટ્રમ્પ આરોપ લગાવતા રહ્યા છે કે યુરોપિયન દેશો ફક્ત કાગળના વાઘ છે કારણ કે સમય પર તેઓ ક્યારેય કામ આવતા નથી. આ દરમિયાન ટ્રમ્પે ઈટાલી અને સ્પેનમાંથી પણ સૈનિકો હટાવવાનો સંકેત આપ્યો છે. તેમનું કહેવું છે કે આ દેશો ઈરાન વિરુદ્ધ અમેરિકાનો સાથ આપી રહ્યા નથી, જેનાથી નાટોની અંદર મતભેદો વધતા દેખાઈ રહ્યા છે.

**પહેલા પણ સૈનિકો હટાવવાનો પ્રયાસ કરી ચૂક્યા છે ટ્રમ્પ**

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ પહેલા પણ જર્મનીમાંથી સૈનિકો હટાવવાની વાત કરી ચૂક્યા છે. ત્યારે તેમણે જર્મનીને દિવાળિયું કહ્યું હતું કારણ કે તે નાટોના નિર્ધારિત 2% સંરક્ષણ ખર્ચના લક્ષ્યથી પાછળ હતું. ત્યારે તેમણે 12,000 સૈનિકોને હટાવવાની યોજના બનાવી હતી, પરંતુ અમેરિકી સંસદના વિરોધ અને લોજિસ્ટિક મુશ્કેલીઓના કારણે તે લાગુ થઈ શકી નહીં. બાદમાં રાષ્ટ્રપતિ જો બાઈડને 2021માં આ યોજનાને રોકી દીધી અને પછી રદ કરી દીધી. ગયા વર્ષે અમેરિકાએ રોમાનિયામાં પણ પોતાના સૈનિકોની સંખ્યા ઘટાડવાનો નિર્ણય લીધો હતો. ખરેખરમાં, ટ્રમ્પ અમેરિકી સૈનિકોને યુરોપમાંથી હટાવીને એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં શિફ્ટ કરવા માંગે છે જેથી ચીનના જોખમોનો સામનો કરી શકાય.

**અમેરિકાના જર્મનીમાં સૈન્ય ઠેકાણાં શા માટે છે?**

જર્મનીમાં અમેરિકી સેનાની હાજરી 1945થી શરૂ થઈ, જ્યારે નાઝી જર્મનીની હાર પછી અમેરિકાએ ત્યાં કબજો કર્યો હતો. બીજા વિશ્વ યુદ્ધ પછી તરત જ ત્યાં લગભગ 16 લાખ અમેરિકી સૈનિકો તહેનાત હતા, જોકે 1 વર્ષ પછી ત્યાં 3 લાખ સૈનિકો રહી ગયા. શરૂઆતમાં તેમનું કામ જર્મનીના અમેરિકી નિયંત્રણવાળા ભાગને સંભાળવાનું અને નાઝીકરણ ખતમ કરવાનું હતું. પરંતુ પછીથી શીત યુદ્ધ શરૂ થતાં જ અમેરિકાનો હેતુ બદલાઈ ગયો અને જર્મનીને સોવિયત સંઘ વિરુદ્ધ એક મજબૂત રક્ષણાત્મક દીવાલ બનાવવામાં આવ્યું. 1949માં નાટો બન્યા પછી, અમેરિકાના આ સૈન્ય ઠેકાણાં કાયમી થઈ ગયા. તેમનો હેતુ પશ્ચિમ જર્મનીને મજબૂત બનાવવાનો અને સોવિયત સંઘની સરખામણીમાં ઊભું કરવાનો હતો. શીત યુદ્ધના સમયે જર્મનીમાં અમેરિકાના લગભગ 50 મોટા સૈન્ય બેઝ અને 800થી વધુ નાના ઠેકાણાં હતા. તે સમયે ત્યાં 2.5 લાખથી વધુ અમેરિકી સૈનિકો તૈનાત રહેતા હતા, અને ઘણી જગ્યાએ તો આખી ને આખી અમેરિકી કોલોનીઓ વસી ગઈ હતી, જ્યાં સૈનિકોના પરિવારના લોકો રહેતા હતા.

**સોવિયત સંઘ નબળો પડ્યો તો સૈનિકો પાછા ફર્યા**

1989માં બર્લિનની દીવાલ પડ્યા પછી અને 1991માં સોવિયત સંઘના વિઘટન પછી અમેરિકાએ પોતાની હાજરી ઘણી ઓછી કરી દીધી, પરંતુ સંપૂર્ણપણે હટાવી નહીં. આજની સ્થિતિમાં, યુરોપમાં અમેરિકાના લગભગ 68,000 સૈનિકો તહેનાત છે, જેમાંથી લગભગ 36,400 ફક્ત જર્મનીમાં છે. આ સૈનિકો 20 થી 40 અલગ-અલગ બેઝમાં ફેલાયેલા છે.

# રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિને UAEનો કાયાકલ્પ કર્યો

## શાહી ઓળખ છુપાવી વેઈટરની નોકરી કરી, જાણો કેવી રીતે નાહયાન ગલ્ફના ગેમચેન્જર બન્યા

નવી દિલ્હી, તા.02

સંયુક્ત આરબ અમીરાત (UAE) એ ઓઈલ ઉત્પાદક સંગઠન ઓપેકથી અંતર રાખીને સંકેત આપ્યો છે કે તેનું ભવિષ્ય ફક્ત ઓઈલ પર નિર્ભર નથી. રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાનની રણનીતિ ગ્રીન હાઈડ્રોજન, AI અને સ્પેસ મિશન પર છે. તેમણે 2015 માં કહ્યું હતું કે છેલ્લા ઓઈલના બેરલ પર UAE શોક નહીં, ઉત્સવ મનાવશે. પહેલાં સૈન્ય કમાન્ડર પછી ક્રાઉન પ્રિન્સથી રાષ્ટ્રપતિ બનવા સુધીના તેમના નિર્ણયોએ ફક્ત UAE નો કાયાકલ્પ કર્યો નથી, પરંતુ ખાડી દેશોમાં પરિવર્તનને પણ વેગ આપ્યો છે. શેખ મોહમ્મદના ઉછેરે તેમના નિર્ણયોનો પાયો નાખ્યો. જ્યારે તેઓ 14 વર્ષના હતા, ત્યારે પિતા શેખ ઝાયદે તેમને રાજવી ઓળખ છુપાવીને મોરોક્કો ભણવા મોકલ્યા હતા. જેથી તેઓ કઠોર જીવન જોઈ શકે.



**સેન્ડહર્સ્ટની તાલીમ અને 'વેઈટર' તરીકે કામ**

મોરોક્કોમાં અભ્યાસ દરમિયાન તેમણે પોતાનું નામ બદલીને 'હસન' રાખ્યું હતું, જેથી કોઈ તેમને ઓળખી ન શકે. તેઓ પોતાનું ભોજન જાતે બનાવતા અને કપડાં જાતે ધોતા હતા. ત્યાં તેમણે એક કેફેમાં વેઈટર તરીકે પણ કામ કર્યું, જેથી તેઓ સામાન્ય લોકોના સંઘર્ષ અને જીવનને નજીકથી સમજી શકે. શેખ મોહમ્મદે બ્રિટનની પ્રતિષ્ઠિત રોયલ મિલિટરી એકેડમી સેન્ડહર્સ્ટમાંથી તાલીમ લીધી અને પાસઆઉટ થઈને બાદમાં યુએઈ સેનામાં જોડાયા. સેનાના આધુનિકીકરણ અને વ્યાવસાયિક તાલીમને તેમણે પોતે મોનિટર કરી. શેખ મોહમ્મદે પોતાને કટ્ટરપંથી વિચારધારાથી અલગ રાખ્યા. વિદ્યાર્થી જીવનમાં જ્યારે એક મૌલવીએ તેમને કટ્ટરપંથ તરફ વાળવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેઓ તરત સમજી ગયા કે આ વિચારધારા ખતરનાક છે. યમન યુદ્ધમાં નાહયાને એક દાખલો બેસાડ્યો. તેમણે પોતાના ભત્રીજાને ફ્રન્ટ લાઈન પર મોકલ્યો, જે આજે યુદ્ધના કારણે વ્હીલચેર પર છે. 2004માં ક્રાઉન પ્રિન્સ બન્યા પછી નાહયાને કાયદાઓની દિશા બદલી. સંસદમાં 50% મહિલા અનામત, 100% વિદેશી માલિકી અને ગોલ્ડન વિઝા જેવા નિર્ણયોએ UAEને રોકાણનું હબ બનાવ્યું. જોકે, 2004-22 સુધી તેમના ભાઈ શેખ ખલીફા બિન ઝાયદ રાષ્ટ્રપતિ હતા, પરંતુ વાસ્તવિક શક્તિ અને રાજદ્વારી ક્રાઉન પ્રિન્સ તરીકે નાહયાન પાસે હતી. આ જ UAEને ગલ્ફનો ગેમચેન્જર બનાવી રહ્યું છે.

**AI દ્વારા 50% સરકારી નિર્ણયો લેનારો પ્રથમ દેશ બનશે**

2022માં રાષ્ટ્રપતિ બન્યા પછી શેખ મોહમ્મદે પર્સનલ લોમાં ફેરફાર કરીને છૂટાછેડા, કસ્ટડી અને વારસામાં મહિલાઓને અધિકાર આપ્યા. શ્રમ કાયદા બદલીને 'નિશ્ચિત અવધિ'ના કરારો ફરજિયાત કરવામાં આવ્યા, જેનાથી બહારના મજૂરોને લાભ થયો. 'એજન્ટિક AI' મોડેલ હેઠળ લક્ષ્ય છે કે 2028 સુધીમાં 50% સરકારી કામ AI સંભાળે, જે વિશ્લેષણ સાથે નિર્ણયો પણ લઈ શકે. આવું કરનાર UAE દુનિયાનો પ્રથમ દેશ હશે. સાદગીની વાત કરીએ તો, ઘણીવાર તેઓ મહેમાનોને પોતે જ કોફી સર્વ કરે છે.

# દાવો- એપસ્ટીને મૃત્યુ પહેલાં સુસાઈડ નોટ લખી હતી : 7 વર્ષથી કોર્ટમાં સીલબંધ, તપાસ એજન્સીઓને પણ મળ્યો નથી આ મહત્વનો પુરાવો

વોશિંગ્ટન ડીસી, તા.02

યૌન અપરાધી જેફ્રી એપસ્ટીનના મૃત્યુ પહેલાં તેણે સુસાઈડ નોટ લખી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ કથિત સુસાઈડ નોટ છેલ્લા લગભગ 7 વર્ષથી ન્યૂયોર્કની કોર્ટમાં સીલબંધ છે. આ કારણોસર તેને અત્યાર સુધી સાર્વજનિક કરવામાં આવી નથી. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, અત્યાર સુધી એપસ્ટીનના મૃત્યુની તપાસ કરી રહેલી એજન્સીઓને પણ આ મહત્વપૂર્ણ પુરાવો મળ્યો નથી. જો આ નોટ ખરેખર એપસ્ટીને લખી હોત, તો તે તેની માનસિક સ્થિતિ વિશે મહત્વપૂર્ણ માહિતી આપી શકતી હતી. અહેવાલ મુ બ, આ નોટ જુલાઈ 2019માં એપસ્ટીનના સાથી કેદી નિકોલસ ટાર્ટાગ્લિઓનને મળી હતી. તે સમયે એપસ્ટીન જેલમાં બેભાન અવસ્થામાં મળ્યો હતો અને તેની ગરદન પર કપડું બાંધેલું હતું. તે ઘટનામાં તેનો જીવ બચી ગયો હતો. પરંતુ થોડા અઠવાડિયા પછી જેલમાં તેમનું મૃત્યુ થયું, જેને મેડિકલ અધિકારીઓએ આત્મહત્યા ગણાવી. ટારટાગ્લિઓનના મતે, આ નોટમાં લખ્યું હતું કે તપાસ એજન્સીઓએ મહિનાઓ સુધી એપસ્ટીનની તપાસ કરી, પરંતુ કંઈ મળ્યું નહીં. નોટમાં એ પણ લખ્યું હતું કે, 'તમે મારી પાસેથી શું ઈચ્છો છો, શું હું રડું? હવે વિદાય લેવાનો સમય છે.'



જોકે, અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટનું કહેવું છે કે તેમની પાસે આ નોટ નથી, તેથી તેઓ તેની પુષ્ટિ કરી શકતા નથી.

**ફેડરલ જજના કહેવા પર નોટ સીલ કરવામાં આવી**

રિપોર્ટ અનુસાર, આ નોટ બાદમાં ટારટાગ્લિઓનના પોતાના ગુનાહિત કેસનો ભાગ બની ગઈ અને એક ફેડરલ જજે તેને સીલ કરી દીધી. આ જ કારણોસર એપસ્ટીનના મૃત્યુની તપાસ કરનારાઓને આ મહત્વપૂર્ણ પુરાવો મળી શક્યો નહીં. ન્યૂયોર્ક ટાઈમ્સએ તાજેતરમાં અદાલત પાસેથી આ નોટને સાર્વજનિક કરવાની માંગ કરી છે. આ દરમિયાન, રેકોર્ડમાં હાજર બે પાનાની ટાઈમલાઈન જણાવે છે કે ટારટાગ્લિઓનના વકીલોએ આ નોટને અસલી ગણાવી, પરંતુ કેવી રીતે, તે સ્પષ્ટ નથી. જસ્ટિસ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ જણાવ્યું કે એપસ્ટીન કેસ સાથે જોડાયેલા તમામ દસ્તાવેજો એકઠા કરવા માટે એજન્સીએ ખૂબ પ્રયાસ કર્યા, જેમાં જેલ બ્યુરો અને ઈન્સ્પેક્ટર જનરલ ઓફિસ ના રેકોર્ડ પણ સામેલ હતા. આમ છતાં આ નોટ `મની પાસે નથી.

**એપસ્ટીનના મૃત્યુ બાદ સુરક્ષામાં અનેક ખામીઓ**

જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અનુસાર, એપસ્ટીનના મૃત્યુ બાદ મેનહટન કરેક્શનલ સેન્ટરની સુરક્ષામાં અનેક ખામીઓ સામે આવી, જેના કારણે તેના મૃત્યુ પર અનેક સવાલો અને થિયરીઓ ઊભી થઈ.

જુલાઈની ઘટના પછી એપસ્ટીને અધિકારીઓને કહ્યું હતું કે ટાર્ટાગ્લિઓને તેના પર હુમલો કર્યો હતો, પરંતુ બાદમાં કહ્યું કે તેને તેના સાથી કેદીથી કોઈ મુશ્કેલી નહોતી.

ટાર્ટાગ્લિઓન અગાઉ પોલીસ અધિકારી હતા અને ચાર હત્યાના કેસમાં 2023માં દોષિત ઠેરવવામાં આવ્યા છે. તેઓ ચાર આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. તેમણે હંમેશા એપસ્ટીન પર હુમલો કરવાના આરોપનો ઈનકાર કર્યો છે અને પોતાની નિર્દોષતાનો દાવો કર્યો છે.

જેફરી એપસ્ટીનના સાથી કેદી નિકોલસ ટાર્ટાગ્લિઓને. આ તસવીર 23 જુલાઈ, 2019ની છે.

**એક પુસ્તકની અંદરથી મળી હતી સુસાઈડ નોટ**

ટાર્ટાગ્લિઓન અનુસાર, તેમને આ નોટ પોતાની જેલના રૂમમાં એક પુસ્તકની અંદર મળી હતી. આ પીળા કાગળ પર લખેલી હતી, જે લીગલ પેડમાંથી ફાડવામાં આવી હતી. તેમણે આ નોટ પોતાના વકીલોને આપી દીધી, જેથી જો એપસ્ટીન તેમના પર આરોપ લગાવતા રહે.

# ટ્રમ્પે કહ્યું- ઈરાનને પરમાણુ હથિયાર નહીં બનાવવા દઈએ : મેં ત્યાં જે કર્યું, સફળ રહ્યું ; ઈરાની સરકારે 42 હજાર નિર્દોષોને માર્યા

વોશિંગ્ટન ડીસી, તા.02

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કહ્યું છે કે ઈરાનને પરમાણુ શસ્ત્રો નહીં બનાવવા દેવાય. તેમણે કહ્યું, 'જો તમે (દુનિયા) આની સાથે સહમત છો, તો મેં જે કર્યું તે સંપૂર્ણ સફળતા હતી કારણ કે અમારી સેનાએ તેમને સંપૂર્ણપણે નબળા બનાવી દીધા હતા.'

ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ઈરાની સરકારે ત્યાં 42,000 નિર્દોષ વિરોધીઓને મારી નાખ્યા છે. 'તેઓ એક આતંકવાદી જૂથ છે, પરંતુ અમે તેમને સંપૂર્ણપણે નબળા પાડી દીધા છે અને તેમની અર્થવ્યવસ્થા બરબાદ થઈ ગઈ છે.'

અમેરિકા પહેલીવાર ઈરાન સામે હાઈપરસોનિક મિસાઈલોનો ઉપયોગ કરી શકે છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) ના કમાન્ડરે ઈરાન સામે સંભવિત હુમલા માટેના વિકલ્પો વિશે રાષ્ટ્રપતિ ટ્રમ્પને માહિતી આપી છે.

ફોક્સ ન્યૂઝ અનુસાર, એડમિરલ બ્રેડ કૂપરે વ્હાઈટ હાઉસ સિચ્યુએશન રૂમમાં ટ્રમ્પ સાથેની બેઠકમાં આ વિકલ્પો રજૂ કર્યા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે જો ટ્રમ્પ ફરીથી હુમલો કરવાનું નક્કી કરે છે, તો 'નાનો પણ ખૂબ જ શક્તિશાળી હુમલો' થઈ શકે છે.



1. ટ્રમ્પની ધમકી: ટ્રમ્પે ટ્રુથ સોશિયલ એકાઉન્ટ પર પોતાનો ફોટો શેર કરીને કહ્યું, તોફાન આગળ વધી રહ્યું છે. તેને કોઈ રોકી શકશે નહીં.

2. ઈરાનનો જવાબ: સુપ્રીમ લીડર મુજતબા ખામેનેઈએ કહ્યું, અમે હુમલાખોરોને સમુદ્રમાં ડુબાડી દઈશું. ફારસની ખાડીમાં તેમના માટે કોઈ જગ્યા નથી.

3. તેલની કિંમત વધી: ગુરુવારે ક્રૂડ ઓઈલની કિંમત ઝડપથી વધીને લગભગ 126 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગઈ. આ 4 વર્ષમાં સૌથી વધુ હતી. બાદમાં તે ઘટીને 115ની આસપાસ પહોંચી.

4. મુજતબાના સ્વાસ્થ્ય પર સસ્પેન્સ: મુજતબા ખામેનેઈના સ્વાસ્થ્ય અંગે હજુ પણ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. તેઓ અત્યાર સુધી ક્યારેય જાહેરમાં જોવા મળ્યા નથી.

5. અમેરિકી એરક્રાફ્ટ પાછું ફર્યું: દુનિયાનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર યુએસએસ જેરાલ્ડ આર ફોર્ડ હવે 300 દિવસથી વધુની રેકોર્ડ તૈનાતી પછી અમેરિકા પાછું ફરી રહ્યું છે.

**ટ્રમ્પ બોલ્યા- ઈરાન પર હુમલા માટે સંસદીય મંજૂરી જરૂરી નથી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ સંભવિત સૈન્ય કાર્યવાહી અંગે જણાવ્યું છે કે તેમને આ માટે કોંગ્રેસ (સંસદ) પાસેથી પરવાનગી લેવાની જરૂર નથી. તેમણે કહ્યું કે જે લોકો આ મંજૂરીની માંગ કરી રહ્યા છે, તેઓ દેશભક્ત નથી.

ટ્રમ્પે તે કાયદા (વોર પાવર્સ રિઝોલ્યુશન) પર પણ સવાલ ઉઠાવ્યા, જેના હેઠળ રાષ્ટ્રપતિએ સેના મોકલ્યાના 60 દિવસની અંદર કોંગ્રેસ પાસેથી મંજૂરી લેવી પડે છે. તેમનું કહેવું છે કે ભૂતકાળમાં પણ ઘણા રાષ્ટ્રપતિઓ આ નિયમનું પાલન કરતા નહોતા અને ઘણા લોકો આ નિયમને યોગ્ય માનતા નથી.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે ઈરાનને ક્યારેય પરમાણુ હથિયાર બનાવવા દેવામાં આવશે નહીં. આ દરમિયાન ટ્રમ્પે સ્પેન અને ઈટાલી જેવા દેશો સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેમનું કહેવું છે કે આ દેશો ઈરાન વિરુદ્ધની કાર્યવાહીમાં અમેરિકાને પૂરો સાથ આપી રહ્યા નથી.

તેમણે વધુમાં જણાવ્યું કે જો કોઈ એવું વિચારતું હોય કે ઈરાન પાસે પરમાણુ હથિયાર હોવા જોઈએ તે ઠીક છે, તો આ વિચાર ખૂબ જ ખતરનાક છે. ટ્રમ્પના મતે, જો ઈરાન પાસે પરમાણુ હથિયાર આવી જશે, તો વિશ્વએ બહુ મોટી સમસ્યાનો સામનો કરવો પડશે.

**ઈરાનના નવા પ્રસ્તાવ પર ટ્રમ્પ સરકારનો નિવેદન આપવાનો ઈનકાર**

ટ્રમ્પ સરકારે ઈરાન તરફથી મોકલવામાં આવેલા નવા પ્રસ્તાવ પર જવાબ આપ્યો નથી. જ્યારે વ્હાઈટ હાઉસને પૂછવામાં આવ્યું કે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા ઈરાનના નવા પ્રસ્તાવ પર શું કહેવું છે, ત્યારે વ્હાઈટ હાઉસે કહ્યું કે તેઓ ખાનગી રાજદ્વારી વાટાઘાટો પર નિવેદન કરતા નથી.

**અમેરિકી સાંસદે કહ્યું, યુદ્ધ દરમિયાન ટ્રમ્પ અને તેમના મિત્રો વધુ ધનવાન બની રહ્યા છે**

ડેમોક્રેટિક સાંસદ ટેડ લીયુએ કહ્યું કે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને કારણે અમેરિકામાં ગેસોલિનના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, અને સામાન્ય લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.

તેમણે ટ્વિટર પર લખ્યું કે અમેરિકન લોકો ભારે દબાણ હેઠળ છે જ્યારે ટ્રમ્પ અને તેમના અબજોપતિ મિત્રો વધુ ધનવાન બની રહ્યા છે.

રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું છે કે યુદ્ધ પૂરું થતાં જ ઊર્જાના ભાવ (તેલ અને ગેસના ભાવ) ઉછળેલા પથ્થરની જેમ નીચે આવી જશે.

**અમેરિકાની ચેતવણી- ઈરાનને કોઈપણ ચુકવણી કરી તો સેંક્શનનો ખતરો**

અમેરિકી ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ચેતવણી આપી છે કે જે શિપિંગ કંપનીઓ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા સુરક્ષિત માર્ગ માટે ઈરાનને ચૂકવણી કરે છે, ભલે ચુકવણી ચેરિટીના નામે કરવામાં આવે, તેમને પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે.

# ટ્રમ્પે યુરોપિયન યુનિયનની કાર-ટ્રકો પર 25% ટેરિફ લગાવ્યો : કહ્યું- વેપાર કરારનું પાલન નથી કરી રહ્યા, છૂટ જોઈએ તો અમેરિકામાં મેન્યુફેક્ચરિંગ કરો

નવી દિલ્હી, તા.02

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે આવતા અઠવાડિયાથી યુરોપિયન યુનિયન (EU)માંથી આવતી કારો અને ટ્રકો પર ટેરિફ વધારીને 25% કરવામાં આવશે. ટ્રમ્પનું કહેવું છે કે યુરોપિયન યુનિયન પહેલાથી નક્કી થયેલા વેપાર કરારનું પાલન કરી રહ્યું નથી, તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે એમ પણ કહ્યું કે જો યુરોપિયન કંપનીઓ અમેરિકામાં જ કાર અને ટ્રક બનાવશે, તો તેમના પર કોઈ ટેક્સ લગાવવામાં આવશે નહીં. ટ્રમ્પ અનુસાર, આ સમયે અમેરિકામાં ઘણી નવી ઓટોમોબાઈલ અને ટ્રક ફેક્ટરીઓ બની રહી છે, જેમાં 100 બિલિયન ડોલરથી વધુનું રોકાણ થઈ રહ્યું છે.

તેમણે દાવો કર્યો કે અમેરિકામાં આ પ્રકારનું રોકાણ અને વિકાસ પહેલા ક્યારેય જોવા મળ્યો નથી. આ ફેક્ટરીઓમાં અમેરિકન લોકોને રોજગાર મળશે.

**ગયા વર્ષે ટ્રમ્પ અને EU વચ્ચે સમજૂતી થઈ હતી**

આ વેપાર સમજૂતી ગયા વર્ષે જુલાઈમાં ટ્રમ્પ અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન વચ્ચે થઈ હતી. આ સમજૂતીને 'ટર્નબેરી એગ્રીમેન્ટ' કહેવામાં આવે છે, જેનું નામ સ્કોટલેન્ડમાં ટ્રમ્પના ગોલ્ફ કોર્સના નામ પરથી રાખવામાં આવ્યું છે.

આ કરારનો હેતુ અમેરિકા અને EU વચ્ચે વધતા વ્યાપારી તણાવને ઘટાડવાનો હતો. આ ડીલ હેઠળ બંને પક્ષોએ પરસ્પર વેપારને સંતુલિત કરવા અને ટેરિફ વિવાદને ઘટાડવા પર સહમતિ દર્શાવી હતી.

**અમેરિકાએ EUમાંથી આવતી વસ્તુઓ પર 15% ટેરિફ લગાવ્યો હતો**

કરાર મુજબ, EUમાંથી અમેરિકા આવતી મોટાભાગની વસ્તુઓ પર 15% ટેરિફ નક્કી કરવામાં આવ્યો હતો. આ એક મોટો નિર્ણય માનવામાં આવ્યો હતો કારણ કે આ પહેલા ટ્રમ્પ પ્રશાસન 30% સુધી ટેરિફ લગાવવાની ચેતવણી આપી ચૂક્યું હતું.



તેના બદલામાં યુરોપિયન યુનિયને અમેરિકામાં રોકાણ વધારવા અને કેટલીક આર્થિક નીતિઓમાં ફેરફાર કરવાનું વચન આપ્યું હતું, જેથી અમેરિકી નિકાસને પ્રોત્સાહન મળી શકે.

જોકે શરૂઆતમાં આ ડીલને રાહત તરીકે જોવામાં આવી હતી, પરંતુ બાદમાં ઘણા મુદ્દાઓ પર મતભેદ સામે આવ્યા હતા. સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના ટેરિફને લઈને અમેરિકા અને યુરોપ વચ્ચે વિવાદ વધી ગયો હતો, જેમાં જર્મની અને ફ્રાન્સ જેવા દેશોએ અમેરિકી પ્રસ્તાવોનો વિરોધ કર્યો હતો.

આ ઉપરાંત, આ વર્ષે અમેરિકાની સુપ્રીમ કોર્ટે નિર્ણય આપ્યો કે રાષ્ટ્રપતિને આર્થિક કટોકટી જાહેર કરીને EUના સામાન પર ટેરિફ લગાવવાનો અધિકાર નથી. આ પછી ટેરિફની મર્યાદા કેટલાક કિસ્સાઓમાં ઘટાડીને 10% કરી દેવામાં આવી હતી.

**જર્મની અને ફ્રાન્સને મોટું નુકસાન થઈ શકે છે ટ્રમ્પના આ નિર્ણયથી**

યુરોપ, ખાસ કરીને જર્મની અને ફ્રાન્સ જેવા દેશોની અર્થવ્યવસ્થામાં ઓટોમોબાઈલ સેક્ટરને મોટું નુકસાન ભોગવવું પડી શકે છે.

ટેરિફ વધવાથી યુરોપિયન ગાડીઓ અમેરિકી બજારમાં મોંઘી થઈ જશે, જેનાથી તેમની માગ ઘટી શકે છે. તેની સીધી અસર કંપનીઓના નફા અને ઉત્પાદન પર પડશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો નિકાસ ઘટશે તો યુરોપિયન કંપનીઓ ઉત્પાદન ઘટાડી શકે છે, જેનાથી નોકરીઓ પર અસર પડી શકે છે. આ ઉપરાંત, નિકાસમાં ઘટાડાથી યુરોપની આર્થિક વૃદ્ધિ પણ ધીમી પડી શકે છે.

**અમેરિકામાં પણ મોંઘવારી વધી શકે છે આ નિર્ણયની અસર**

અમેરિકા પર પણ પડશે. યુરોપિયન કાર મોંઘી થવાથી અમેરિકી ગ્રાહકોને વધુ કિંમત ચૂકવવી પડશે. સાથે જ બજારમાં વિકલ્પો પણ મર્યાદિત થઈ શકે છે. આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે યુરોપિયન યુનિયન વળતો પ્રહાર કરી શકે છે અને અમેરિકી ઉત્પાદનો પર ટેરિફ વધારી શકે છે. જો આવું થાય છે, તો આ વિવાદ એક મોટા 'ટ્રેડ વોર'નું રૂપ લઈ શકે છે, જેનાથી બંને પક્ષોને નુકસાન થશે.

# તાલિબાને ગર્ભનિરોધક ગોળીઓ પર પ્રતિબંધ મૂક્યો: ચેતવણી આપીને દવાઓ નષ્ટ કરી.....

કાબુલ, તા.02

અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારે મહિલાઓ માટે ગર્ભનિરોધક ગોળીઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. તાલિબાની ડોક્ટરોને ધમકી આપે છે કે જો દવા આપી તો ક્લિનિક બંધ કરાવી દેશે. દેશભરમાં ક્લિનિક્સ પણ બંધ થઈ રહ્યા છે. મહિલાઓને ગર્ભધારણ કે ગર્ભપાતની સારવાર મળી રહી નથી. બદગીસ પ્રાંતની એક ખાનગી ક્લિનિકમાં ચેતવણી આપતા તમામ દવાઓ નષ્ટ કરી દેવામાં આવી. જવજ્જાન પ્રાંતમાં 30 વર્ષથી ક્લિનિક ચલાવી રહેલા એક ડોક્ટર કહે છે કે, તાલિબાન સત્તામાં આવ્યા પછી ગર્ભનિરોધક ગોળીઓ ઝડપથી ખતમ થઈ રહી છે. અહીં 70માંથી 30 મહિલાઓને તેની જરૂર પડતી હતી, હવે અમે કહી દઈએ છીએ કે અમારી પાસે કંઈ નથી. કંધાર પ્રાંત સહિત ઘણી જગ્યાએ સીધા પુરુષ ડોક્ટરો પાસેથી સારવાર લેવા પર સખ્તાઈ છે. ઉંમર 36 વર્ષ, 9 બાળકો: 36 વર્ષની પરવાના હવે પોતાના બાળકોને ઓળખી પણ શકતી નથી. કંધારના ગામમાં પોતાની માતાના ઘરે બેઠેલી, તે ચૂપચાપ હલતી રહે છે. નવ વાર ગર્ભવતી અને છ વાર ગર્ભપાત થઈ ચૂક્યો છે. પતિ અને સાસરિયાંના દબાણમાં પરવાના માનસિક અને શારીરિક રીતે તૂટી ગઈ છે. ઉંમર 42 વર્ષ, 12 બાળકો: કંધારની 42 વર્ષની શકીબા. 12 બાળકોની માતા છે. તેઓ જણાવે છે કે હવે તેમને ઊભા થવું પણ મુશ્કેલ બને છે. હાડકાંમાં દુખાવો રહે છે. પતિ કોઈપણ ગર્ભનિરોધક લેવાની સ્પષ્ટ ના પાડી દે છે. 29 વર્ષની ઉંમરે જ હાલત બદતર : 29 વર્ષની ઝરઘોના ભૂકંપ પછી તંબુમાં રહેવા લાગી હતી. સતત ત્રણ દિવસ શૌચાલય જઈ શકી નહીં. તેમને આંતરડાની સમસ્યા થઈ. ડોકટરોએ ચેતવણી આપી કે હવે જો ગર્ભવતી થઈ, તો જીવ જઈ શકે છે. પરંતુ એક વર્ષ પછી ફરી ગર્ભ રહી ગયો. બાળકને જન્મ આપ્યો. જીવ તો બચી ગયો, પરંતુ હવે રક્તસ્ત્રાવથી પીડાઈ રહી છે. સંયુક્ત રાષ્ટ્ર અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર, ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય ફંડિંગ ઘટવાને કારણે 440થી વધુ હોસ્પિટલો અને ક્લિનિક્સ બંધ થઈ ગયા. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ ઘણા કલાકો ચાલીને ક્લિનિક સુધી પહોંચે છે.



## તંત્રી લેખ

# 'ટ્રમ્પના આમંત્રણને ન્યુઝીલેન્ડે પણ ફગાવ્યું

ન્યુઝીલેન્ડે ડોનાલ્ડ ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'માં જોડાવાનો ઈન્કાર કર્યો છે. ન્યુઝીલેન્ડના વિદેશ મંત્રીએ અમેરિકાના પ્રમુખના પ્રશ્નો બાબતે સ્પષ્ટતા માંગી છે. ટ્રમ્પનું કહેવું છે કે એમનો ઈરાદો ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કાયમી કરવાનો છે. આ પહેલા ટ્રમ્પે કેનેડાને પણ આ જ પ્રકારનું આમંત્રણ આપ્યું હતું પછી પાછું ખેંચી લીધું હતું. કારણ એ હતું કે દાવોસમાં કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ નવા વર્લ્ડ ઓર્ડર બાબતે ભાષણ આપ્યું હતું. બોર્ડ ઓફ પીસનું પ્રમુખપદ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે છે. શરૂઆતમાં એમની ઈચ્છા ગાઝાના ભવિષ્ય માટે દેખરેખ રાખવા વૈશ્વિક નેતાઓને ભેગા કરવાની હતી. ટ્રમ્પની મહત્વકાંક્ષા એટલી વધી ગઈ કે દુનિયાના વિવિધ સંઘર્ષોમાં પોતે મોટા ભાઈ બનવા માંગે છે. યુએનની ભૂમિકાને ટ્રમ્પ પણ સાઈડ ટ્રેક કરવા માંગે છે. આ કારણે ઘણા દેશો સતર્ક થઈ ગયા છે.

અજીત પવારના થયેલા આકસ્મિક મૃત્યુ પછી એનસીપીને સ્થિર થતા સમય લાગશે. છેલ્લા કેટલાક વર્ષોમાં મહારાષ્ટ્રના રાજકારણમાં ઘણી ઉથલ પાથલ થઈ હતી. મહાયુતિએ અજીત પવારના પત્ની સુનેત્રા પવારને ઉપમુખ્યમંત્રી બનાવીને પરિસ્થિતિ સામાન્ય કરવાની કોશિષ કરી છે. જોકે રાજકીય નિરીક્ષકો સવાલ કરી રહ્યા છે કે સુનેત્રા પવાર આ મોટી જવાબદારી કઈ રીતે સંભાળી શકશે. મહારાષ્ટ્રએ અત્યાર સુધીમાં સુનેત્રા પવારની કામગીરીનો અનુભવ જોયો નથી. સુનેત્રા કદી રાજકીય ક્ષેત્રે સક્રિય રહ્યા નથી. તેઓ બારામતીથી સુપ્રિયા સુલે સામે લોકસભાની ચૂંટણી લડયા હતા અને ત્યાર પછી ચૂંટાઈને રાજ્ય સભામાં ગયા હતા. મહારાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ પ્રવાહી છે. સુનેત્રા પાસે કોઈ અનુભવી સલાહકાર પણ નથી. એમના પર અચાનક જવાબદારી આવી ગઈ છે. આઘાતમાંથી બહાર આવવાનો સમય પણ એમને મળ્યો નથી.

દેશમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણદીપ જયસ્વાલએ એપસ્ટીન ફાઈલ્સના એક ઈમેલ મેસેજમાં વડાપ્રધાન મોદી અને જેફ્રી એપસ્ટિનની મીટીંગ બાબતે કરવામાં આવેલા દાવાને નકારી કાઢયો છે. જેફ્રી એપસ્ટિન સામે યૌન શોષણ અને બાળાઓની દાણચોરીનો આરોપ હતો. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, એપસ્ટિન સાથે જોડાએલી ફાઈલ્સમાં વડાપ્રધાનનું નામ પણ છે. કોંગ્રેસના નેતા પવન ખેડાએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, 'આ રાષ્ટ્રીય શરમનો વિષય છે. પીએમ મોદી અમારા ત્રણ સવાલોનો સામે આવીને જવાબ આપે.' જોકે વિદેશ મંત્રાલયના કહેવા પ્રમાણે ૨૦૧૭ના જુલાઈ મહિનામાં વડાપ્રધાનની ઈઝરાઈલ મુલાકાત સિવાય ઈમેલમાં કહેવામાં આવેલી બાકીની વાતો બકવાસ છે. જોકે રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે રાજાએ શંકાથી પર હોવું જોઈએ. એપસ્ટિનના ઈમેલ વિશે વિદેશ મંત્રાલયનો ખુલાસો પુરતો નથી.

એનસીપી (શરદ પવાર)ના નેતા જયંત પાટીલએ ધડાકો કર્યો છે કે, એનસીપી (અજીત પવાર) સાથે વિલિનીકરણ માટે ૧૦ મીટીંગો થઈ હતી. આ તમામ મીટીંગોની ખબર શરદ પવારને આપવામાં આવી હતી. સુનેત્રા પવારની સોગંદવિધિ અને રાજ ઠાકરેના નિવેદનો બાબતે તેઓ ચૂપ રહ્યા હતા. પાટીલના કહેવા પ્રમાણે બંને એનસીપી વચ્ચે ગયા વર્ષના માર્ચ મહિનાથી સતત વાતચીત ચાલી રહી હતી. બેઠકોની આગેવાની ખૂદ જયંત પાટીલે કરી હતી. આ બાબતની જાણકારી શરદ પવારને પહેલા જ આપવામાં આવી હતી. જિલ્લા પરિષદની ચૂંટણી પછી ૧૨મી ફેબ્રુઆરીએ બંને એનસીપીનું વિલિનીકરણ થવાનું હતું. સુનેત્રા પવારને ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવ્યા એ બાબતે જયંત પાટીલનું કહેવું છે કે એ નિર્ણય એમના પક્ષનો આંતરીક છે. પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે મળીને આ નિર્ણય લીધો છે એટલે એના પર ટીપ્પણી કરવી યોગ્ય નથી.

**આ મિનરલ્સ આજકાલ મોબાઈલ ફોન, એલઈડી લાઈટ, હાઈબ્રિડ ગાડીઓ અને ક્રુડ પ્રોસેસિંગમાં, ન્યૂક્લિયર પાવર અને પવન ચક્કીઓ તથા ઈલેક્ટ્રિક ગાડીઓ અને સેટેલાઈટ્સ માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે : સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સનો ભંડાર અંદાજે ૧૩૦ મિલિયન ટન છે. તેમાં સૌથી વધારે ૪૪ મિલિયન ટન મિનરલ્સ ચીન પાસે છે. ત્યારબાદ વિયેતનામ, બ્રાઝિલ અને રશિયા પાસે ૧૬-૧૬-૧૬ ટકા જેટલો ભંડાર છે**

# ફ્યુચર ટેક્નોલોજી માટે પૂર્વ તૈયારીઓનું આયોજન

## ચાર રાજ્યોની સર્કિટ બનાવીને માઈનિંગ, પ્રોસેસિંગ, રિસર્ચ, મેન્યુફેક્ચરિંગ બાદ અવિરત સપ્લાય ચેઈન ડેવલપ કરવાનો પ્લાન

નાણા મંત્રી નિર્મલા સીતારામન દ્વારા જારી કરાયેલા બજેટમાં રેર અર્થ મિનરલ્સ મેળવવા માટેની દિશામાં કામ કરવાને પ્રાધાન્ય અપાયું હતું. નાણામંત્રી દેશમાં રેર અર્થ કોરિડોર સ્થાપવાની અને વિકસાવવાની જાહેરાત કરી હતી. ભારતના ખનિજોથી સમૃદ્ધ ચાર રાજ્યોને જોડીને રેર અર્થ કોરિડોર તૈયાર કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ને ઓરેન્જ બજેટ અથવા તો ઓરેન્જ ઈકોનોમી તરફ લઈ જવાની કેન્દ્ર સરકારની તૈયારીઓ દેખાઈ રહી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રિક ડિવાઈસિસ અને સાધનો તથા સંશાધનોના વપરાશ ઉપર ભાર મુકવા અને તેના માટે જરૂરી સેમીકન્ડક્ટર અને ચીપ બનાવવા માટે રેર અર્થ મિનરલ્સ જરૂરી છે. તેને પ્રાપ્ત કરવાની ખેવના સાથે જ ભારત દ્વારા આ દિશામાં આયોજન કરવામાં આવ્યું હોવાની ચર્ચા છે.

જાણકારો માને છે કે, આ જાહેરાત માત્ર બજેટ પૂરતી જ કરાઈ છે તેવું નથી. સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સ અને મેટલ્સ માટે હાલમાં પડાપડી થઈ રહી છે. તેની ડિમાન્ડ અત્યંત વધારે છે અને તેનો સપ્લાય ઓછો છે. દુનિયાના મોટાભાગના રેર અર્થ મિનરલ્સ ઉપર ચીન દ્વારા કબજો કરી લેવાયો છે. તેનો સપ્લાય તેણે ઘટાડીને વિશ્વમાં કૃત્રિમ અછત ઊભી કરી છે. ભારતમાં ઘણા રાજ્યો છે જ્યાં રેર અર્થ મિનરલ્સ છે. તેમાંથી સમયાંતરે ખાણકામ કરીને આ જથ્થો કાઢીને ભારત ચીન સહિતના વૈશ્વિક દેશો ઉપર પોતાના નિર્ભરતા ઘટાડી શકે છે. આ દિશામાં પણ આત્મનિર્ભરતા તરફ આગળ વધી શકે છે. ૨૧મી સદીના ઈન્ડસ્ટ્રીયલ પાવર ગણાતા તથા ફ્યુચર ટેક્નોલોજીની માટે પાયાની વસ્તુ ગણાતા આ રેર અર્થ મિનરલ્સને મેળવવા અને તેનો સપ્લાય નિરંતર ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવી ખૂબ જ જરૂરી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈ ગેજેટ્સ અને ટેક્નોલોજી તરફ આગળ વધવું હશે તો તેની ચીપ્સ અને અન્ય પાર્ટ્સ માટે આ મિનરલ્સની ખાસ જરૂર પડશે અને તેને અત્યારથી જ સંગ્રહિત કરવા આ કોરિડોરની રચના કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, બજેટ દરમિયાન નિર્મલા સીતારામને જણાવ્યું કે, સરકારની યોજનાઓની સાર્થકતા માટે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડવાની એક રેર અર્થ કોરિડોર બનાવવામાં આવશે. આ ચારેય રાજ્યો હાલમાં પણ પોતાના ખાણ-ખનીજના જથ્થા માટે અને ખાસ કરીને કોસ્ટલ માઈન્સ અને મિનરલ્સ બેલ્ટ તરીકે જાણીતા છે. આ ચારેય રાજ્યો સંયુક્ત રીતે એકબીજા સાથે જોડાઈને રેર અર્થ એલિમેન્ટ માટે મોટું માળખું બની શકે છે. સરકાર પણ તેમને જોડીને આ કોરિડોર વિકસાવવાનું આયોજન કરશે. મહત્ત્વની વાત એ છે કે, સરકાર દ્વારા ગત વર્ષે જ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટ માટે યોજના લાગુ કરી દેવાઈ હતી. તે સિવાયના રેર અર્થ મિનરલ્સ માટે આયોજનો કરવામાં આવી રહ્યા હતા. હવે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડીને રેર અર્થ કોરિડોર વિકસાવાશે. તેમાં માઈનિંગ ઉપરાંત પ્રોસેસિંગ, રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ કોરિડોર બનવાનો છે તે ચાર રાજ્યોમાંથી તમિલનાડુ અને કેરળમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણીઓ પણ યોજાવાની છે. તેના પગલે રાજકીય પ્લેટફોર્મ પણ તૈયાર કરવામાં આવ્યું હોય તેવી ચર્ચાએ વેગ પકડયો છે. આ કોરિડોરનો મુખ્ય આશય માત્ર ટ્રાન્સપોર્ટેશન નહીં પણ રેર અર્થ મિનરલ્સનું માઈનિંગ કર્યા બાદ તેનું પ્રોસેસિંગ કરવું, રિસર્ચ સંસ્થાઓ સુધી પહોંચાડવું અને મેન્યુફેક્ચરિંગ યુનિટ સાથે પણ તેનું જોડાણ કરવું જેવી બાબતોનું ધ્યાન




રાખવામાં આવશે. જાણકારોના મતે આ કોરિડોર દ્વારા ખનનથી શરૂ કરીને મેન્યુફેક્ચરિંગ સુધી સંશાધનોના લોજિસ્ટિકમાં જે વિલંબ થાય છે તેમાં ઘટાડો થશે અને સ્થાનિક ધોરણે ઉત્પાદન વધશે અને આત્મનિર્ભરતા કેળવાશે. આ ચારેય રાજ્યો એવા છે જ્યાં માત્ર રેર અર્થ મિનલ્સ છે તેવું નથી. આ રાજ્યોમાં સારામાં સારા પોર્ટ્સ છે, ઈન્ડસ્ટ્રીયલ ઝોન છે અને ખાસ કરીને ઉદ્યોગોને સપોર્ટ કરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. સ્થાનિક સરકારો અને કેન્દ્ર સરકાર વચ્ચે તાલમેલ સાધીને રેર અર્થ મિનરલ્સ સેક્ટરમાં ઈકોસિસ્ટમ તૈયાર કરવાની કવાયત છે. જેથી આ એક્ટિવિટી માત્ર માઈનિંગ નહીં પણ એક હાઈવેલ્યુ બિઝનેસ મોડયુલ તરીકે ડેવલપ થાય.

ઉલ્લેખનીય છે કે, રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજો હકીકતે ૧૭ પ્રકારની છે. આ એવી ધાતુઓ છે જે દેખાવમાં ખૂબ જ સામાન્ય છે પણ તેની અંદર એવા વિશેષ ગુણ છે જેના કારણે તેની ડિમાન્ડ ખૂબ જ છે. તેના દ્વારા વીજળી ઉત્પન્ન થઈ શકે છે, તેમાંથી વીજળી પસાર થઈ શકે છે અને તે મેગ્નેટની જેમ કેમ કરે છે. કેટલીક ધાતુને પરમેનન્ટ મેગ્નેટ પણ કહેવાય છે. બીજી મહત્ત્વની વાત એ છે કે, તેને અન્ય ધાતુમાં ભેગી કરવામાં આવે ત્યારે અન્ય ધાતુઓ વધારે મજબૂત થઈ જાય છે. દુનિયાના ઘણા દેશોમાં આ મિનરલ્સ મળે છે પણ તેનું પ્રમાણ વત્તુ-ઓછું હોય છે. સૌથી મોટી સમસ્યા એ છે કે, આ મિનરલ્સની સાથે યુરેનિયમ, થોરિયમ જેવા રેડિયોએક્ટિવ પદાર્થો પણ ચોંટેલા હોય છે. તેના કારણે તેને દૂર કરવા અને બંનેને અલગ પાડવા ખૂબ જ જોખમી અને મુશ્કેલ કામ છે. લાંબી ખનન પ્રક્રિયા બાદ ખૂબ જ ઓછી માત્રામાં શુદ્ધ મિનરલ્સ મળતા હોય છે. આ ખનન દરમિયાન રેડિયોએક્ટિવ વોટર, ઝેરી ગેસ, એસિડ અને બીજા ઘણા પદાર્થ નિકળે છે જે પર્યાવરણ અને માણસો માટે અત્યંત જોખમી અને જીવલેણ હોય છે.

આ રેર અર્થ એલિમેન્ટ્સ કે મિનરલ્સ જે પણ કહીએ તેનો ઉપયોગ એકાએક અને ખૂબ જ વધી ગયો છે. આ મિનરલ્સ આજકાલ મોબાઈલ ફોન, એલઈડી લાઈટ, હાઈબ્રિડ ગાડીઓ અને ક્રૂડ પ્રોસેસિંગમાં, ન્યૂક્લિયર પાવર અને પવન ચક્કીઓ તથા ઈલેક્ટ્રિક ગાડીઓ અને સેટેલાઈટ્સ માટે પણ ઉપયોગમાં લેવામાં આવી છે. આ ઉપરાંત ઘણા ઉદ્યોગોમાં મશિનો માટે તથા દવાઓ બનાવવા પણ તેનો ઉપયોગ થાય છે. હાલમાં સ્થિતિ એવી થઈ ગઈ છે કે, માણસોનું જીવન આગળ વધવું આ ધાતુઓ વગર શક્ય જ નથી તેમ બની ગયું છે. આપણને ખબર નથી પણ આપણે આજે જે વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તેમાં આ રેર અર્થ મિનરલ્સ રહેલા છે. જાણવા જેવું એ છે કે, સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સનો ભંડાર અંદાજે ૧૩૦ મિલિયન ટન છે. તેમાં સૌથી વધારે ૪૪ મિલિયન ટન મિનરલ્સ ચીન પાસે છે.

એટલે દુનિયાનું ત્રીજા ભાગનું રેર અર્થ મિનરલ્સ ચીન પાસે છે. ત્યારબાદ વિયેતનામ, બ્રાઝિલ અને રશિયા પાસે ઘણો મોટો ભાગ છે. દરેક પાસે અંદાજે ૧૬ ટકા ભંડાર છે. ભારત પાસે માત્ર ૫ ટકા રેર અર્થ મિનરલ્સ છે. ભારત પાસે ૬.૯ મિલિયન ટન રેર અર્થ મિનરલ્સ છે. આ રેર અર્થ મિનરલ્સ કાઢવાની વાત આવે તો ચીન દુનિયામાં મોખરે છે. તે દર વર્ષે ૩.૪૮ લાખ ટન રેર અર્થ મિનરલ્સ ખનન અને પ્રોસેસિંગ કરીને કાઢે છે. ચીનને બાદ કરતા મ્યાંમાર, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, રશિયા, ભારત, વિયેતનામ અને મલેશિયા જેવા દેશો રેર અર્થ મિનરલ્સ કાઢવામાં વ્યસ્ત છે. ચીન કરતા આ દેશો ક્યાંય પાછળ છે.

૧૯૮૦ના દાયકાથી શરૂ કરીને ૧૯૯૦ અને ૨૦૦૦ અને ૨૦૧૦ના દાયકામાં ચીને રેર અર્થ મિનરલ્સમાં ખૂબ જ કામ કર્યું. ચીને ખૂબ જ ગણતરી પૂર્વક રેર અર્થ માઈનિંગ અને રિફાઈનિંગ કામગીરીને ઉદ્યોગ અને રણનીતિ બનાવવામાં આવી હતી. તેમાં સબસિડી, સસ્તા વ્યાજદરની લોન, પર્યાવરણના નિયમોમાં છૂટછાટ જેવી પોલિસી અપનાવી અને પશ્ચિમી દેશોને પછાડવા સજ્જ થવા લાગ્યો. આવા રેર અર્થ મિનરલ્સ માટેના કડક પર્યાવરણ સુરક્ષા નિયમોને પણ તેણે નેવે મૂકી દીધા. બીજી તરફ સ્થિતિ એવી થઈ કે, ૨૦૦૦ના દાયકા દરમિયાન ઘણા દેશો ચીન સાથેની સ્પર્ધામાંથી બહાર થઈ ગયા.

બીજી તરફ ચીને તેને બમણા વેગે શરૂ કરી દીધું. ચીને પોતાના મોટાભાગના માઈન્સ અને મિનરલ્સના વિસ્તારોને મેગ્નેટ, મિનરલ્સ અને ધાતુઓના ઉત્પાદનનું કેન્દ્ર બનાવી દીધા.

તેણે એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું કે રેર અર્થ મિનરલ્સ હોય કે તેની સાથે જોડાયેલી ધાતુ હોય કે તેના દ્વારા બનતી સામગ્રી હોય તે તમામનું ઉત્પાદન ચીનમાં જ થાય અને દુનિયાભરના દેશો તેની પાસેથી જ ખરીદે.

આ સ્થિતિ વધવા લાગી અને કોમ્પિટિશન વધવા લાગી ત્યારે તેણે રેર અર્થ મિનરલ્સ ઉપર પ્રતિબંધ મુકવાનું શરૂ કરી દીધી અને દુનિયા ઘુંટણીયે પડવા લાગી.

રેર અર્થ મિનરલ્સમાં ચીન ભલે પોતાના ઈજારાશાહી બતાવતો હોય કે, દુનિયાને દબાવવાનો પ્રયાસ કરતો હોય પણ બીજા દેશો દ્વારા આ દિશામાં મહત્ત્વનું કામ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયા અને ભારતે તેના માટે સક્રિય પ્રયાસ શરૂ કરી દીધા છે. જાણકારોના મતે ભારત પાસે દુનિયાનું અંદાજે છ ટકા જેટલું એટલે કે અંદાજે ૭ મિલિયન ટન રેર અર્થ મિનરલ્સ છે. ભારતે નેશનલ ક્રિટિકલ મિનરલ્સ મિશન ૨૦૨૫ના નામે એક અભિયાન શરૂ કરી દીધું છે. તેના પગલે ભારત રેર અર્થ મિનરલ્સ મુદ્દે આત્મનિર્ભર થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. સૂત્રોના મતે ભારતે આ દિશામાં કામ કરવા માટે અંદાજે ૩૪,૦૦૦ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કર્યું છે. તેમાં એક્સપ્લોરેશન, માઈનિંગ, પ્રોસેસિંગ વગેરે કરવામાં આવશે. ભારતમાં ઓડિશા, કેરળ, તમિલાનાડુ, આંધ્ર પ્રદેશ અને ગુજરાતમાં રેર અર્થ મિનરલ્સ શોધવા માટે કામગીરી કરવાના પ્રોજેક્ટ્સ ચાલુ કરવામાં આવ્યા છે. ભારતે અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા, મોંગોલિયા જેવા દેશો સાથે મિનરલ્સ સિક્યોરિટી પાર્ટનરશિપ પણ કરી છે. જાણકારો માને છે કે, ભારત જે રીતે રેરઅર્થ મિનરલ્સ માટે કામ કરી રહ્યું છે તે જોતાં ભારત એક દાયકામાં આ ક્ષેત્રે ગેમ ચેન્જર સાબિત થવાની સાથે સાથે આત્મનિર્ભર પણ બની જશે.

# AI ટેકનોલોજીની આવક 280 અબજ ડોલરને વટાવશે

**એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે**

**એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે**

**એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે**

વર્તમાન વર્ષમાં દેશમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજી ક્ષેત્રની આવક ૨૮૦ અબજ ડોલરને પાર કરી જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. આટલા જંગી વેપાર કદ સાથે વિશ્વમાં ભારત એઆઈ મથક બનવા તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં ટેકનોલોજી તથા એઆઈ ક્ષેત્ર સાથે ૬૦ લાખ જેટલા લોકો સંકળાયેલા છે એટલુ જ નહીં ભારત ૧૮૦૦ જેટલા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી) ધરાવે છે. જો કે એઆઈના સ્થિર વિકાસ માટે ચીપ્સ, ડીસ્ક જેવા સ્ટોરેજ માળખા, વીજ તથા પાણીની ઉપલબ્ધતા, ટેકનોલોજીના જાણકાર કર્મચારીબળ વગેરે પ્રાથમિક આવશ્યકતા રહેલી છે. ડેટાના સ્ટોરેજ માટે પરવડી શકે તેવી અને ટકાઉ હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ઉપલબ્ધતા જરૂરી છે જે એઆઈના રાષ્ટ્રીય સ્તર સુધી ઉપયોગનો માર્ગ મોકળો કરી શકે છે, એમ એઆઈ ક્ષેત્રના આગેવાને મત વ્યકત કરતા જણાવ્યું હતું. માત્ર ગ્રાફિક પ્રોસેસિંગ યુનિટસ જ નહીં પરંતુ વ્યાપક સ્ટોરેજ ક્ષમતા પણ એઆઈ ટેકનોલોજીના વપરાશ માટે પ્રથમ આવશ્યકતાઓમાંની એક છે.

એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે. ઉપલબ્ધ ડેટાના સલામત વપરાશ માટે સ્ટોરેજ ક્ષમતા એટલે કે હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ભૂમિકા મહત્વની બની રહે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૯માં ડેટા જનરેશનનું વાર્ષિક વોલ્યુમ બમણાથી વધુ થઈને ૫૨૭.૫૦ ઝેટ્ટાબાયટ્સ પહોંચવા ધારણાં છે જે માટે મજબૂત અને વિશ્વસ્નિય સ્ટોરેજ વ્યવસ્થા જરૂરી બની રહેશે. ભારતના ઈલેકટ્રોનિકસ તથા ઈનફરમેશન ટેકનોલોજી મંત્રાલયના અંદાજ પ્રમાણે દેશમાં એઆઈનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેને જોતા ૧૦૦૦૦૦ જીપીયુની આવશ્યકતા ઊભી થશે પરંતુ કોમ્પ્યુટિંગ શક્તિ ત્યારે જ મજબૂત બની રહેશે જ્યારે તેમાં સ્ટોરેજ ક્ષમતા પણ જોરદાર હશે. વિશાળ એઆઈ તાલીમ ડેટા સેટસ, કૃત્રિમ ડેટા તથા અનુમાનિત પરિણામ મેળવવા આવશ્યક સ્તરની ક્ષમતા તથા કામગીરી પ્રદાન કરવા એચડીડી કાર્યક્ષમ હોય છે, માટે જ એઆઈના વર્તમાન યુગમાં તે અનિવાર્ય બની રહી છે. વિશ્વભરમાં ડેટા સેન્ટર્સનો જે ઝડપથી વધારો થઈ રહ્યો છે તેટલી જ તેની લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા સામે પણ આશંકાઓ સેવાઈ રહી છે. કારણ કે જંગી ડેટા સેન્ટરો માટે વ્યાપક માત્રામાં વીજળી અને પાણીની આવશ્યકતા રહે છે. આ સેન્ટરોને કુલિંગ માટે વર્ષેદહાડે અબજો લિટર પાણીની જરૂરત રહે છે. ડેટા સેન્ટરની વીજ માગ આગામી પાંચ વર્ષમાં વીજની એકંદર વૈશ્વિક માગના ૩-૪ ટકા પહોંચી જશે જે ૨૦૨૩માં ૧-૨ ટકા હતી.

જાણકારોની વાત માનીએ તો એઆઈ ટેકનોલોજી જ્યાં વીજની જંગી માગ રહે છે ત્યાં કાર્યક્ષમ એચડીડી વીજના વપરાશમાં બચત કરાવે છે જેથી કંપનીઓ જ્યાં ઊંચો




વીજ વપરાશ એક ચિંતાની બાબત હોય છે ત્યાં તેમના કામકાજ પાછળના ખર્ચમાં બચત થવા પામે છે. એઆઈ માળખામાં જ્યાં ડેટામાં વધારો થતો જાય છે ત્યાં એચડીડી તેને સંગ્રહ કરવાની અને જાળવવાની પોતાની કામગીરી પાર પાડે છે. એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે. વ્યાપક આઈટી ટેલેન્ટ, ૩૦૦૦ એઆઈ સ્ટાર્ટઅપ્સની હાજરી તથા મજબૂત આઈટી કંપનીઓ એઆઈ ક્ષેત્રે ભારતનું એક પોઝિટિવ પાસુ છે અને આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા સરકાર તરફથી પહેલ પણ કરવામાં આવી રહી છે, ત્યારે એઆઈ માટે ડેટાના પ્રોટેકશનની ખાતરી સાથેના આવશ્યક માળખા ઊભા કરવાની બાબતને ભારતમાં પ્રાધાન્યતા મળી રહે તે જરૂરી હોવાનો ઉદ્યોગમાં મત પ્રવર્તી રહ્યો છે. મર્યાદિત કોમ્પ્યુટિંગ પાવર, ડેટા સ્ટોરેજ તથા હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટિવિટીનો અભાવ ભારતમાં એઆઈ ટેકનોલોજીના વિકાસ સામે પડકારરૂપ બની રહ્યા છે. આ હકીકતને ધ્યાનમાં રાખી મોટી ક્ષમતા સાથેના કોમ્પ્યુટિંગ માળખા, ડેટા સેન્ટર્સ , એચડીડીની ઉપલબ્ધતા તથા ઈન્ટરનેટ જોડાણમાં ઝડપથી સુધારા કરવા પર હિસ્સેદારો દ્વારા ભાર અપાઈ રહ્યો છે. એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે. માળખાના અભાવે એઆઈ ટૂલ્સ તથા સોલ્યુશન્સના વિકાસકો સામે નવીનતા પૂરી પાડવાનું જોખમરૂપ બની રહ્યું છે. ડેટાના રક્ષણ તથા જવાબદારી જેવી એઆઈ સંબંધિત ચિંતાઓને દૂર કરવા મજબૂત માળખાની આવશ્યકતા હોવાનો મત પ્રવર્તી રહ્યો છે, જેથી એઆઈ ટેકનોલોજીના ઝડપી વિકાસ તથા વપરાશનો માર્ગ મોકળો બની શકે. વિશ્વની અનેક કંપનીઓ ભારતમાં એઆઈ ક્ષેત્રમાં પોતાની હાજરી વધારવા માગે છે ત્યારે આવનારા મહિનાઓમાં ભારત એઆઈ માળખામાં સજ્જ રહે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. સ્પર્ધાત્મક બનવા માટે ભારતે એઆઈ સંચાલિત આઈટી અને જીપીયુ આધારિત માળખા તથા ઊભા કરવાના રહેશે.

ભારતની એઆઈ મહત્વાકાંક્ષા સિદ્ધ કરવા એચડીડી મહત્વની ભૂમિકા ભજવે છે અને તે પણ માત્ર ડેટા સ્ટોરેજ યંત્ર તરીકે જ નહીં પરંતુ દેશના વધી રહેલા એઆઈ ક્ષેત્રને ટકાવી રાખવાના પાયા તરીકે પણ કામગીરી પૂરી પાડે છે. એઆઈ માટેના અન્ય માળખાઓની જેમ એચડીડી પણ એઆઈનું પાયાનો હિસ્સો છે તેવો પણ નિષ્ણાતો મત ધરાવી રહ્યા છે.

# ટીનએજર્સમાં ડિજિટલ એડિક્શન ભયાનક સ્તરે વધી રહ્યું છે

## ડિજિટલ એડિક્શનને પગલે ટીનએજર્સ અને યુવાનો ભયાનક રીતે ડિપ્રેશન, એન્ગ્ઝાઈટી, વાયોલન્સ અને સાઈબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે

સંસદમાં સરકાર દ્વારા વાર્ષિક આર્થિક સર્વેક્ષણનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. મહત્ત્વની વાત એ છે કે, આ અહેવાલમાં સરકાર દ્વારા દેશની આર્થિક બાબતો ઉપરાંત સામાજિક બાબતોને પણ ઉજાગર કરવામાં આવી હતી. આ સર્વેમાં જણાવવામાં આવ્યું હતું કે, દેશોના યુવાનો, ટીનએજર્સ અને બાળકોમાં ડિજિટલ એડિક્શન સતત વધી રહ્યું છે અને તે ભારત માટે ચિંતાનો વિષય છે. સોશિયલ મીડિયાની લતથી શરૂ કરીને ઓનલાઈન સટ્ટાબાજીની એપ્સના વળગણ સુધી વિવિધ વયના બાળકો, કિશોરો અને યુવાનો પોતાની જિંદગી ખરાબ કરી રહ્યા છે. તેમાં જણાવાયું હતું કે, જે રીતે બાળકો અને કિશોરોમાં સોશિયલ મીડિયાનો અને ઈન્ટરનેટ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, તેના કારણે તેઓ ડિપ્રેશન, એન્ગ્ઝાઈટી, હિંસા અને સાઈબર ક્રાઈમ વગેરેનો ભોગ બની રહ્યા છે. તેના કારણે તેમના પરિવાર પણ પીડમાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સર્વેમાં જણાવાયું છે કે, આ ડિજિટલ એડિક્શનને પગલે બાળકોમાં ઉંઘની સમસ્યા સૌથી મોટો પડકાર બની રહી છે. તેના કારણે તેમની રોજિંદી કામગીરી અને અભ્યાસને નકારાત્મક અસર પડી રહી છે. તેઓ ધ્યાન રાખીને અભ્યાસ કરી શકતા નથી અને તેના કારણે તેમના પરિણામે નબળા આવે છે, ઉંઘ પૂરી ન થવાથી શરીરમાં થાક અને સુસ્તી રહ્યા કરે છે. તેના કારણે સામાજિક પ્રવૃત્તિઓમાં પણ ઉશ્કેરાટ વધતો જાય છે. આ અંગે સરકારી અહેવાલમાં અને અન્ય સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તે ઉપરાંત વિવિધ ગાઈડલાઈન્સ પણ જારી કરવામાં આવી છે. ખાસ કરીને નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ચાઈલ્ડ રાઈટ્સ દ્વારા બાળકોના સ્ક્રીન ટાઈમને નક્કી કરવાનું સુચન કરવામાં આવ્યું હતું.

આ અહેવાલમાં જણાવાયું હતું કે, ભારતમાં કરાયેલા અને વૈશ્વિક સ્તરે થયેલા અનેક સર્વે જણાવે છે કે, ૧૨ થી ૨૪ વર્ષના કિશોરો અને યુવાનોમાં ડિજિટલ માધ્યમોનું વળગણ સતત વધી રહ્યું છે. લોકોમાં હવે મોબાઈલ અને સોશિયલ મીડિયાના માધ્યમો હવે લત અને કુટેવ બની રહ્યા છે. તેના પગલે ઉશ્કેરાટ, ગુસ્સો, ડિપ્રેશન, આત્મવિશ્વાસનો અભાવ, સાઈબર બુલિંગ અને સાઈબર ક્રાઈમ જેવી બાબતો વધી રહી છે. તે ઉપરાંત યુવાનોમાં કમ્પલ્સિવ સ્ક્રોલિંગ, સોશિયલ



મીડિયા કમ્પેરિઝન અને ગેમિંગ ડિસઓર્ડર જેવી માનસિક બિમારીઓ પણ વધી રહી છે. તેના પગલે કિશોરો અને યુવાનોમાં ઉંઘ ઓછી થઈ ગઈ છે, ગુસ્સો અને ઉશ્કેરાટ વધી ગયા છે, સામાજિક જોડાણનો અભાવ જણાય છે, ડિપ્રેશન આવતું જાય છે. સરકાર દ્વારા આ સ્થિતિને કાબુ કરવા માટે ઘણા પગલા લેવામાં આવી રહ્યા હોવાનો પણ દાવો કરાયો છે. ટેલિ માનસ નામની એક ટિલફોન હેલ્પલાઈન ચલાવવામાં આવી રહી છે. તે ૨૪ કલાક અને ૭ દિવસ કાયમ ઉપલબ્ધ કરાવાઈ છે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી કોઈપણ આ હેલ્પલાઈન દ્વારા સોશિયલ મીડિયાના વગળણથી કે ડિજિટલ ડિટોક્સ માટે કામગીરી કરી શકે છે. આ ઉપરાંત ૨૦૨૪માં ટેલિ માનસ એપ પણ લોન્ચ કરવામાં આવી હતી. આ એપ લોન્ચ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૩૨ લાખ લોકોએ તેનો લાભ લીધો છે.

જાણકારો માને છે કે, સરકાર દ્વારા ૧૬ વર્ષથી નીચેની ઉંમરના યુઝર્સ ઉપર સોશિયલ મીડિયાના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવા અંગે વિચાર થવો જોઈએ. આ અંગે અન્ય દેશોની જેમ ભારતમાં પણ આકરા નિયમો બનવા જોઈએ. બીજી તરફ ઓફલાઈન યુથ હબ્સ બનાવવા જોઈએ. ખાસ કરીને અર્બન વિસ્તારોમાં, સ્લમ્સમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ શારીરિક રીતે કરી શકાય તેવી કામગીરી અને અન્ય એક્ટિવિટીના સેન્ટરો શરૂ કરવા જોઈએ જેથી યુવાનો મોબાઈલ છોડીને તેમાં વ્યસ્ત રહી શકે અને આનંદ મેળવી શકે. સ્કૂલ, કોલેજોમાં પણ વિવિધ સ્તરે સેમિનાર થવા જોઈએ જે ડિજિટલ એડિક્શનથી બાળકોને દૂર લઈ જાય અને તેમના આત્મવિશ્વાસમાં વધારો કરીને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં તેમને જોડી શકે. ડિજિટલ વેલનેસ કરિક્યુલમ પણ ઉમેરવો જોઈએ જેથી તેમનામાં સાઈબર લિટરસી, સાઈબર સેફ્ટી અને મેન્ટલ હેલ્થ અંગે જાગ્રતી આવે.

ઉલ્લેખનીય છે કે, વિશ્વના વિવિધ દેશોમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા માટે વય મર્યાદાના કાયદા બનાવવામાં આવેલા છે અને કડકાઈથી લાગુ પણ કરવામાં આવેલા છે. વિશ્વના દેશો ઉપર નજર કરીએ તો, સૌથી કડક કાયદો ઓસ્ટ્રેલિયાએ ડિસેમ્બર ૨૦૨૫માં લાગુ કર્યો હતો. જાણકારોના મતે તેણે વિશ્વનો સૌથી કડક કાયદો અમલી બનાવ્યો છે. અહીં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આ કાયદો લાગુ થઈ ગયો છે. સોશિયલ મીડિયા કંપનીઓને બાળકોને રોકવા માટે 'યોગ્ય પગલાં' લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જો ૧૬ વર્ષથી નીચેના બાળકો સોશિયલ મીડિયા માધ્યમોનો ઉપયોગ કરતા જણાશે તો કંપનીઓને ૪૯.૫ મિલિયન છેંઘ (આશરે રૂ. ૨૭૦ કરોડ) સુધીનો દંડ કરવાની જોગવાઈ કરાઈ છે. હવે માતા-પિતાની સંમતી પણ માન્ય રાખવામાં આવી નથી. ૧૬ વર્ષથી નીચે કોઈને સોશિયલ મીડિયાનો ઉપયોગ નહીં કરવા દેવાય. તેવી જ રીતે ફ્રાન્સ પણ આ દિશામાં ખૂબ જ સક્રિય છે. ત્યાંના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન આ મુદ્દે સતત અવાજ ઉઠાવી રહ્યા છે. ત્યાં ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવા પર પ્રતિબંધની તૈયારી ચાલી રહી છે. તાજેતરમાં (જાન્યુઆરી ૨૦૨૬) નેશનલ એસેમ્બલીએ આ અંગેના એક બિલને મંજૂરી આપી છે, જેને સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં સંપૂર્ણપણે અમલી બનાવવાનું લક્ષ્ય છે. હાલમાં, ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને એકાઉન્ટ બનાવવા માટે માતા-પિતાની પરવાનગીની જરૂર પડે છે. આ સિવાય અમેરિકામાં પણ કેટલાક કાયદા છે. અમેરિકામાં હાલમાં કોઈ સમાન રાષ્ટ્રીય કાયદો નથી, પરંતુ રાજ્ય સ્તરે ઘણા કડક નિયમો છે. ભેંછ કાયદા હેઠળ ફેડરલ સ્તરે ૧૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો ડેટા માતા-પિતાની પરવાનગી વિના લઈ શકાતો નથી. ફ્લોરિડા, ઉટાહ અને વર્જિનિયા જેવા રાજ્યોએ ૧૪થી ૧૬ વર્ષના બાળકો માટે સોશિયલ મીડિયા પર કડક પ્રતિબંધો લાદ્યા છે.

ભારતમાં હાલમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ડેટા પ્રોટેક્શન કાયદા હેઠળ 'કિશોર' માનવામાં આવે છે અને તેમના માટે માતાપિતાની સંમતિ જરૂરી છે. ચિંતાજનક બાબત એ છે કે, સોશિયલ મીડિયા એક્સેસ માટે કોઈ કડક વય પ્રતિબંધ નથી. તાજેતરના અહેવાલો અનુસાર, ગોવા અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યો ઓસ્ટ્રેલિયાના મોડલ પર વિચાર કરી રહ્યા છે.

# લોકશાહીની નાડી : સ્વતંત્ર પત્રકારિતાની જવાબદારી અને પડકારો "સત્યની શોધમાં નિર્ભય કલમ જ લોકશાહીની સાચી શક્તિ"

## પત્રકારિતાની ભૂમિકા માત્ર સમાચાર પ્રસારિત કરવાની નથી, પરંતુ સામાજિક જાગૃતિ લાવવાની, જનમતને દિશા આપવાની અને જવાબદારીની સંસ્કૃતિ વિકસાવવાની છે.

**ગાંધીનગર, તા.02**

લોકશાહીનું સાચું સ્વરૂપ માત્ર મતદાનથી પૂરું થતું નથી; તે સતત જાગૃત, જવાબદાર અને પારદર્શક વ્યવસ્થાથી જીવંત રહે છે. આ પ્રક્રિયાના કેન્દ્રમાં છે - સ્વતંત્ર અને નિર્ભય પત્રકારિતા. દર વર્ષે 3 મેના રોજ ઉજવાતો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે એ માત્ર ઉજવણીનો દિવસ નથી, પરંતુ તે મીડિયા સ્વતંત્રતા, જવાબદારી અને તેના સામે ઊભા પડકારોની ગંભીર સમીક્ષા કરવાનો અવસર છે. વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ દર વર્ષે 3 મેના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ પ્રેસની સ્વતંત્રતાનું મહત્વ સમજાવવાનો અને સમાજમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને જવાબદાર પત્રકારિતાને પ્રોત્સાહન આપવાનો છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ 1991માં થયેલ Windhoek Declarationને ધ્યાનમાં રાખીને આ દિવસ ઉજવવાનો નિર્ધાર કર્યો હતો.




પ્રેસને લોકશાહીની ચોથી કડી તરીકે ઓળખવામાં આવે છે. તે સરકાર અને સમાજ વચ્ચે એક સેતુનું કામ કરે છે. પત્રકારો સત્યને બહાર લાવીને લોકો સુધી પહોંચાડે છે, સત્તાને પ્રશ્ન કરે છે અને સમાજમાં પારદર્શિતા લાવે છે. જો પ્રેસ સ્વતંત્ર ન હોય તો લોકો સુધી સાચી માહિતી પહોંચતી નથી અને લોકશાહી કમજોર બને છે. આજના સમયમાં પત્રકારિતાને અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા દેશોમાં પત્રકારો પર દબાણ, ધમકી અને સેન્સરશિપ જોવા મળે છે. ડિજિટલ યુગમાં ફેક ન્યૂઝ અને ગેરમાર્ગે દોરતી માહિતીનું પ્રમાણ પણ વધ્યું છે, જેના કારણે સાચી અને વિશ્વસનીય માહિતી પહોંચાડવી વધુ મુશ્કેલ બની ગઈ છે. તેથી પત્રકારો માટે નિષ્પક્ષતા, સત્યતા અને નૈતિકતા જાળવવી ખૂબ જ જરૂરી બની છે.

વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ એ પત્રકારોના યોગદાનને સન્માન આપવા અને તેમના હકોની રક્ષા માટે અવાજ ઉઠાવવાનો દિવસ છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે પ્રેસની સ્વતંત્રતા માત્ર પત્રકારો માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે અગત્યની છે. મજબૂત અને સ્વતંત્ર પ્રેસ લોકશાહીની શક્તિ છે. આપણે સૌએ સાચી માહિતીનો સ્વીકાર કરી અને જવાબદાર નાગરિક તરીકે પ્રેસની સ્વતંત્રતાનું સમર્થન કરવું જોઈએ. કારણ કે "સત્યની અવાજને દબાવી શકાય નહીં" – અને સ્વતંત્ર પત્રકારિતા એ જ સત્યને જીવંત રાખે છે. પત્રકારિતા સમાજનો પ્રતિબિંબ છે. તે સત્તાને પ્રશ્ન કરે છે, અવાજ વિનાના લોકોને અવાજ આપે છે અને સત્યને જાહેર મંચ પર લાવે છે. પરંતુ આજના સમયમાં, માહિતીના ઝડપી પ્રવાહ વચ્ચે "સત્ય" અને "અફવા" વચ્ચેની રેખા ઘણી વખત ધૂંધળી બની રહી છે.

સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના વધતા પ્રભાવ વચ્ચે, ફેક ન્યૂઝ, મિસઈન્ફોર્મેશન અને પ્રોપેગાંડાના ખતરા વધી રહ્યા છે. આવા સમયમાં પત્રકારિતાની જવાબદારી વધુ વધે છે – માત્ર સમાચાર આપવાની નહીં, પરંતુ વિશ્વસનીયતા જાળવવાની. સ્વતંત્રતા સાથે જવાબદારી અનિવાર્ય છે. પત્રકાર માટે એ જરૂરી છે કે તે નિષ્પક્ષતા, તથ્યપરકતા અને નૈતિકતાના ધોરણોનું પાલન કરે. પ્રેસની સ્વતંત્રતા ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે લોકોના હિતમાં કામ કરે. ભારત જેવા વૈવિધ્યસભર દેશ માટે, મજબૂત અને સ્વતંત્ર મીડિયા લોકશાહીનો આધારસ્તંભ છે.

અહીં પત્રકારિતાની ભૂમિકા માત્ર સમાચાર પ્રસારિત કરવાની નથી, પરંતુ સામાજિક જાગૃતિ લાવવાની, જનમતને દિશા આપવાની અને જવાબદારીની સંસ્કૃતિ વિકસાવવાની છે. આ દિવસે, આપણે માત્ર પત્રકારોને બિરદાવીએ એટલું પૂરતું નથી; પરંતુ આપણે દરેકે જવાબદાર નાગરિક તરીકે સાચી માહિતી ઓળખવાની અને ફેલાવવાની પ્રતિબદ્ધતા લેવી જોઈએ. કારણ કે મજબૂત પ્રેસ એ મજબૂત લોકશાહીની ઓળખ છે. સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના વધતા પ્રભાવ વચ્ચે, ફેક ન્યૂઝ, મિસઈન્ફોર્મેશન અને પ્રોપેગાંડાના ખતરા વધી રહ્યા છે. આવા સમયમાં પત્રકારિતાની જવાબદારી વધુ વધે છે – માત્ર સમાચાર આપવાની નહીં, પરંતુ વિશ્વસનીયતા જાળવવાની. સ્વતંત્રતા સાથે જવાબદારી અનિવાર્ય છે. પત્રકાર માટે એ જરૂરી છે કે તે નિષ્પક્ષતા, તથ્યપરકતા અને નૈતિકતાના ધોરણોનું પાલન કરે. પ્રેસની સ્વતંત્રતા ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે લોકોના હિતમાં કામ કરે. ભારત જેવા વૈવિધ્યસભર દેશ માટે, મજબૂત અને સ્વતંત્ર મીડિયા લોકશાહીનો આધારસ્તંભ છે. અહીં પત્રકારિતાની ભૂમિકા માત્ર સમાચાર પ્રસારિત કરવાની નથી, પરંતુ સામાજિક જાગૃતિ લાવવાની, જનમતને દિશા આપવાની અને જવાબદારીની સંસ્કૃતિ વિકસાવવાની છે. આ દિવસે, આપણે માત્ર પત્રકારોને બિરદાવીએ એટલું પૂરતું નથી; પરંતુ આપણે દરેકે જવાબદાર નાગરિક તરીકે સાચી માહિતી ઓળખવાની અને ફેલાવવાની પ્રતિબદ્ધતા લેવી જોઈએ. કારણ કે મજબૂત પ્રેસ એ મજબૂત લોકશાહીની ઓળખ છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે વટવા અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન

**પશ્ચિમ રેલવે, તા,02**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ઉનાળાની સીઝન દરમિયાન વધતી મુસાફરીની માંગને પહોંચી વળવા માટે વટવા અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે વિશેષ ભાડે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેનની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર 09082/09081 વટવા-મુંબઈ સેન્ટ્રલ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ (સાપ્તાહિક), ટ્રેન નંબર 09082 વટવા-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ દર શુક્રવારે વટવાથી 22:40 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07:10 કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન 08 મે, 2026થી 26 જૂન, 2026 સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09081 મુંબઈ સેન્ટ્રલ-વટવા સ્પેશિયલ દર ગુરુવારે મુંબઈ સેન્ટ્રલથી 23:20 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07:20 કલાકે વટવા પહોંચશે. આ ટ્રેન 07 મે, 2026થી 25 જૂન, 2026 સુધી દોડશે. આ ટ્રેન 08 મે, 2026થી 26 જૂન, 2026 સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09081 મુંબઈ સેન્ટ્રલ-વટવા સ્પેશિયલ દર ગુરુવારે મુંબઈ સેન્ટ્રલથી 23:20 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07:20 કલાકે વટવા પહોંચશે. આ ટ્રેન 07 મે, 2026થી 25 જૂન, 2026 સુધી દોડશે. આ ટ્રેન બંને દિશામાં વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર થંભશે.

આ ટ્રેનમાં એસી 3-ટિયર ના કોચ રહેશે.

ટ્રેન નંબર 09081 અને 09082 માટે બુકિંગ 03.05.2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સમય, થંભા અને રચના સંબંધિત વધુ માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

# 4 મે થી 15 મે સુધી વરાહી–વાઘપુરા વચ્ચે સ્થિત રેલવે ફાટક નં. 113 રોડ ટ્રાફિક માટે બંધ રહેશે

**અમદાવાદ, તા.02**

પશ્ચિમ રેલવે દ્વારા રેલ અને માર્ગ ઉપયોગકર્તાઓની સુરક્ષા તથા આધુનિક માળખાકીય સુધારણા માટે સામાખિયાળી-પાલનપુર વિભાગમાં વરાહી-વાઘપુરા સ્ટેશનો વચ્ચે સ્થિત રેલવે ફાટક નંબર 113 (OHE 130/38-40) પર પ્લાસર ક્વિક રિલેઈંગ સિસ્ટમ (PQRS) મશીન દ્વારા સંપૂર્ણ ટ્રેક નવીનીકરણ (CTR) સંપૂર્ણ ટ્રેક નવીનીકરણ (CTR) કાર્ય કરવામાં આવશે. આથી રેલવે ફાટક નં. 113 તા. 04.05.2026 ના રોજ સવારે 07:00 વાગ્યાથી તા. 15.05.2026 ના રોજ રાત્રે 22:00 વાગ્યા સુધી (કુલ 12 દિવસ માટે) માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રહેશે. આથી રેલવે ફાટક નં. 113 તા. 04.05.2026 ના રોજ સવારે 07:00 વાગ્યાથી તા. 15.05.2026 ના રોજ રાત્રે 22:00 વાગ્યા સુધી (કુલ 12 દિવસ માટે) માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રહેશે. cઆ સમયગાળા દરમિયાન માર્ગ ઉપયોગકર્તાઓ પિપળી-વરાહી વચ્ચે આવેલ રેલવે ફાટક નં. 112 (OHE 129/28-30) તેમજ માનપુરા ગામથી મુસાફરી કરી શકશે.

# 'દીકરીઓની છેડતીમાં કાયદો પણ કુદાવી દઈશું, વગર FIRએ શિક્ષા': ખાલી મારી સુધી વાત પહોંચાડી દેજો

**સુરત, તા.02**

સુરતમાં 1 ફેબ્રુઆરીએ વાટલીયા પ્રજાપતિ સમાજનો 68મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ સમૂહલગ્નમાં હાજર રહેલા કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ મંચ પરથી દીકરીઓની સુરક્ષા અંગે અત્યંત કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ સમાજની દીકરી હોય, તેની સુરક્ષાની જવાબદારી મારી એકલાની છે. સામે ગમે તેટલી વગ ધરાવતો માણસ કેમ ન હોય, તેને 24 કલાકમાં ઝેર કરવાની જવાબદારી હું લઉં છું. અસામાજિક તત્વોને 'વગર FIRએ શિક્ષા' કરવામાં આવશે. જો મારો અંગત માણસ પણ ગુનો કરશે, તો હું તેને પણ નહીં છોડું. દીકરી એટલે વાત્સલ્યનું ઝરણું. આ સૂત્રને સાર્થક કરતા સુરતમાં સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ દ્વારા 68માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ માત્ર નવદંપતીઓના મંગલ પ્રવેશ માટે જ નહીં, પરંતુ સમાજમાં વ્યાપેલા આર્થિક બોજ સમાન કુરિવાજોને દૂર કરવા માટે લેવાયેલા ક્રાંતિકારી નિર્ણયોને કારણે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. સમાજને આર્થિક રીતે સદ્ધર કરવા કુરિવાજોનો બહિષ્કાર, વધતી જતી મોંઘવારી અને લગ્નના નામે થતા બિનજરૂરી ખર્ચ સામે લાલ આંખ કરતા વાટલીયા પ્રજાપતિ સમાજે એક અનોખી પહેલ કરી છે.

કલ્પેશ વરિયા (પ્રમુખ સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિ)એ જણાવ્યું હતું કે, લગ્નોમાં થતા ભપકા અને દેખાડાને કારણે દીકરી કે દીકરાના પિતાને વ્યાજે પૈસા લેવા પડે છે, જે સ્થિતિ રોકવી અનિવાર્ય છે. આ માટે પ્રી-વેડિંગ ફોટોશૂટ, વાના રસમ, મહેંદી રસમ અને ફૂલો કી હોલી જેવી ખર્ચાળ વિધિઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવ્યો છે. સમાજના બંધારણમાં ફેરફાર કરી આ 'કામ વગરની' રસમો દૂર કરવાનો નિર્ણય લેવાયો છે, જેથી મધ્યમ વર્ગના પરિવારો આર્થિક રીતે તૂટતા બચે. આ સમૂહલગ્નમાં હાજર રહેલા કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ મંચ પરથી દીકરીઓની સુરક્ષા અંગે અત્યંત કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, બે વાત કહીને મારી વાતને હું પૂરી કરીશ. બે વાત કરવાની છે.

# ચૂંટણી પરિણામ પહેલાં જ TMCને ઝટકો : TMCએ સુપ્રીમમાં અરજી કરી હતી- મત ગણતરીમાં કેન્દ્રીય કર્મચારીઓ ન હોવા જોઈએ; સુપ્રીમે અરજી ફગાવી દીધી

**બંગાળ, તા.02**

સુપ્રીમ કોર્ટે શનિવારે પશ્ચિમ બંગાળમાં મતગણતરી કેન્દ્રો પર કેન્દ્રીય અને પીએસયુ (PSU) કર્મચારીઓની તહેનાતી સામે TMCની વાંધાને ફગાવી દીધો. સુપ્રીમ કોર્ટે કહ્યું, 'ચૂંટણી પંચને કોઈ આદેશ આપી શકાતા નથી. આ ચૂંટણી પંચનો અધિકાર છે, તેમના પર ભરોસો કરો.' TMC વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું છે કે અમને તેમની (ચૂંટણી પંચ) પાસેથી ન્યાય મળવાની આશા નથી. TMCએ આ પહેલા કલકત્તા હાઈકોર્ટમાં અપીલ કરી હતી. હાઈકોર્ટે વાંધો ફગાવતા કહ્યું હતું કે મતગણતરી સ્ટાફની નિમણૂક ચૂંટણી પંચના અધિકારક્ષેત્રમાં આવે છે, તેમાં કોઈ ગેરકાયદેસરતા નથી. બંગાળમાં 23 અને 29 એપ્રિલે બે તબક્કામાં ચૂંટણીઓ યોજાઈ છે. પરિણામ 4 મેના રોજ આવશે. જસ્ટીસ પી.એસ. નરસિંહા અને જ્યોમલ્યા બાગચીની ખાસ બેન્ચે કહ્યું, ચૂંટણી પંચ દ્વારા 13 એપ્રિલ, 2026ના રોજ જારી કરાયેલા પરિપત્ર અમલમાં રહેશે. કોઈ અલગ આદેશ જારી કરવાની જરૂર નથી. ટીએમસીએ કલકત્તા હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો હતો, જેમાં ફક્ત કેન્દ્ર સરકાર અને પીએસયુ કર્મચારીઓની કાઉન્ટીંગ સુપરવાઈઝર તરીકે નિમણૂકને સમર્થન આપવામાં આવ્યું હતું.

**પહેલાં આખો મામલો સમજો**

ચૂંટણી પંચે 13 એપ્રિલે એક સર્ક્યુલર બહાર પાડ્યો હતો, જે મુજબ મતગણતરીના દરેક ટેબલ પર સુપરવાઈઝર અથવા આસિસ્ટન્ટમાંથી ઓછામાં ઓછો એક કર્મચારી કેન્દ્ર સરકાર અથવા પબ્લિક સેક્ટર (PSU)નો હોવો ફરજિયાત છે. TMCનો આરોપ છે કે કેન્દ્ર સરકારના કર્મચારીઓ ભાજપના પ્રભાવ હેઠળ કામ કરી શકે છે. તેથી રાજ્ય સરકારના કર્મચારીઓની પણ નિમણૂક કરવામાં આવે. TMCએ આ ફરિયાદ ચૂંટણી પંચને પણ કરી હતી.

કપિલ સિબ્બલ: આનાથી સંબંધિત 4 મુદ્દાઓ છે-

પ્રથમ: 13 એપ્રિલે જિલ્લા ચૂંટણી અધિકારીઓ (DEO) ને નોટિસ આપવામાં આવી હતી, પરંતુ અમને તેની જાણ 29 તારીખે થઈ.

બીજો: તેમને પહેલેથી જ આશંકા છે કે દરેક બૂથ પર ગડબડ થશે. સવાલ એ છે કે તેમને આ અંદાજ કે જાણકારી ક્યાંથી મળી? આ અત્યંત ચોંકાવનારી વાત છે.

ત્રીજો: મુદ્દો એ છે કે પહેલેથી જ દરેક ટેબલ પર કેન્દ્ર સરકારનો એક અધિકારી (માઈક્રો ઓબ્ઝર્વર) હાજર છે. આવા સંજોગોમાં સવાલ એ છે કે પછી એક વધુ કેન્દ્રીય અધિકારીની જરૂર શા માટે પડી રહી છે?

ચોથો: મુદ્દો એ છે કે સર્ક્યુલરમાં એ પણ લખેલું છે કે એક રાજ્ય સરકારનો અધિકારી પણ હોવો જોઈએ. પરંતુ તેમ છતાં રાજ્ય સરકારના પ્રતિનિધિને નિયુક્ત કરવામાં આવી રહ્યા નથી.

કપિલ સિબ્બલ: દરેક ટેબલ પર એક કેન્દ્રીય કર્મચારીની જરૂરિયાતથી ચૂંટણી પંચનો ઈરાદો સમજાતો નથી.

**સુપ્રીમ કોર્ટે કહ્યું**

ચાલો, અમે આ જોગવાઈને ફરીથી વાંચીએ છીએ. જો આપણે એમ માની લઈએ કે કાઉન્ટિંગ સુપરવાઈઝર અને આસિસ્ટન્ટ કેન્દ્ર સરકારના કર્મચારીઓ હશે, તો તેને ખોટું કહી શકાય નહીં, કારણ કે જોગવાઈમાં સ્પષ્ટ છે કે તેમની નિમણૂક રાજ્ય કે કેન્દ્ર, કોઈપણ દ્વારા કરી શકાય છે. કપિલ સિબ્બલ : મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) ના પત્રમાં કહેવામાં આવ્યું છે કે મતગણતરીમાં ગડબડીની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ સીધા જ રાજ્ય સરકાર પર આંગળી ઉઠાવવા જેવું છે. જો આવી આશંકા છે, તો તેનો કોઈ નક્કર ડેટા હોવો જોઈએ. દરેક બૂથ માટે આ આશંકા ક્યાંથી આવી? આ માહિતી જાહેર કેમ કરવામાં આવી નથી? જો કેન્દ્ર સરકારના અધિકારીઓને લગાવવામાં આવી રહ્યા છે, તો અમને પહેલાથી કેમ જણાવવામાં આવ્યું નથી?

જસ્ટિસ બાગચી : આમાં રાજકીય પક્ષોની સંમતિ લેવાનો પ્રશ્ન જ ક્યાં આવે છે? નિયમો અનુસાર, કાઉન્ટિંગ સુપરવાઈઝર અને આસિસ્ટન્ટ કાં તો કેન્દ્ર સરકારના હોઈ શકે છે અથવા રાજ્ય સરકારના. જ્યારે આ વિકલ્પ ખુલ્લો છે, ત્યારે નોટિફિકેશનને નિયમો વિરુદ્ધ કહી શકાય નહીં. એ પણ શક્ય છે કે બંને અધિકારીઓ કેન્દ્ર સરકારના જ હોય.

# ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નોંધાવ્યો....

## ઐતિહાસિક બજેટ ફાળવણી, આધુનિક સ્ટેશનો અને વિશ્વસ્તરીય ટ્રેન સેવાઓથી રેલવેના પરિદ્રશ્યમાં રૂપાંતર

**ગાંધીનગર, તા.02**

ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ અંદાજપત્ર સહાય અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જેનાથી રાજ્યમાં સુરક્ષિત, આધુનિક અને યાત્રી-કેન્દ્રીત રેલવે પરિવહનના નવા યુગની શરૂઆત થઈ રહી છે. ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલવે બજેટની ફાળવણી વર્ષ 2009-14 દરમિયાન 589 કરોડ હતી, જે વધીને 2026-27ના સમયગાળામાં 17,366 કરોડ થઈ છે. આ લગભગ 29 ગણો વધારો છે, જે રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી મજબૂત કરવા માટે સરકારની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગુજરાતમાં હાલમાં 1,28,748 કરોડની કિંમતના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પ્રગતિમાં છે. આ કાર્યોમાં ટ્રેક નિર્માણ, સ્ટેશન પુનઃવિકાસ અને સુરક્ષામાં મોટા સુધારાઓનો સમાવેશ થાય છે, જે સમગ્ર નેટવર્કમાં લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને ઓપરેશનલ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે. અમૃત સ્ટેશન યોજના હેઠળ, ગુજરાતના 87 રેલવે સ્ટેશનોને 6,058 કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનઃવિકાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ડાકોર, હાપા, જામ જોધપુર, મોરબી, ઓખા, પાલીતાણા અને પોરબંદર સહિત 19 સ્ટેશનો પર પુનઃવિકાસનું કામ પહેલેથી જ પૂર્ણ થઈ ગયું છે, જેનાથી યાત્રીઓની સુવિધાઓ અને સ્ટેશનની સુંદરતામાં નોંધપાત્ર સુધારો થયો છે

આ સેવાઓ યાત્રીઓને ઝડપી, સુરક્ષિત અને વધુ આરામદાયક યાત્રાનાના વિકલ્પો ઉપલબ્ધ કરાવે છે. વર્ષ 2014 થી, ગુજરાતના રેલવે નેટવર્કનો આશરે 2,900 કિમીના નવા રેલવે ટ્રેકના નિર્માણ સાથે ઝડપથી વિસ્તાર થયો છે, જે ઘણા યુરોપિયન દેશોના કુલ રેલવે નેટવર્ક કરતા પણ વધુ છે. રાજ્યએ 100% વિદ્યુતીકરણ પણ હાંસલ કર્યું છે, જેમાં 4,005 કિમી રેલ લાઈનનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે, જે પર્યાવરણને અનુકૂળ અને ઉર્જા-કાર્યક્ષમ કામગીરીમાં મદદરૂપ થાય છે. ઉપરાંતમાં, લેવલ ક્રોસિંગ દૂર કરવા અને માર્ગ-રેલવે અવરજવરને સરળ બનાવવા માટે રાજ્યભરમાં 1,177 ફ્લાયઓવર અને અંડરપાસ બનાવવામાં આવ્યા છે. પોતાની 'સુરક્ષા-પ્રથમ' નીતિના ભાગરૂપે, ભારતીય રેલવેએ ગુજરાતમાં સ્વદેશી 'કવચ' ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ લાગુ કરી છે. કુલ મંજૂર 1,842 રૂટ કિલોમીટર લંબાઈમાંથી, 96 રૂટ કિલોમીટર પર કવચ તૈનાત કરવામાં આવ્યું છે, જ્યારે 1,674 રૂટ કિલોમીટર માટે કામ અથવા ટેન્ડર પ્રક્રિયા દ્વારા રેલવે સુરક્ષા ધોરણોમાં નોંધપાત્ર હરણફાળ ભરી છે. વિક્રમજનક રોકાણ, આધુનિક સ્ટેશનો, પ્રીમિયમ ટ્રેનો, સંપૂર્ણ વિદ્યુતીકરણ અને અદ્યતન સુરક્ષા પ્રણાલીઓ સાથે, ભારતીય રેલવે ગુજરાતના માળખાગત અને સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

# ઉત્તરાખંડમાં આદિ કૈલાસ યાત્રાનો શુભારંભ : માઈનસ 1 ડિગ્રી તાપમાનમાં પહેલા દિવસે 200થી વધુ શ્રદ્ધાળુઓ રવાના

**ઉત્તરાખંડ, તા.02**

ઉત્તરાખંડના સરહદી જિલ્લા પિથોરાગઢમાં આવેલા શિવ-પાર્વતી મંદિરના કપાટ 1 મેના રોજ વિધિ-વિધાન સાથે ખોલવામાં આવ્યા છે. આ સાથે જ આદિ કૈલાસ યાત્રાનો ઔપચારિક શુભારંભ થઈ ગયો છે. લાંબી રાહ બાદ કપાટ ખુલતાં જ વ્યાસ ઘાટીમાં એકવાર ફરી શ્રદ્ધાળુઓની અવરજવર શરૂ થઈ ગઈ છે. ધારચુલાથી પ્રશાસનની દેખરેખ હેઠળ યાત્રાનો પ્રારંભ કરાવવામાં આવ્યો. એસડીએમ આશિષ જોશીએ લીલી ઝંડી બતાવીને લગભગ 200 યાત્રીઓના પહેલા જથ્થાને રવાના કર્યો. આ જથ્થો લગભગ 140 કિલોમીટરનો પ્રવાસ કરીને આદિ કૈલાસ પહોંચશે, જ્યાં શ્રદ્ધાળુઓ પાર્વતી સરોવર અને આદિ કૈલાસના દર્શન કરશે. યાત્રાના શુભારંભ દરમિયાન આખું વાતાવરણ ભક્તિમય બની ગયું. શિવભક્તોએ "હર-હર મહાદેવ"ના જયઘોષ સાથે યાત્રા શરૂ કરી. પ્રશાસન દ્વારા સુરક્ષા, સ્વાસ્થ્ય અને વાહનવ્યવહાર સંબંધિત તમામ જરૂરી વ્યવસ્થા પહેલેથી જ સુનિશ્ચિત કરવામાં આવી છે, જેથી શ્રદ્ધાળુઓ સુરક્ષિત યાત્રા કરી શકે. 2025માં



લગભગ 35 હજાર શ્રદ્ધાળુઓએ આદિ કૈલાસના દર્શન કર્યાં હતાં. યાત્રા શરૂ થતાં જ ધારચુલા, ગુંજી, કુટી અને જ્યોલિંગકાંગ સુધીની ગતિવિધિઓ તેજ બની ગઈ છે. સ્થાનિક સ્તરે ટૂર ઓપરેટરો, હોટેલ વ્યવસાયીઓ અને હોમસ્ટે સંચાલકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સરહદી ગામોમાં જ્યાં પહેલાં સન્નાટો છવાયેલો રહેતો હતો, ત્યાં હવે યાત્રીઓની અવરજવરથી રોનક પાછી ફરી છે. સ્થાનિક લોકો આ યાત્રાને પોતાની આજીવિકા સાથે જોડીને જોઈ રહ્યા છે અને સારા સીઝનની અપેક્ષા રાખી રહ્યા છે. આદિ કૈલાસ યાત્રાને કૈલાસ માનસરોવરના ભારતીય વિકલ્પ તરીકે જોવામાં આવી રહી છે. જ્યાં પરંપરાગત યાત્રા લાંબી અને કઠિન હોય છે, ત્યાં આદિ કૈલાસની યાત્રા 5 થી 7 દિવસમાં પૂરી થઈ જાય છે. યાત્રા માટે 25 હજારથી લઈને 1 લાખ રૂપિયા સુધીના પેકેજ ઉપલબ્ધ છે, જેમાં રહેવા, જમવા અને પરમિટની સુવિધા સામેલ હોય છે. અલગ-અલગ બજેટ પ્રમાણે યાત્રીઓ પોતાની યોજના બનાવી શકે છે. ઊંચાઈ પર યાત્રા, સ્વાસ્થ્ય માટે પણ જોખમી આદિ કૈલાસ યાત્રા 3,000 થી 5,500 મીટરની ઊંચાઈ સુધી જાય છે, જ્યાં ઓક્સિજનની અછત અને

# આઈ.ટી.આઈ. કુબેરનગરમાં 42 જેટલા વિવિધ ટ્રેડમાં પ્રવેશ પ્રક્રિયાનો મે મહિનાના બીજા સપ્તાહથી પ્રારંભ

## સોલાર અને ઈલેક્ટ્રિક વ્હીકલ જેવા અત્યાધુનિક કોર્સ આઈ.ટી.આઈ. કુબેરનગર ખાતે ઉપલબ્ધ

**ગાંધીનગર, તા.02**

આઈ.ટી.આઈ. કુબેરનગર ખાતે વર્ષ 2026 માટેની પ્રવેશ પ્રક્રિયા મે-2026ના બીજા સપ્તાહથી શરૂ થઈ રહી છે, જે વિદ્યાર્થીઓ માટે કારકિર્દી ઘડવાની એક અમૂલ્ય તક પૂરી પાડે છે. આ સંસ્થામાં કુલ 42 વિવિધ ટ્રેડમાં વ્યવસાયલક્ષી અને રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે.

ઉદ્યોગ આધારિત અભ્યાસક્રમો અને અત્યાધુનિક સુવિધાઓને કારણે અહીંના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પ્લેસમેન્ટની તકો મળે છે. સંસ્થામાં મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, સિવિલ જેવા મુખ્ય સેક્ટરોમાં ફિટર, મશીનિસ્ટ, ટર્નર, સી.એન.સી. ઓપરેટર, ઈલેક્ટ્રિશિયન, વાયરમેન, કેમિકલ પ્લાન્ટ, લેબ ટેકનિશિયન, ડ્રાફ્ટસમેન સિવિલ અને સર્વેયર જેવા વિવિધ ટ્રેડમાં નિષ્ણાતો દ્વારા તાલીમ આપવામાં આવે છે.

આ ઉપરાંત, સંસ્થામાં લેટેસ્ટ સોફ્ટવેર સાથે ડિઝાઈન લેબ, એપરલ સેક્ટરમાં ફેશન ડિઝાઈનિંગ અને ડ્રેસ મેકિંગ તેમજ પી.ડી.લાઈટના સહયોગથી વિકસિત વૂડવર્કિંગ ટેકનોલોજી અને પ્લમ્બર ટ્રેડમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. સમયની માંગને ધ્યાને રાખીને સોલાર ટેકનિશિયન, ઈલેક્ટ્રિક વાહન (E.V.) મેકાટ્રોનિક્સ, પેઈન્ટર, ડી.ટી.પી.ઓ., કોપા, સોફ્ટવેર પ્રોગ્રામિંગ અને ડિજિટલ ફોટોગ્રાફી જેવા અત્યાધુનિક ટ્રેડમાં પણ તાલીમ આપવામાં આવે છે. તાલીમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને પ્રતિષ્ઠિત કંપનીઓમાં પ્લેસમેન્ટ અને એપ્રેન્ટિસશિપ માટે ઉત્તમ તકો પૂરી પાડવામાં આવે છે. મલ્ટીનેશનલ લિમિટેડ તથા પી.એસ.યુ. કંપનીઓમાં જોડાયેલા તાલીમાર્થીઓને પ્રારંભિક તબક્કે રૂ.14,000થી વધુ માસિક પગાર સાથે રોજગાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

ધોરણ 10 પાસ થયેલા તમામ વિદ્યાર્થીઓ માટે આ એક શ્રેષ્ઠ અને અમૂલ્ય તક છે. રસ ધરાવતા ઉમેદવારોએ આઈ.ટી.આઈ. કુબેરનગરની રૂબરૂ મુલાકાત લઈને વધુ માહિતી મેળવવા માટે સંસ્થાના પ્રતિનિધિ શ્રી વી. બી. દુબેનો સંપર્ક (ફોન નં. 9725021823) કરવા ઔદ્યોગિક તાલીમ સંસ્થા તથા શ્રમિક કૌશલ્ય પ્રમાણિતતા કેન્દ્ર, કુબેરનગરની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વુમન્સ T20 વર્લ્ડ કપ માટે ઈન્ડિયન ટીમની જાહેરાત : હરમનપ્રીત કૌર કમાન સંભાળશે, 12 જૂનથી ટુર્નામેન્ટ શરૂ થશે

નવી દિલ્હી, તા.02

BCCI એ વુમન્સ T20 વર્લ્ડ કપ માટે ભારતીય મહિલા ટીમની જાહેરાત કરી દીધી છે. શનિવારે જાહેર કરાયેલી આ ટીમની કેપ્ટનશીપ હરમનપ્રીત કૌરને સોંપી છે, જ્યારે સ્મૃતિ મંધાના વાઈસ કેપ્ટન છે. T20 વર્લ્ડ કપની શરૂઆત 12 જૂનથી થશે. ભારત પોતાની પહેલી મેચ પાકિસ્તાન સામે 14 જૂને રમવા ઉતરશે. ટીમ ઈન્ડિયાના ગ્રુપમાં પાકિસ્તાન ઉપરાંત ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સ પણ હાજર છે. સિલેક્શન કમિટીની બેઠકમાં T20 કેપ્ટન હરમનપ્રીત કૌર, કોચ અમોલ મજુમદાર, પસંદગી સમિતિના અધ્યક્ષ અમિતા શર્મા અને BCCI સેક્રેટરી દેવજીત સૈકિયા હાજર રહ્યા.




T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ

હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), ભારતી ફુલમાળી, શ્રી ચરણી, યાસ્તિકા ભાટિયા, નંદની શર્મા, અરુંધતિ રેડ્ડી, ક્રાંતિ ગૌડ, રેણુકા સિંહ ઠાકુર, શ્રેયાંકા પાટીલ અને રાધા યાદવ.

મંધાના-શેફાલી ઓપનર, નંદની પહેલો વર્લ્ડકપ રમશે

ભારતીય ટીમના ટોપ ઓર્ડરમાં સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માને ઓપનર તરીકે સ્થાન મળ્યું છે. ત્રીજા નંબર પર જેમિમાહ રોડ્રિગ્સનું નામ છે. નંદની શર્માને પહેલીવાર વર્લ્ડકપ ટીમમાં સ્થાન મળ્યું છે. ભારતીય ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર T20 વર્લ્ડ કપમાં ચોથા નંબર પર મહત્વની ભૂમિકા ભજવશે. રિચા ઘોષને વિકેટકીપર તરીકે પસંદ કરવામાં આવી છે. તે મેચની ડેથ ઓવર્સમાં મોટા શોટ મારવામાં માહેર છે. યાસ્તિકા ભાટિયાને બેકઅપ વિકેટકીપર અને ઓપનર તરીકે પસંદ કરવામાં આવી છે.

રેણુકાને પેસ એટેકની જવાબદારી

અનુભવી ઝડપી બોલર રેણુકા સિંહ ઠાકુરને પેસ એટેકની જવાબદારી સોંપવામાં આવી છે. ક્રાંતિ ગૌડ અને અરુંધતિ રેડ્ડી તેને સાથ આપશે. જ્યારે, સ્ટાર ઓલરાઉન્ડર દીપ્તિ શર્માને સ્પિનર ડિપાર્ટમેન્ટની જવાબદારી મળી છે. શ્રેયાંકા પાટીલ અને એન શ્રી ચારણી પણ મહત્વની ભૂમિકા ભજવશે.

# દિલ્હી IPLમાં સતત ત્રણ હાર બાદ જીત્યું : રાજસ્થાનને 7 વિકેટથી હરાવ્યું; રાહુલ-નિસાંકાની ફિફ્ટી, સ્ટાર્કે 3 વિકેટ ઝડપી

નવી દિલ્હી, તા.02

દિલ્હી કેપિટલ્સને IPLની વર્તમાન સીઝનમાં સતત ત્રણ હાર બાદ જીત મળી છે. ટીમે શુક્રવારે રાજસ્થાન રોયલ્સને 7 વિકેટથી હરાવ્યું. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં દિલ્હીએ 226 રનનો ટાર્ગેટ 19.1 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો હતો. ટૉસ જીતીને બેટિંગ કરતા રાજસ્થાને 20 ઓવરમાં 6 વિકેટ પર 225 રન બનાવ્યા હતા.




દિલ્હી તરફથી ઓપનર્સે 110 રનની ભાગીદારી કરી હતી. આ ભાગીદારીએ રન ચેઝને સરળ બનાવી દીધો હતો.

રાહુલ અને નિસાંકાએ ફિફ્ટી ફટકારી

દિલ્હી તરફથી કેએલ રાહુલે 40 બોલમાં 75 રનની ઈનિંગ રમી હતી. આ ઈનિંગમાં 6 ચોગ્ગા અને 5 છગ્ગા સામેલ હતા. રાહુલના ઓપનિંગ પાર્ટનર પથુમ નિસાંકાએ 33 બોલમાં 6 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી 62 રન બનાવ્યા હતા.

રિયાન સદી ચૂક્યા, જુરેલ-ફરેરા ફિફ્ટી ચૂક્યા

કેપ્ટન રિયાન પરાગે 90 રનની ઈનિંગ રમી હતી. 50 બોલની આ ઈનિંગમાં રિયાને 8 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા. તેણે ધ્રુવ જુરેલ સાથે મળીને 100+ રનની ભાગીદારી નોંધાવી હતી. જુરેલે 42 રન બનાવ્યા હતા. અંતમાં ડોનેવાન ફરેરાએ 14 બોલમાં 6 છગ્ગાની મદદથી અણનમ 47 રન બનાવ્યા હતા. દિલ્હી તરફથી મિચેલ સ્ટાર્કે 3 વિકેટ ઝડપી હતી. કાઈલ જેમીસન, અક્ષર પટેલ અને ટી નટરાજનને એક-એક વિકેટ મળી હતી.

દિલ્હીનો સ્કોર 200ને પાર થયો

18મી ઓવરમાં દિલ્હીએ 200 રનનો આંકડો પાર કર્યો. આશુતોષ શર્માએ તુષાર દેશપાંડેના બીજા બોલ પર ચોગ્ગો ફટકારીને ટીમના સ્કોરને 200ને પાર પહોંચાડ્યો.

# સૂર્યવંશીને બોલ્ડ કરી જેમિસને બતાવ્યું રૌદ્ર સ્વરૂપ, 15 વર્ષનો બેટર આઉટ થતાં જ 'અગ્રેસિવ' સેલિબ્રેશન કર્યું

નવી દિલ્હી, તા.02



IPLમાં શુક્રવારે દિલ્હી કેપિટલ્સ અને રા જસ્થાન રોયલ્સ વચ્ચે રોમાંચક મેચ રમાઈ. છેલ્લા ઓવર સુધી ચાલેલી આ મેચ દિલ્હીએ 7 વિકેટે જી તી લીધી. કેપિટલ્સે આઈપીએલ ના ઈતિહાસમાં પોતાનો સૌથી મોટો રન ચેઝ કર્યો છે. જયપુર ના સવાઈ માનસિંહ સ્ટેડિયમ માં રમાયેલી આ મેચની શરૂઆત યશસ્વી જયસ્વાલના ગગનચુંબી છગ્ગાથી થઈ. તેણે મિચેલ સ્ટાર્કની શોર્ટ લેન્થ બોલ પર પુલ કર્યો અને ડીપ સ્ક્વેર લેગ બાઉન્ડ્રીની બહાર પહોંચાડી દીધો. જોકે, સ્ટાર્કે તેને પોતાની જ બોલ પર કેચ કરીને પેવેલિયન પણ મોકલી દીધો. ચાહકોને સૂર્યવંશી અને સ્ટાર્ક વચ્ચે આવા જ મુકાબલાની અપેક્ષા હતી, પરંતુ વૈભવને કાઈલ જેમિસને બોલ્ડ કરી દીધો.આવા જ ટોપ મોમેન્ટ્સ અને રેકોર્ડ્સ આ સ્ટોરીમાં વાંચો

દિલ્હીનો IPLમાં સૌથી મોટો રનચેઝ

દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સ સામે 226 રનનો ટાર્ગેટ હાંસલ કર્યો. આ IPLમાં દિલ્હીનો સૌથી મોટો રનચેઝ છે. તેણે 2025માં લખનઉ સામે 210 રન અને 2017માં ગુજરાત સામે 209 રનનો ટાર્ગેટ હાંસલ કર્યો હતો.

રાહુલની રોયલ્સ સામે 8મી ફિફ્ટી, ડિવિલિયર્સની બરાબરી કરી

કેએલ રાહુલે રાજસ્થાન રોયલ્સ સામે 75 રનની ઈનિંગ રમી. તેણે IPLમાં રાજસ્થાન સામે સૌથી વધુ અડધી સદી ફટકારવાના રેકોર્ડની બરાબરી કરી છે. એબી ડિવિલિયર્સે પણ રાજસ્થાન સામે 9 અડધી સદી ફટકારી છે.

જયસ્વાલે ચોથી વખત ઈનિંગ્સના પહેલા બોલ પર સિક્સર ફટકારી

યશસ્વી જયસ્વાલે દિલ્હી સામે ઈનિંગ્સના પહેલા બોલ પર જ સિક્સર ફટકારી. તેણે મિચેલ સ્ટાર્કને બેકવર્ડ સ્ક્વેર લેગ પર સિક્સર ફટકારી. જયસ્વાલે IPLમાં ચોથી વખત ઈનિંગ્સના પહેલા બોલ પર જ સિક્સર ફટકારી છે. પંજાબ કિંગ્સના બેટર પ્રિયાંશ આર્ય 2 વખત આવું કરી ચૂક્યા છે.

યશસ્વીએ પહેલા બોલ પર સિક્સર ફટકારીને ઈતિહાસ રચ્યો

જાયસ્વાલ IPL મેચની પહેલી બોલ પર સિક્સર ફટકારનારા બેટરોની યાદીમાં સામેલ થઈ ગયા છે. તેમની પહેલાં 2025માં પ્રિયાંશ આર્યા અને 2024માં ફિલ સોલ્ટ પણ આ કારનામું કરી ચૂક્યા છે. વિરાટ કોહલીએ 2019 અને નમન ઓઝાએ 2009માં આ સિદ્ધિ હાંસલ કરી છે.

સૂર્યવંશીને બોલ્ડ કરીને જેમિસનનું 'એગ્રેસિવ' સેલિબ્રેશન

વૈભવ સૂર્યવંશી અને દિલ્હીના બોલર કાઈલ જેમિસન વચ્ચે બીજી ઓવરમાં જબરદસ્ત ટક્કર જોવા મળી. પહેલા સૂર્યવંશીએ પોતાની પહેલી બોલ પર લોંગ ઓફ પર ચોગ્ગો ફટકાર્યો.

# IPLનું ગણિત- દિલ્હી ચોથી જીત સાથે નંબર-6 પર આવી : રાજસ્થાન ચોથા સ્થાને યથાવત, ચેન્નઈ-મુંબઈ પ્લેઓફ રેસમાં ટકી રહેવા માટે રમશે

નવી દિલ્હી, તા.02

દિલ્હી કેપિટલ્સે IPLમાં શુક્રવારે સિઝનની ચોથી જીત મેળવી છે. ટીમને સતત ત્રણ હાર બાદ જીત મળી. તેણે શુક્રવારે રાજસ્થાન રોયલ્સને 7 વિકેટે હરાવ્યું. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં દિલ્હીએ 226 રનનો ટાર્ગેટ 19.1 ઓવરમાં 3 વિકેટે ચેઝ કરી દીધો. ટોસ જીતીને બેટિંગ કરતા રાજસ્થાને 20 ઓવરમાં 6 વિકેટે 225 રન બનાવ્યા. કેએલ રાહુલ પ્લેયર ઓફ ધ મેચ રહ્યો. તેણે 40 બોલ પર 75 રનની ઈનિંગ રમી. આ ઈનિંગના આધારે રાહુલ ટોપ સ્કોરરની યાદીમાં પ્રથમ સ્થાને આવી ગયો. તેને ઓરેન્જ કેપ મળી.



દિલ્હીને એક સ્થાનનો ફાયદો, રાજસ્થાનને નુકસાન નહીં

આ પરિણામ પછી પોઈન્ટ્સ ટેબલમાં વધુ ફેરફાર થયા નથી. જીતથી દિલ્હીને એક સ્થાનનો ફાયદો થયો. જ્યારે રાજસ્થાન હાર છતાં પોતાના સ્થાન પર યથાવત રહ્યું. દિલ્હીએ અત્યાર સુધીમાં 9 મેચ રમી છે. જેમાંથી 4માં જીત, જ્યારે 5માં હાર મળી છે. અક્ષર પટેલની ટીમ 8 પોઈન્ટ્સ સાથે ટેબલમાં છઠ્ઠા સ્થાને આવી ગઈ છે. રાજસ્થાને 10 મેચ રમી લીધા છે. ટીમને ચોથી હારનો સામનો કરવો પડ્યો છે. આ છતાં ટીમ 6 જીત સાથે 12 પોઈન્ટ્સ સાથે ટેબલમાં ચોથા સ્થાને યથાવત છે.

આજની મેચની વાત

IPL માં શનિવારે મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મેચ રમાશે. આ મેચ ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં સાંજે 7:30 વાગ્યાથી રમાશે.

પ્લેઓફ માટે ચેન્નઈનો દરેક મેચ જીતવો જરૂરી

ચેન્નઈએ અત્યાર સુધીમાં 8 મેચ રમ્યા છે. તેમાંથી તેને 3 જીત મળી છે. જ્યારે 5 મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. આ પ્રકારે ટીમ પાસે 6 પોઈન્ટ્સ છે. ઋતુરાજ ગાયકવાડની ટીમને હજુ 6 મેચ રમવાના છે. આવા સંજોગોમાં તેને પ્લેઓફમાં પ્રવેશ કરવા માટે બાકીના તમામ મેચ જીતવા પડશે. એક પણ મેચ હારવાની સ્થિતિમાં તેને અન્ય ટીમો પર નિર્ભર રહેવું પડશે. મુંબઈએ અત્યાર સુધીમાં માત્ર 2 મેચ જીત્યા, પ્લેઓફની આશાઓ જીવંત મુંબઈની સ્થિતિ ચેન્નઈ કરતાં ખરાબ છે. હાર્દિક પંડ્યાની ટીમ 8માંથી માત્ર 2 મેચ જ જીતી શકી છે. ટીમ પાસે ફક્ત 4 પોઈન્ટ્સ જ છે. તેમ છતાં મુંબઈ પાસે પ્લેઓફમાં પ્રવેશ કરવાનો મોકો હશે. આ માટે તેને પોતાની બધી મેચ જીતવી જ પડશે. એક પણ મેચ હારવાની સ્થિતિમાં ટીમની પ્લેઓફની રાહ મુશ્કેલ બની જશે.

ટુર્નામેન્ટના ટોપ પ્લેયર્સ

કેએલ રાહુલ સિઝનનો ટોપ સ્કોરર બન્યો, ઓરેન્જ કેપ મળી

કેએલ રાહુલે મેચમાં 75 રનની અર્ધશતકીય ઈનિંગ રમી. આ ઈનિંગના સહારે તે IPL સિઝનના ટોપ સ્કોરરની યાદીમાં પ્રથમ સ્થાને આવી ગયો છે. તેના નામે 9 મેચમાં 433 રન થઈ ગયા છે. 4 રન પર આઉટ થયા બાદ રાજસ્થાનના વૈભવ સૂર્યવંશી (404 રન) ટોપ-3 માંથી બહાર થઈ ગયો છે.


આર્ચર પર્પલ કેપની રેસમાં નંબર-2 પર આવ્યો

રાજસ્થાનના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે મેચમાં એક વિકેટ લીધી. તેના નામે 10 મેચ બાદ 15 વિકેટ થઈ ગઈ છે. તે પર્પલ કેપની રેસમાં બીજા નંબર પર આવી ગયો છે. આર્ચરે હૈદરાબાદના ઈશાન મલિંગાને પાછળ છોડ્યો.

# તન્વી ધ ગ્રેટ' પહેલાં 60થી વધારે રિજેક્શન સહન કર્યાં : મધ્યમ વર્ગીય શુભાંગી દત્ત કાન ફિલ્મ ફેસ્ટિવલ સુધી પહોંચી

મુંબઈ, તા.02

અનુપમ ખેરની ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ'થી ઓળખ બનાવનાર એક્ટ્રેસ શુભાંગી દત્ત આજે સતત એવોર્ડ્સ જીતી રહી છે, પરંતુ અહીં સુધી પહોંચવાનો પ્રવાસ સરળ નહોતો. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં શુભાંગીએ જણાવ્યું કે, તેણે 60થી વધુ ઓડિશન આપ્યા, ઘણી વાર ઓડિશન લીધા વિના જ તેને પાછી મોકલી દેવામાં આવી.



ક્યારેક કહેવામાં આવ્યું કે, તે 'ખૂબ લાંબી' છે, તો ક્યારેક 'ફિટ નથી' બેસતી. ઘણી વાર રડતા રડતા ઘરે પાછી ફરી, પરંતુ એક્ટિંગનું સપનું છોડ્યું નહીં. અનુપમ ખેરની ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ' એ તેનું જીવન બદલી નાખ્યું.

પ્રશ્ન: સૌથી પહેલા, 'તન્વી ધ ગ્રેટ'ની સફળતા અને સતત મળી રહેલા એવોર્ડ્સને તમે કેવી રીતે જુઓ છો?

જવાબ: આ આખી જર્ની મારા માટે ખૂબ જ ખાસ રહી છે. જ્યારે લોકોને તમારું કામ ગમે છે અને ઈન્ડસ્ટ્રી તમને એવોર્ડ્સ દ્વારા સન્માનિત કરે છે, ત્યારે લાગે છે કે તમે સાચા રસ્તે છો. મને ઓસ્ટ્રેલિયા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ, ઝી સિને એવોર્ડ્સ, આઈકોનિક ગોલ્ડ એવોર્ડ્સ અને તાજેતરમાં ઈન્દોર ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ સન્માન મળ્યું. સૌથી ખુશીની વાત એ છે કે, આખી ટીમને આટલો પ્રેમ મળી રહ્યો છે.

પ્રશ્ન: આજે આટલા એવોર્ડ્સ મળી રહ્યા છે, પણ શું બાળપણથી જ નક્કી હતું કે તમારે એક્ટિંગમાં જ જવું છે?

જવાબ: હા, ક્યાંક ને ક્યાંક બાળપણથી જ હતું. હું અરીસા સામે ક્યારેક ડોક્ટર બનતી હતી, ક્યારેક ટીચર. ટીવી જોતા જોતા લાગતું હતું કે, એક્ટર્સ દરેક પ્રકારનું જીવન જીવી લે છે. ત્યારથી મનમાં હતું કે, મારે પણ આ જ કરવું છે. સ્કૂલ બંક કરીને ઓડિશન આપવા જતી હતી. કંઈ સમજ નહોતી પડતી, પણ કેમેરા સામે ઊભા રહેવાનો ખૂબ શોખ હતો.

પ્રશ્ન: પણ મધ્યમ વર્ગના પરિવારમાં એક્ટિંગનું સપનું જોવું સહેલું નથી હોતું, ઘરના લોકોની શું પ્રતિક્રિયા હતી?

જવાબ: મમ્મી ખૂબ ડરતી હતી. તે કહેતાં હતાં કે આ ઈન્ડસ્ટ્રી સરળ નથી. અમે મધ્યમ વર્ગના પરિવારમાંથી આવીએ છીએ.

# પલક તિવારીએ ગોલ્ડન ટેમ્પલમાં દર્શન કર્યાં

## પરિક્રમામાં બેસીને અડધો કલાક ગુરબાણી કીર્તન સાંભળ્યું, અનુભવ વર્ણવ્યો



ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીની દીકરી અને બોલિવૂડ એક્ટ્રેસ પલક તિવારી પંજાબના અમૃતસર સ્થિત ગોલ્ડન ટેમ્પલ પહોંચી. અહીં તેણે દરબાર સાહિબમાં માથું નમાવ્યું. આ દરમિયાન તે વાદળી રંગનો સૂટ પહેરેલી જોવા મળી. તેનું માથું દુપટ્ટાથી ઢંકાયેલું હતું. પલક તિવારી સામાન્ય શ્રદ્ધાળુની જેમ અહીં રહી. જોકે, તેણે મીડિયા સાથે વાત કરી ન હતી. પલકે પોતાના આ ખાસ પ્રવાસની તસવીરો સોશિયલ મીડિયા પર પણ શેર કરી છે. એક તસવીરમાં તે પરિક્રમામાં બેસીને શાંતિથી ગુરબાણીનો આનંદ લેતી જોવા મળી રહી છે, જ્યારે બીજી તસવીરમાં તે હાથ જોડીને ઉભેલી દેખાઈ રહી છે. માહિતી અનુસાર, પલક તિવારીએ ગોલ્ડન ટેમ્પલ પહોંચીને લગભગ અડધા કલાક સુધી પરિક્રમામાં બેસીને ગુરબાણી કીર્તન સાંભળ્યું અને આધ્યાત્મિક વાતાવરણનો અનુભવ કર્યો. પોતાની પોસ્ટના કેપ્શનમાં પલકે લખ્યું કે, 'આ મારો ગોલ્ડન ટેમ્પલનો પહેલો પ્રવાસ હતો, પરંતુ જેવું મેં વિચાર્યું હતું, તેવો જ અનુભવ મને અહીં આવીને થયો.' પલક તિવારીએ વર્ષ 2023માં સલમાન ખાન અભિનીત 'કિસી કા ભાઈ કિસી કી જાન'થી ડેબ્યૂ કર્યું હતું. ફિલ્મમાં પૂજા હેગડે, વેંકટેશ, ભૂમિકા ચાવલા, જગપતિ બાબુ, વિજેન્દર સિંહ, રાઘવ જુયલ, જસ્સી ગિલ, સિદ્ધાર્થ નિગમ, શહેનાઝ ગિલ, પલક તિવારી, વિનાલી ભટનાગર અને સતીશ કૌશિક પણ જોવા મળ્યા હતા.

# ફિલ્મ 'હેરાફેરી'ના રાઈટ્સને લઈને ફ્રોડનો કેસ!

## ફિરોઝ નડિયાદવાલાનો દાવો- ₹4.5 લાખમાં રાઈટ્સ ખરીદ્યા; રિલીઝ પહેલા પૈસા પડાવી લેવાયા

મુંબઈ, તા.02

ફિલ્મ પ્રોડ્યૂસર ફિરોઝ નડિયાદવાલાએ વર્ષ 2000માં રિલીઝ થયેલી ફિલ્મ 'હેરાફેરી'ના કોપીરાઈટ અને રીમેક રાઈટ્સને લઈને મુંબઈના અંબોલી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.



ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, નડિયાદવાલાએ ફરિયાદમાં જણાવ્યું કે વિવાદ વર્ષ 1989ની મલયાલમ ફિલ્મ રામજી રાવ સ્પીકિંગ સાથે સંકળાયેલો છે, જેના પર 'હેરાફેરી' આધારિત હતી. તેણે દાવો કર્યો કે વર્ષ 2000માં તેણે સુરેશ કુમાર સિંઘલ પાસેથી 4.5 લાખ રૂપિયામાં કેટલાક રીમેક રાઈટ્સ કાયદેસર રીતે ખરીદ્યા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે ફિલ્મ રિલીઝના સાત દિવસ પહેલા કેટલાક લોકોએ દબાણ કરીને તેમની પાસેથી પૈસા પડાવવાનો પ્રયાસ કર્યો. નડિયાદવાલાના મતે, તેને ભારે રોકાણ અને સંભવિત નુકસાનના ડરથી ચૂકવણી કરવી પડી, જ્યારે કોર્ટે તેના પક્ષમાં સ્ટે ઓર્ડર આપ્યો હતો. ફિરોઝ નડિયાદવાલાના 'બેઝ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ'ના બેનર હેઠળ 'ફિર હેરાફેરી', 'વેલકમ' અને 'આવારા પાગલ દીવાના' જેવી અનેક ફિલ્મોનું નિર્માણ થયું છે.

પોલીસે કેસ દાખલ કર્યો

# ઓસ્કર એવોર્ડ્સના નિયમોમાં મોટો ફેરફાર

## ભારતીય ફિલ્મો હવે રાજકારણનો ભોગ નહીં બને, પ્રતિષ્ઠિત ફેસ્ટિવલ્સમાં ટોપ પર રહેલી ફિલ્મો સીધી એન્ટ્રી કરી શકશે

મુંબઈ, તા.02

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સૌથી પ્રતિષ્ઠિત ઓસ્કર એવોર્ડના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ઓસ્કર 2027 માટે એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સિસે ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીના નિયમોમાં ફેરફાર કર્યો છે, જેની અસર ભારત જેવા દેશો પર પડી શકે છે, જ્યાં દર વર્ષે ઓસ્કાર એન્ટ્રીને લઈને વિવાદો થતા રહ્યા છે. નવા નિયમો પછી હવે કોઈ દેશની સત્તાવાર એન્ટ્રી જ ઓસ્કાર સુધી પહોંચવાનો એકમાત્ર રસ્તો નહીં રહે.




ફિલ્મ ફેસ્ટિવલમાં ટોપ પર રહેલી ફિલ્મો માટે સીધી એન્ટ્રી શક્ય

એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સિસની નવી ગાઈડલાઈન્સ અનુસાર, જો કોઈ ફિલ્મ કાન, વેનિસ, ટોરોન્ટો, બર્લિન, સનડાન્સ કે બુસાન જેવા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ્સમાં ટોપ એવોર્ડ જીતે છે, તો તે સીધી ઓસ્કરની ઈન્ટરનેશનલ ફીચર કેટેગરી માટે ક્વોલિફાય કરી શકે છે. એટલે કે તે ફિલ્મને પોતાના દેશની ઓફિશિયલ એન્ટ્રી બનવાની જરૂર નહીં પડે.

FFIનું એકહથ્થુ શાસન પૂરું થશે

આ બદલાવનું ઉદાહરણ ભારતીય ફિલ્મમેકર પાયલ કપાડિયાની ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ'થી સમજી શકાય છે. રિપોર્ટ અનુસાર, જો આ નિયમો પહેલા લાગુ પડ્યા હોત, તો ફિલ્મ ભારતની સત્તાવાર એન્ટ્રી બન્યા વિના પણ ઓસ્કરની રેસમાં સામેલ થઈ શકી હોત. ભારતમાં ઓસ્કર માટે ફિલ્મ પસંદ કરવાની જવાબદારી ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા (FFI) પાસે હોય છે, પરંતુ ઘણા વર્ષોથી તેની પસંદગી પ્રક્રિયા પર પ્રશ્નો ઉઠતા રહ્યા છે. વર્ષ 2013માં ઈરફાન ખાનની ફિલ્મ 'ધ લંચ બોક્સ'ને લઈને વિવાદ થયો હતો.

# મલાઈકા અરોરાએ કહ્યું- દીકરા અરહાને લગ્ન નથી કરવા

મુંબઈ, તા.02

મલાઈકા અરોરાએ દીકરા અરહાન ખાન વિશે એક વાત શેર કરી. તેણે જણાવ્યું કે અરહાને કહ્યું કે તે લગ્ન કરવા માંગતો નથી અને બાળકોનું પણ પ્લાનિંગ કરી રહ્યો નથી. મલાઈકાના મતે, દીકરાએ મજાકમાં કહ્યું, 'પૌત્ર-પૌત્રીઓની આશા છોડી દો.'



તાજેતરમાં ટાઈમ્સ એન્ટરટેઈનમેન્ટને આપેલા ઈન્ટરવ્યૂમાં મલાઈકા સંબંધો અને લગ્ન વિશે વાત કરી રહી હતી. તેણે કહ્યું કે આજની પેઢી સંબંધોને અલગ દ્રષ્ટિકોણથી જુએ છે. તેનો દીકરો ઘણીવાર એવી વાતો બોલે છે, જે તેને વિચારવા મજબૂર કરે છે.

એક્ટ્રેસ મલાઈકા અરોરા

મલાઈકાએ જણાવ્યું કે અરહાને તેને કહ્યું, "હું લગ્ન નહીં કરું, તેથી પૌત્ર-પૌત્રીઓ તો ભૂલી જાઓ." કારણ પૂછવા પર અરહાને વધતા પ્રદૂષણ અને ખરાબ વાતાવરણનો ઉલ્લેખ કર્યો.

# RBIના નવા ડેપ્યુટી ગવર્નર બન્યા રોહિત જૈન : 3 વર્ષનો કાર્યકાળ રહેશે, જૈનનો રિઝર્વ બેંકમાં 30 વર્ષનો અનુભવ; ટી-રબી શંકરનું સ્થાન લેશે

મુંબઈ, તા.02

એપોઈન્ટમેન્ટ કમિટી ઓફ ધ કેબિનેટ એટલે કે ACC એ રોહિત જૈનને ભારતીય રિઝર્વ બેંક (RBI) ના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે નિયુક્ત કર્યા છે. તેમની આ નિમણૂક 3 વર્ષ માટે રહેશે, જે 3 મે અથવા તે પછીથી લાગુ ગણાશે. જૈન વર્તમાન ડેપ્યુટી ગવર્નર ટી. રબી શંકરનું સ્થાન લેશે, જેમનો કાર્યકાળ આજે સમાપ્ત થઈ રહ્યો છે. રોહિત જૈન આ પહેલા ડિસેમ્બર 2020 થી RBI માં કાર્યકારી નિર્દેશક (ED) તરીકે સેવા આપી રહ્યા હતા.



કાર્યકારી નિર્દેશક તરીકે, જૈને સુપરવિઝન વિભાગ (રિસ્ક, એનાલિટિક્સ અને વલ્નરેબિલિટી એસેસમેન્ટ) ની જવાબદારી સંભાળી છે. કેન્દ્ર સરકારે ગયા મહિને ડેપ્યુટી ગવર્નર પદ માટે ચાર કાર્યકારી નિર્દેશકોનો ઈન્ટરવ્યુ લીધો હતો, જેમાંથી જૈનના નામ પર મહોર લાગી છે.એપોઈન્ટમેન્ટ કમિટી ઓફ ધ કેબિનેટ એટલે કે ACC એ રોહિત જૈનને ભારતીય રિઝર્વ બેંક (RBI) ના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે નિયુક્ત કર્યા છે. તેમની આ નિમણૂક 3 વર્ષ માટે રહેશે, જે 3 મે અથવા તે પછીથી લાગુ ગણાશે. જૈન વર્તમાન ડેપ્યુટી ગવર્નર ટી. રબી શંકરનું સ્થાન લેશે, જેમનો કાર્યકાળ આજે સમાપ્ત થઈ રહ્યો છે. રોહિત જૈન આ પહેલા ડિસેમ્બર 2020 થી RBI માં કાર્યકારી નિર્દેશક (ED) તરીકે સેવા આપી રહ્યા હતા. કાર્યકારી નિર્દેશક તરીકે, જૈને સુપરવિઝન વિભાગ (રિસ્ક, એનાલિટિક્સ અને વલ્નરેબિલિટી એસેસમેન્ટ) ની જવાબદારી સંભાળી છે. કેન્દ્ર સરકારે ગયા મહિને ડેપ્યુટી ગવર્નર પદ માટે ચાર કાર્યકારી નિર્દેશકોનો ઈન્ટરવ્યુ લીધો હતો, જેમાંથી જૈનના નામ પર મહોર લાગી છે.

**રિઝર્વ બેંકમાં 30 વર્ષનો લાંબો અનુભવ**

જૈન પાસે રિઝર્વ બેંકમાં લગભગ ત્રણ દાયકાનો લાંબો અનુભવ છે. તેમણે પોતાની કારકિર્દી દરમિયાન સુપરવિઝન, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ અને બેંકિંગ સહિત અનેક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં કામ કર્યું છે.

**કોમર્સ અને એમબીએની ડિગ્રી, બેન્કિંગ રિસ્કમાં પણ નિષ્ણાત**

શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો, જૈને કોમર્સમાં માસ્ટર ડિગ્રી (M.Com) અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર ડિગ્રી (MBA) મેળવી છે. આ ઉપરાંત, તેમણે બેન્કિંગ રિસ્ક અને રેગ્યુલેશનમાં ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ (ICRR) અને સર્ટિફાઈડ એસોસિયેટ ઓફ ધ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ (CAIIB) જેવી પ્રોફેશનલ ડિગ્રીઓ પણ મેળવી છે. તેઓ એક સર્ટિફાઈડ બેન્ક ટ્રેનર પણ છે.

**આરબીઆઈમાં ડેપ્યુટી ગવર્નરોનું સમીકરણ**

આરબીઆઈમાં કુલ ચાર ડેપ્યુટી ગવર્નર હોય છે. તેમાંથી બે અધિકારીઓની નિમણૂક બેંકના આંતરિક રેન્કમાંથી બઢતી (પ્રમોશન) દ્વારા કરવામાં આવે છે. રોહિત જૈન સાથે એસ.સી. મુર્મુ બીજા એવા ડેપ્યુટી ગવર્નર છે, જેમને ઓક્ટોબર 2025માં આરબીઆઈની અંદરથી જ પ્રમોટ કરવામાં આવ્યા હતા.

અન્ય બે ડેપ્યુટી ગવર્નર બાહ્ય ક્ષેત્રોમાંથી પસંદ કરવામાં આવે છે. વર્તમાનમાં અર્થશાસ્ત્રી પૂનમ ગુપ્તા અને કોમર્શિયલ બેન્કર સ્વામીનાથન જે. (એસબીઆઈના પૂર્વ એમડી) આ પદ પર કાર્યરત છે.

**આ વિભાગોની મળી શકે છે જવાબદારી**

રોહિત જૈનને ટી રબી શંકરના કેટલાક મહત્વપૂર્ણ વિભાગોનો હવાલો મળવાની સંભાવના છે. આમાં ફાઈનાન્સિયલ માર્કેટ રેગ્યુલેશન, ફોરેન એક્સચેન્જ અને પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ જેવા વિભાગો સામેલ છે. આરબીઆઈ ટૂંક સમયમાં સત્તાવાર રીતે જૈનના પોર્ટફોલિયોની જાહેરાત કરશે.

તમારા બાળકને લખપતિ બનાવશે PPF એકાઉન્ટ:બાળકના નામે ખોલાવો એકાઉન્ટ, જાણો આ અંગે શું છે નિયમો

જો તમે બાળકના નામે રોકાણ શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) સ્કીમમાં રોકાણ કરી શકો છો. આ સ્કીમમાં હાલમાં 7.1% વાર્ષિક વ્યાજ આપવામાં આવી રહ્યું છે. તમે તમારા બાળકના નામે PPF એકાઉન્ટ ખોલીને તેના માટે સરળતાથી લાખોનું ફંડ તૈયાર કરી શકો છો. પરંતુ તેના કેટલાક નિયમો છે. અમે તમને તે નિયમો વિશે જણાવી રહ્યા છીએ. જો તમે બાળકના નામે રોકાણ શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) સ્કીમમાં રોકાણ કરી શકો છો. આ સ્કીમમાં હાલમાં 7.1% વાર્ષિક વ્યાજ આપવામાં આવી રહ્યું છે. તમે તમારા બાળકના નામે PPF એકાઉન્ટ ખોલીને તેના માટે સરળતાથી લાખોનું ફંડ તૈયાર કરી શકો છો. પરંતુ તેના કેટલાક નિયમો છે. અમે તમને તે નિયમો વિશે જણાવી રહ્યા છીએ.

# હવે 9 મિનિટમાં કારની બેટરી ફૂલ ચાર્જ થઈ જશે! : ડ્રાઈવરલેસ રોબોટેક્સી, ઉડતી કાર અને હોમ એપ્લાયન્સીસ કંટ્રોલ કરતી સ્માર્ટ કાર બેઇજિંગ ઓટો શોમાં રજૂ કરાઈ

નવી દિલ્હી, તા.02

ચીનની રાજધાની બેઈજિંગમાં શરૂ થયેલા ઓટો શો 2026માં ભવિષ્યની ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીનો ચહેરો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. 3.8 લાખ ચોરસ મીટરમાં ફેલાયેલા આ મેગા ઈવેન્ટમાં 1,450થી વધુ વાહનો અને 181 ગ્લોબલ ડેબ્યૂ રજૂ કરવામાં આવી રહ્યા છે. ચીન અને ગ્લોબલ કંપનીઓએ ભવિષ્યની કાર અને EVTOL (ઉડતા વાહનો)ના એવા કોન્સેપ્ટ રજૂ કર્યા છે, જે આવનારા સમયમાં ડ્રાઈવિંગના અર્થ બદલી શકે છે.



**અવતાર વિઝન એક્સપેક્ટ્રા- ભવિષ્યની કાર**

અવતારની આ 5.8 મીટર લાંબી ઈલેક્ટ્રિક ગ્રાન્ડ ટુરર એક 'મોબાઈલ સ્પેસ' જેવી ડિઝાઈન રજૂ કરે છે. ગ્લાસ રૂફ, પિલરલેસ ડોર અને પ્રિઝમેટિક કેબિન તેને કાર કરતાં વધુ એક લક્ઝરી અનુભવ બનાવે છે. તેમાં ઓટોનોમસ હાર્ડવેર અને 99% કાર્યક્ષમતાવાળી મોટર આપવામાં આવી છે.

**ગીલી રોબોટેક્સી - સ્ટીયરિંગ વિનાની ડ્રાઈવરલેસ કાર**

ગીલીએ ઓટોનોમસ રોબોટેક્સી રજૂ કરી છે. તેમાં સ્ટીયરિંગ વ્હીલ નથી. સામ-સામે સીટિંગ અને સેન્સર-આધારિત નેવિગેશન સિસ્ટમ તેને સંપૂર્ણપણે ડ્રાઈવરલેસ બનાવે છે. અત્યાધુનિક ટેકનોલોજી તેને જાતે નિર્ણય લેવા સક્ષમ બનાવે છે. કોમર્શિયલ વર્ઝન આવતા વર્ષે આવી શકે છે.

**બીવાયડી ડેન્ઝા - 9 મિનિટમાં ચાર્જ થશે**

બીવાયડીની આ હાઈ-પર્ફોર્મન્સ EV લગભગ 1100 હોર્સપાવર તાકાત આપે છે. તેની બેટરી માત્ર 9 મિનિટમાં લગભગ ફુલ ચાર્જ થઈ જાય છે.

**એક્સપેંગ લેન્ડ એરક્રાફ્ટ - ઉડતી કારનું નવું સ્વરૂપ**

એક્સપેંગનું આ મોડ્યુલર વાહન શોનું સૌથી વાયરલ આકર્ષણ રહ્યું. તેમાં એક કાર સાથે અલગ થઈ શકે તેવું ફ્લાઈંગ મોડ્યુલ છે, જે જરૂર પડ્યે હવામાં ઉડી શકે છે. આ કોન્સેપ્ટ શહેરી ટ્રાફિકથી બચવાનું ભવિષ્ય દર્શાવે છે અને AI આધારિત મોબિલિટીની દિશામાં એક મોટું પગલું માનવામાં આવી રહ્યુ છે.

**શાઓમી SU7 અલ્ટ્રા - કરશે રેસ્ટોરન્ટ બુક**

શાઓમી SU7 અલ્ટ્રા એક એવી કાર છે, જે તમારા સ્માર્ટ હોમ સાથે સંપૂર્ણપણે કનેક્ટ રહે છે. તમારા મોબાઈલ ફોનથી તમે કારના દરવાજા ખોલી શકો છો, ચાર્જિંગ સેટ કરી શકો છો, જ્યારે કારમાંથી તમે ઘરના ઉપકરણોને નિયંત્રિત કરી શકો છો. ઉદાહરણ તરીકે, જ્યારે તમે ગાડી ચલાવીને નીકળો છો, ત્યારે કાર બધી લાઈટો, ઉપકરણો બંધ કરી શકે છે અને પડદા પાડી શકે છે, સાથે જ તમારા ઘરે આવવાની જાણ થતાં એર કંડિશનિંગ ચાલુ કરી શકે છે. તેનું AI સિસ્ટમ ડ્રાઈવિંગ દરમિયાન રેસ્ટોરન્ટ બુકિંગ પણ કરી શકે છે.


**સિટ્રોએન ઈલો - ચાલતી-ફરતી ઓફિસ**

સિટ્રોએનની ઈલો કોન્સેપ્ટ એક ઈલેક્ટ્રિક MPV છે. તે વચ્ચે ડ્રાઈવર સીટ અને રોટેટિંગ ફીચર સાથે આવે છે. તેની સીટ્સ બેડમાં બદલી શકાય છે અને અંદર પ્રોજેક્શન સ્ક્રીન સાથે મિની થિયેટર જેવો અનુભવ મળે છે. આ કાર ટ્રાવેલ, કામ અને આરામ - ત્રણેયને એકસાથે જોડે છે.

# ઓટો ક્ષેત્ર ટોપ ગિયરમાં, એપ્રિલ માસમાં 4.5 લાખ કારનું વેચાણ

અમદાવાદ, તા.02

ભારતીય ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝ માટે નવા નાણાવર્ષ 26-27ની શરૂઆત ઉત્સાહજનક રહી છે. એપ્રિલ મહિનામાં પેસેન્જર વાહનોનું (PV) અંદાજિત વેચાણ 4.5 લાખ યુનિટ્સ નોંધાયું છે, જે ગત વર્ષના 3.54 લાખ યુનિટ્સની સરખામણીમાં 27 ટકાનો જંગી વધારો દર્શાવે છે. મારુતિ સુઝુકી, હ્યુન્ડાઈ, ટાટા અને મહિન્દ્રા જેવી અગ્રણી કંપનીઓએ વેચાણમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. મારુતિ સુઝુકી ઈન્ડિયાએ એપ્રિલમાં 1,91,122 યુનિટ્સનું વિક્રમી વેચાણ નોંધાવ્યું છે, જે ગતવર્ષે એપ્રિલમાં 1,42,053 યુનિટ્સ હતું. આ પહેલાં કંપનીનો ડિસેમ્બર 2025માં 1,82,165 યુનિટ્સનો સૌથી વધુ વેચાણનો રેકોર્ડ હતો. ટાટા મોટર્સે પણ સ્થાનિક બજારમાં 30.5 ટકાના ધરખમ વધારા સાથે 59,000 યુનિટ્સનું વેચાણ નોંધાવ્યું છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ 8 ટકાના ગ્રોથ સાથે 56,331 વાહનો વેચીને નવા નાણાકીય વર્ષની સકારાત્મક શરૂઆત કરી છે.



ટોયોટા કિર્લોસ્કર મોટરે એપ્રિલ 2026માં 32,086 યુનિટ સાથે તેના વેચાણ નોંધાવ્યું છે જે એપ્રિલ 25માં વેચાયેલા 27,329 યુનિટની તુલનામાં 17%ની વૃદ્ધિ દર્શાવે છે. આમાં સ્થાનિક બજારમાં વેચાયેલા 30,159 યુનિટ અને નિકાસ કરાયેલા 1,927 યુનિટનો સમાવેશ થાય છે.

**કિયા ઈન્ડિયાએ વાર્ષિક ધોરણે 16% વૃદ્ધિ નોંધાવી**

કિયા ઈન્ડિયાએ એપ્રિલ મહિના માટે તેના અત્યાર સુધીના સૌથી વધુ 27,286 યુનિટનું હોલસેલ વેચાણ વોલ્યુમ નોંધાવ્યું છે, જે એપ્રિલ 25માં 23,623 યુનિટ કરતાં 16% વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે.

**ટાટા મોટર્સ પેસેન્જર વ્હિકલ્સે 59,701 યુનિટનું વેચાણ નોંધાવ્યું**

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડનું એપ્રિલ 2026માં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં વેચાણ 59,701 યુનિટ રહ્યું, જે એપ્રિલ 2025માં 45,532 યુનિટ હતું. ઈવી આઈબી તથા ડોમેસ્ટિકમાં 9150 યુનિટ્સનું વેચાણ નોંધાવ્યું છે જે અગાઉના વર્ષ કરતા 72.1 ટકા વૃદ્ધિ નોંધાવે છે.

**ફોર્સ મોટર્સ સર્વોચ્ચ અભૂતપૂર્વ મહેસૂલ અને નફાશક્તિ હાંસલ કરી**

ફોર્સ મોટર્સ લિમિટેડે ગત વર્ષની તુલનામાં એકંદર હોલસેલમાં 20 ટકાની વૃદ્ધિ સાથે મજબૂત ઘરઆંગણાની કામગીરી, વર્ષ દરમિયાન અર્બેનિયા દ્વારા 100 ટકાની વૃદ્ધિ નોંધાવવા સાથે પ્રીમિયમ મોબિલિટીમાં એક્સિલરેશન. ગ્રામીણ અને અર્ધ-શહેરી બજારોમાં વિસ્તારિત પહોંચ.

**બીએમડબ્લ્યુ એફ 450 જીએસની રજૂઆત**

બીએમડબ્લ્યુ મોટરરેડ ઈન્ડિયાએ ભારતમાં બીએમડબ્લ્યુ એફ 450 જીએસની રજૂઆત કરી હતી. જર્મનીમાં બીએમડબ્લ્યુ મોટરરેડ દ્વારા વિકસાવવામાં આવી છે અને ભારતમાં સ્થાનિક સ્તરે ઉત્પાદિત થશે.

# બજેટ 2026-ઈન્ટરનેશનલ પ્રવાસીઓ માટે 50 શહેરો ડિઝાઇન કરાશે

## દ્વારકા, વારાણસી, મથુરા, ઉજ્જૈન સામેલ, ભારતને ઓલ-સીઝન ડેસ્ટિનેશન, ગ્લોબલ ટુરિસ્ટ-હબ બનાવવાની તૈયારી

નવી દિલ્હી, તા.02

નાણા મંત્રી નિર્મલા સીતારમણે રવિવારે કેન્દ્ર સરકારનું વર્ષ 2026-27 માટે બજેટ રજૂ કર્યું. બજેટમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ઘણી જાહેરાતો થઈ.

નાણા મંત્રીની જાહેરાત મુજબ દેશના 50 શહેરોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્લ્ડ ક્લાસ લેવલની જેમ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે તૈયાર કરવામાં આવશે. તેનો હેતુ ભારતને ઓલ-સીઝન ડેસ્ટિનેશન અને ગ્લોબલ ટુરિસ્ટ-હબ બનાવવાનો છે.



આ યોજનાની મદદથી એક એવી ઈકોસિસ્ટમ તૈયાર થઈ જશે, જેનાથી ટિયર 2-3 શહેરો અને ગામડાઓની અર્થવ્યવસ્થા મજબૂત થશે. આનાથી દેશનું ફોરેક્સ રિઝર્વ પણ વધશે, સાથે જ સાંસ્કૃતિક ઓળખ મજબૂત થશે.

પર્યટનને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં 2,438.40 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સરકારનું લક્ષ્ય છે કે 2047 સુધીમાં 10 કરોડ વિદેશી પર્યટકો ભારત આવે. 2034 સુધીમાં ભારતની જીડીપીમાં પર્યટનનું યોગદાન 43.25 લાખ કરોડ રૂપિયા સુધીનું હોઈ શકે છે.

6.3 કરોડ લોકોને રોજગારી આપવામાં સક્ષમ બનશે. પર્યટન મંત્રાલયના ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ રિપોર્ટ મુજબ ભારતમાં દર વર્ષે લગભગ 1 કરોડ વિદેશી પર્યટકો આવે છે. તેમાંથી 6-7% બૌદ્ધ પર્યટકો હોય છે.

ગયા વર્ષે 7.10 લાખ બૌદ્ધ પર્યટકો ભારત આવ્યા. પૂર્વોત્તર ભારતના વિકાસ માટે આ વખતે 6,812 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ રકમ ગયા બજેટ કરતાં 20% વધુ છે.

અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, આસામ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં બૌદ્ધ સર્કિટનો વિકાસ કરવામાં આવશે.

મંદિરોના શહેર તરીકે ઓળખાતા શહેરોમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની જરૂરિયાત મુજબ મૂળભૂત સુવિધાઓ વિકસાવવામાં આવશે. આમાં ઉત્તર પ્રદેશના વારાણસી અને મથુરા, જમ્મુ-કાશ્મીરનું જમ્મુ, ઉત્તરાખંડના ઋષિકેશ અને હરિદ્વાર જેવા શહેરો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

દક્ષિણમાં તમિલનાડુના મદુરાઈ અને કાંચીપુરમ, કર્ણાટકનું હમ્પી, આંધ્ર પ્રદેશનું તિરુપતિ, ઓડિશાનું ભુવનેશ્વર અને પુરીનો વિકાસ કરવામાં આવશે. આ ઉપરાંત, આ યાદીમાં પશ્ચિમ બંગાળનું બિશ્નુપુર, મધ્ય પ્રદેશનું ઉજ્જૈન અને ખજુરાહો, ગુજરાતનું દ્વારકા અને મહારાષ્ટ્રનું પંઢરપુર સામેલ હશે.

નેશનલ ડેસ્ટિનેશન ડિજિટલ નોલેજ ગ્રિડ દ્વારા ભારતીય પર્યટન સ્થળોનો ડિજિટલ ડેટા તૈયાર થશે. આનાથી વિદેશી પર્યટકો આકર્ષિત થશે. સ્થાનિક સ્તરે સંશોધકો, ઈતિહાસકારો, કન્ટેન્ટ ક્રિએટર્સ, હોટેલ, ગાઈડ, ટ્રાન્સપોર્ટ, સ્થાનિક હસ્તકલા, હોમ-સ્ટે અને ટેકનિકલ ક્ષેત્રમાં રોજગારીની તકો વધશે.

IIM દેશના 20 મુખ્ય પર્યટન સ્થળોના 10 હજાર ગાઈડને 12 અઠવાડિયાની તાલીમ આપશે. એરપોર્ટ પર સામાન લાવવા-લઈ જવાના નિયમો સરળ બનશે. કુશળ કર્મચારીઓ ઉપલબ્ધ કરાવવા માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હૉસ્પિટાલિટીની સ્થાપના થશે.

હવે સીપ્લેન (જળ-વિમાન) પોતાના દેશમાં જ બનાવવામાં આવશે. તેમના સંચાલન માટે સરકાર સબસિડી આપશે. આ માટે સીપ્લેન VGF યોજના શરૂ થશે.

લોથલ, ધોળાવીરા, રાખીગઢી, સારનાથ, લેહ પેલેસ, આદિચનલ્લુર, હસ્તિનાપુર જેવા દેશના 15 પુરાતત્વીય સ્થળો એક્સપિરિયન્શિયલ કલ્ચરલ ડેસ્ટિનેશન્સ તરીકે વિકસાવવામાં આવશે.

અહીં પ્રવાસીઓ ઈતિહાસને જીવંત સ્વરૂપમાં અનુભવી શકશે. અહીં પ્રવાસીઓ માટે વોકવે અને ઈમર્સિવ સ્ટોરીટેલિંગ તકનીકોનો ઉપયોગ કરવામાં આવશે.

ભારતમાં આ વર્ષે પ્રથમ 'ગ્લોબલ બિગ કેટ સમિટ'નું આયોજન થશે. બે વર્ષ પહેલા 2024માં ભારતે ઈન્ટરનેશનલ બિગ કેટ ગઠબંધન સ્થાપિત કર્યું હતું. આ અંતર્ગત વાઘ, સિંહ, દીપડો, હિમ દીપડો, ચિત્તો, જગુઆર, પ્યુમા જેવા પ્રાણીઓના સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આમાં વિશ્વના 95 દેશોના વડાઓ આ પ્રાણીઓના સંરક્ષણ માટેની સામૂહિક વ્યૂહરચના પર ચર્ચા કરશે

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીરમાં માઉન્ટેન ટ્રેલ્સ (ટ્રેકિંગના રસ્તા) વિકસાવવામાં આવશે. તેને એડવેન્ચર ટુરિઝમ તરીકે પ્રચારિત કરવામાં આવશે. પૂર્વ ઘાટની અરકુ વેલી અને પશ્ચિમ ઘાટના પોધીગઈ મલઈમાં પણ માઉન્ટેન ટ્રેલ્સ બનશે. ઓડિશા, કર્ણાટક અને કેરળમાં ટર્ટલ ટ્રેલ્સ બનશે. આંધ્ર પ્રદેશ અને તમિલનાડુમાં બર્ડ વોચિંગ ટ્રેલ્સ વિકસાવવામાં આવશે. આ ટકાઉ વિકાસના પર્યટન મોડેલથી પર્યાવરણનું સંરક્ષણ કરવામાં આવશે.

# તમારા બાળકને લખપતિ બનાવશે PPF એકાઉન્ટ : બાળકના નામે ખોલાવો એકાઉન્ટ, જાણો આ અંગે શું છે નિયમો

મુંબઈ, તા.02

જો તમે બાળકના નામે રોકાણ શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) સ્કીમમાં રોકાણ કરી શકો છો. આ સ્કીમમાં હાલમાં 7.1% વાર્ષિક વ્યાજ આપવામાં આવી રહ્યું છે. તમે તમારા બાળકના નામે PPF એકાઉન્ટ ખોલીને તેના માટે સરળતાથી લાખોનું ફંડ તૈયાર કરી શકો છો. પરંતુ તેના કેટલાક નિયમો છે. અમે તમને તે નિયમો વિશે જણાવી રહ્યા છીએ.



**એક વ્યક્તિ એક જ બાળકના નામે PPF એકાઉન્ટ ખોલી શકે છે**

એક વ્યક્તિ પોતાના નામે ફક્ત એક જ PPF એકાઉન્ટ ખોલાવી શકે છે. જોકે, વ્યક્તિ પોતાના PPF એકાઉન્ટ ઉપરાંત સગીર બાળકના નામે અન્ય એક PPF ખાતું ખોલાવી શકે છે.

પરંતુ અહીં ધ્યાન આપવા જેવી બાબત એ છે કે એક વાલી (ગાર્ડિયન) એક જ બાળકના નામે PPF ખાતું ખોલી શકે છે. નિયમો અનુસાર, જો કોઈને બે બાળકો હોય તો એક સગીર બાળકનું PPF એકાઉન્ટ માતા અને બીજાનું પિતા ખોલાવી શકે છે.

**કેટલા પૈસા જમા કરી શકાય છે?**

નાના બાળકના PPF એકાઉન્ટ માટે પણ એક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 500 અને વધુમાં વધુ 1.5 લાખ રૂપિયાની ડિપોઝિટ લિમિટ લાગુ પડે છે. પરંતુ જો માતા-પિતાનું પોતાનું PPF એકાઉન્ટ પણ હોય, તો તેમના પોતાના એકાઉન્ટ અને નાના બાળકના PPF એકાઉન્ટ બંનેને મળીને મહત્તમ ડિપોઝિટ લિમિટ વાર્ષિક 1.5 લાખ રૂપિયા જ રહેશે.

**બાળક 18 વર્ષનો થાય ત્યારે તે પોતાનું એકાઉન્ટ સંભાળી શકે છે**

નાના બાળક 18 વર્ષનો થઈ જાય પછી એકાઉન્ટનું સ્ટેટસ માઈનોરથી મેજર કરવા માટે અરજી આપવી પડશે. આ પછી, પુખ્ત થયેલું બાળક પોતાનું એકાઉન્ટ જાતે સંભાળી શકે છે.

**15 વર્ષનો હોય છે મેચ્યોરિટી પિરિયડ**

PPF એકાઉન્ટ 15 વર્ષમાં મેચ્યોર થાય છે. તમે ઈચ્છો તો મેચ્યોરિટી પછી પૂરા પૈસા ઉપાડી શકો છો. જો તમને પૈસાની જરૂર ન હોય તો તેને 5-5 વર્ષ માટે આગળ વધારી શકાય છે.

**આના પર ટેક્સ છૂટનો લાભ મળે છે**

PPF ઈન્કમ ટેક્સની EEE કેટેગરીમાં આવે છે. એટલે કે, યોજનામાં કરવામાં આવેલા સંપૂર્ણ રોકાણ પર તમને ટેક્સ છૂટનો લાભ મળે છે. સાથે જ, આ યોજનામાં રોકાણથી મળતા વ્યાજ અને રોકાણની સંપૂર્ણ રકમ પર પણ કોઈ પ્રકારનો ટેક્સ ચૂકવવો પડતો નથી.

**સરળતાથી તૈયાર થશે મોટુ ફંડ**

આ સ્કીમ દ્વારા જો તમે દર મહિને 1 હજાર રૂપિયાનું રોકાણ કરો છો, તો તમને 15 વર્ષ પછી 3 લાખ 18 હજાર રૂપિયા મળશે. જ્યારે જો તમે દર મહિને 2 હજાર રૂપિયાનું રોકાણ કરો છો, તો તમને 15 વર્ષ પછી 6 લાખ 37 હજાર રૂપિયા મળશે. અહીં જાણો કે આમાં રોકાણ કરવાથી તમને કેટલો ફાયદો થશે.

**PPF એકાઉન્ટ કોણ ખોલી શકે છે?**

કોઈપણ વ્યક્તિ પોસ્ટ ઓફિસ અથવા બેંકમાં પોતાના નામે આ એકાઉન્ટ ખોલી શકે છે. આ ઉપરાંત, સગીર વતી અન્ય કોઈ વ્યક્તિ દ્વારા પણ આ ખાતું ખોલી શકાય છે.

# આ અઠવાડિયે સોના-ચાંદીમાં ઘટાડો રહ્યો : ચાંદીની કિંમત ₹3389 ઘટીને ₹2.40 લાખ પ્રતિ કિલો થઈ, સોનું ₹1216 સસ્તું થઈને ₹1.50 લાખ થયું



નવી દિલ્હી, તા.02

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો. સોનું અઠવાડિયામાં 1,216 રૂપિયા ઘટીને 10 ગ્રામ દીઠ 1,50,263 રૂપિયા પર આવી ગયું. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 25 એપ્રિલે 1,51,479 રૂપિયા પર હતું. જ્યારે, ચાંદી 2,43,720 રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2,40,331 રૂપિયા પર પહોંચી ગઈ છે. એટલે કે તેની કિંમત 3,389 રૂપિયા ઘટી ગઈ.

**સોનું ઓલ ટાઈમ હાઈથી 27 હજાર સસ્તું થયું**

વર્ષની શરૂઆતમાં સોનામાં તેજી હતી, પરંતુ હાલના અઠવાડિયામાં નફાખોરી અને ઈરાન યુદ્ધને કારણે ઘટાડો જોવા મળ્યો છે.

શરૂઆતનું સ્તર (31 ડિસેમ્બર 2025): 1.33 લાખ

ઓલ ટાઈમ હાઈ (29 જાન્યુઆરી 2026): 1.76 લાખ

વર્તમાન સ્થિતિ: હાઈ સ્તરથી સોનું 26 હજાર સસ્તું થઈને હવે 1.50 લાખ/10 ગ્રામ પર આવી ગયું છે.

**ચાંદીમાં કડાકો: 3.86 લાખથી 2.37 લાખ સુધી**

ચાંદીમાં સોનાની સરખામણીમાં વધુ ઉતાર-ચઢાવ રહ્યો અને તે ઓલ ટાઈમ હાઈથી ઝડપથી નીચે આવી છે.

શરૂઆતનું સ્તર (31 ડિસેમ્બર 2025): 2.30 લાખ

ઓલ ટાઈમ હાઈ (29 જાન્યુઆરી 2026): 3.86 લાખ

ઘટાડાનો આંકડો: 91 દિવસમાં ચાંદી 1.46 લાખ ઘટીને 2.40 લાખ/કિલો પર આવી.

**જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો**

1. પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TRD/ADI/08 (2026-27) તારીખ: 01.05.2026

**ઈન્ટરલોકિંગના સંબંધમાં OHE ફેરફાર**

ટેન્ડર નં. TRD-ADI-T-01R-2026-27

**કામનું નામ:** કંડલા પોર્ટ યાર્ડના ઈન્ટરલોકિંગના સંબંધમાં OHE ફેરફાર . **અંદાજીત પડતર:** ₹ ૧,૩૮,૮૪,૮૭૬/- **અર્નેસ્ટ મની:** ₹ ૨,૭૭,૭૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમય:** તા.૨૯-૦૫-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૨૯-૦૫-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

ADI-021

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# રાજકોટની પ્રથમ ઇંગ્લીશ મીડિયમ સરકારી માધ્યમિક હાઇટેક સ્કૂલ : પ્રાઈવેટ શાળાને ટક્કર મારે તેવા 29 સ્માર્ટ ક્લાસ, ઇ લાઇબ્રેરી, સાયન્સ-કોમ્પ્યુટર લેબ, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ

**રાજકોટ, તા.02**

ગુજરાતની સ્થાપનાકાળના 66 વર્ષ બાદ રંગીલા શહેરમાં સામાજિક કાર્યકરો અને શિક્ષણ વિભાગના પ્રયત્નોથી અલ્પવિકસિત ગણાતા ભગવતીપરા વિસ્તારમાં રૂ.19 કરોડના ખર્ચે હાઈટેક અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં એડમિશન પ્રક્રિયા શરૂ થતા એક જ દિવસમાં 15 વિદ્યાર્થીઓના પ્રવેશ થઈ ચૂક્યા છે.

2000 વિદ્યાર્થીઓની કેપેસિટી ધરાવતા બિલ્ડિંગમાં 29 સ્માર્ટ ક્લાસ, લાઈબ્રેરી, ઈ લાઈબ્રેરી, સાયન્સ અને કોમ્પ્યુટર લેબ, એક્ટિવિટી રૂમ, કાઉન્સિલિંગ રૂમ, બેડમિંટન કોર્ટ, ટેબલ ટેનિસ કોર્ટ, ઈન્ડોર ગેઈમ્સ રૂમ, વોલીબોલ ટ્રેક, કબડ્ડી ગ્રાઉન્ડ અને એથ્લેટીક્સ ટ્રેક ઉપરાંત કેન્ટીનની સુવિધા પણ છે. આ સરકારી સ્કૂલ પર જવા માટે સીટી બસની સુવિધા પણ ઉપલબ્ધ છે. રૂટ નંબર 43 અને 86 ની બસ આ સ્કૂલ સુધી જાય છે.

લાખો રૂપિયાની ફી ઉઘરાવતી ખાનગી શાળાઓને ટક્કર મારે તેવી આ અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા સરકારી સ્કૂલમાં ધો. 1થી 8માં ભણેલા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે. ખરેખર શિક્ષણ વિભાગ દ્વારા આ સરકારી શાળાનો પ્રચાર પ્રસાર કરવાનો હોય છે પરંતુ તે બીડું સામાજિક કાર્યકરોએ




ઝડપ્યું હોય તેમ આ સ્કૂલની સ્પેશિયલ વીડિયોગ્રાફી કરાવી અને તેનો ન માત્ર રાજકોટ શહેર જ પરંતુ સૌરાષ્ટ્રમાં પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

રાજકોટમાં પ્રથમ અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા શરૂ

રાજકોટ મહાનગરપાલિકાએ ભગવતીપરામાં સરકારી શાળાનું બિલ્ડિંગ બનાવવામાં આવ્યુ છે. મ્યુનિસિપલ કમિશનરની આગેવાની હેઠળ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અહીં અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા મંજૂર કરવામાં આવેલી છે. 2025ના જુલાઈ મહિનામાં મંજૂરી મળી હતી, પરંતુ ત્યારે શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું હોવાથી સ્કૂલ શરૂ થઈ શકી ન હતી. જોકે ચાલુ વર્ષે વેકેશનથી જ અહીં પ્રવેશની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જ્યાં વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતા તમામ લાભો મળવાનો છે. જેથી અહીં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે માટેના પ્રયત્નો શરૂ કર્યા છે.

'બાળકોને અંગ્રેજી સરકારી માધ્યમિક શાળા આશીર્વાદરૂપ બની રહેશે'

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે, આ શાળા એવા બાળકો માટે ઉપયોગી થવાની છે કે જેઓ ધો. 1થી 8માં RTEમાં અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં અભ્યાસ કરે છે. અત્યારસુધી આ પ્રકારના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે એક કે બે જ ગ્રાન્ટેડ શાળાઓ હતી. જ બંને શાળામાં RTEના તમામ વિદ્યાર્થીઓનું પ્રવેશ થઈ શકે તેમ ન હતો.

# ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટામાં સૂર-સંગીતની સુરાવલી રેલાઇ

**ગાંધીનગર, તા.02**

ગુજરાત રાજ્યના 66માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણીના ભાગરૂપે ગઈકાલે રાત્રે પાટનગરના ઘ-4 સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'જલસા સ્ટ્રીટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અર્બન મ્યુઝિશિયન ગ્રુપના બાળ કલાકારો અને લોકગાયક કુશલ ગઢવીની પ્રસ્તુતિએ હજારો નગરજનોને મંત્રમુગ્ધ કર્યા હતા, જે ગુજરાતની અસ્મિતા અને કલાના સન્માનનો ઉત્સવ બની રહ્યો હતો.

બાળ પ્રતિભાઓની સંગીતમય જુગલબંધી

કાર્યક્રમના પ્રારંભમાં ગાંધીનગરના સ્થાનિક 'અર્બન મ્યુઝિશિયન ગ્રુપ'ના બાળ કલાકારોએ મંચ ગજવ્યો હતો. આ નાના કલાકારોએ કીબોર્ડના આધુનિક સૂર સાથે તબલા, ઢોલ અને વાંસળીના પરંપરાગત સંગીતની અદભૂત જુગલબંધી રજૂ કરી હતી. ભારતીય અને પશ્ચિમી વાદ્યોના આ ફ્યુઝન સંગીતે શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા અને નવી પેઢીની સાંસ્કૃતિક સજાગતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

લોકસંગીતની જમાવટ

સાંસ્કૃતિક સંધ્યાના બીજા ભાગમાં લોકપ્રિય કલાકાર કુશલ ગઢવીએ પોતાની આગવી શૈલીમાં લોકગીતો અને ભજનોની રમઝટ બોલાવી હતી. તેમણે પ્રાચીન લોકસંગીતની સાથે અર્વાચીન ગીતોનો એવો સુમેળ સાધ્યો હતો કે યુવાનોથી લઈને વયોવૃદ્ધો સુધીના તમામ નગરજનો સંગીતના તાલે ગરબે ઘૂમ્યા હતા.

# દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ મધ્યમાં છોડે છે અભ્યાસ : ગુજરાતમાં માધ્યમિક સ્તરે વધ્યો ડ્રોપઆઉટ દર, આર્થિક-સામાજિક કારણો જવાબદાર

**ગાંધીનગર, તા.02**

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ બાદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસ અધવચ્ચે છોડી દેવાનું પ્રમાણ શિક્ષણ જગત માટે ચિંતાનો વિષય બન્યું છે. ધોરણ 9થી 12 દરમિયાન વધતા ડ્રોપઆઉટ રેટ પાછળ આર્થિક સંકટ, મજૂર વર્ગનું સ્થળાંતર અને શૈક્ષણિક સુવિધાઓનો અભાવ જેવા પરિબળો મુખ્યત્વે જવાબદાર હોવાનું નિષ્ણાતોનું માનવું છે. આ પરિસ્થિતિને ડામવા સરકાર હવે વિદ્યાર્થીઓને શાળામાં ટકાવી રાખવા માટે 'રિટેન્શન' લક્ષી આધુનિક અભિગમ અપનાવી રહી છે.

ડ્રોપઆઉટ માટે જવાબદાર મુખ્ય પરિબળો

રાજ્યમાં વિદ્યાર્થીઓ શાળા છોડે છે તેની પાછળ સામાજિક અને આર્થિક કારણોનું મિશ્રણ જોવા મળે છે. આર્થિક અને સામાજિક કારણો: ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબીને કારણે વિદ્યાર્થીઓને નાની ઉંમરે મજૂરીકામમાં જોડાવું પડે છે. મજૂર પરિવારોના સતત સ્થળાંતરને કારણે બાળકોનું શિક્ષણ છૂટી જાય છે. શૈક્ષણિક ગુણવત્તાનો અભાવ: વિષયવાર નિષ્ણાત શિક્ષકોની અછત, આધુનિક લેબોરેટરીનો અભાવ અને ગણિત-વિજ્ઞાન જેવા વિષયોનો ડર વિદ્યાર્થીઓને અભ્યાસથી વિમુખ કરે છે. માનસિક દબાણ: કિશોરાવસ્થામાં પરીક્ષાનો તણાવ અને ભવિષ્ય અંગેની અનિશ્ચિતતા પણ ડ્રોપઆઉટના દરમાં વધારો કરે છે.

સરકારના સુધારાત્મક પગલાં અને નવી નીતિ

શિક્ષણ વિભાગ હવે માત્ર નવા એડમિશન આપવાને બદલે વિદ્યાર્થીઓને શાળામાં જાળવી રાખવા (Retention) પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ટેકનોલોજીનો ઉપયોગ: રાજ્યમાં ડિજિટલ ક્લાસરૂમ, સ્માર્ટ સ્કૂલ અને ઈ-લર્નિંગ પ્લેટફોર્મને વેગ આપવામાં આવી રહ્યો છે. કૌશલ્ય વિકાસ: અભ્યાસને રોજગારલક્ષી બનાવવા માટે વ્યાવસાયિક શિક્ષણ (Vocational Education) અને સ્કિલ ડેવલપમેન્ટ કોર્સ દાખલ કરાયા છે. ટ્રેકિંગ સિસ્ટમ: શાળા છોડનાર વિદ્યાર્થીઓને ટ્રેક કરી તેમને ફરી મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સ્પેશિયલ ટ્રેકિંગ સિસ્ટમ અને વાલી જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યા છે. શિક્ષકોની તાલીમ: શિક્ષકોને નવી શિક્ષણ પદ્ધતિ અને ટેક્નોલોજી અંગે સજ્જ કરવા માટે વિશેષ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

બેરોજગારી અને અકુશળ શ્રમિકોની સંખ્યામાં વધારો

વિદ્યાર્થીઓનું અધવચ્ચેથી શિક્ષણ છોડવું એ રાજ્યના માનવ સંસાધન અને આર્થિક વિકાસ માટે ગંભીર જોખમ છે. નિષ્ણાતોના મતે, જો સમયસર અસરકારક પગલાં લેવામાં નહીં આવે તો લાંબા ગાળે બેરોજગારી અને અકુશળ શ્રમિકોની સંખ્યામાં વધારો થઈ શકે છે.

# 26 વર્ષીય પરિણીતાએ ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી : બે સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી, આપઘાતનું કારણ અકબંધ; સેક્ટર-6ના વીર ભગતસિંહ નગરનો બનાવ

**ગાંધીનગર, તા.02**

ગાંધીનગરના સેક્ટર-6 માં આવેલ વીર ભગતસિંહ નગરમાં ગઈકાલે રાતે બે સંતાનોની માતાએ રૂમમાં પંખે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવી લેતા ચકચાર મચી ગઈ છે. રાત્રે જમી પરવારીને વહુ અને સાસુ નીચે સોસાયટીમાં આંટો મારવા નીકળ્યા હતા. બાદમાં એકાએક પરણિતાએ ઘરે આવીને આપઘાત કરી લેતા સેક્ટર 7 પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રૂમ બંધ કરી પંખામાં લટકી જિંદગી ટૂંકાવી

ગાંધીનગરના સેક્ટર-6 ખાતેના વીર ભગત સિંહ નગરમાં વધુ એક આપઘાતની ઘટના પ્રકાશમાં આવી છે. મૂળ ધોળકાના અલ્પેશભાઈ સોનારાના લગ્ન સાડા સાતેક વર્ષ અગાઉ સ્નેહલબેન(ઉંમર 26) સાથે થયા હતા. ગાંધીનગરના વીર ભગતસિંહ નગરના સી-1 ટાઈપ મકાન નંબર 604 માં રહેતા રહેતા અલ્પેશભાઈ GUDAમાં નોકરી કરે છે.



આ લગ્ન જીવનથી દંપતીને છ વર્ષની દીકરી અને પાંચ વર્ષનો દીકરો છે. સ્કૂલમાં વેકેશન હોવાથી દીકરી તેની માસીને ઘરે રહેવા ગઈ છે. ગઈકાલે શુક્રવારે જમી પરવારીને સ્નેહલબેન દીકરાને લઈ સાસુ સાથે નીચે સોસાયટીમાં આંટો મારવા માટે ગયા હતા. એ વખતે તેમનો દિયર અજય ઘરે એકલો હતો. જે પ્રાઈવેટ સિક્યુરિટી માં નોકરી કરે છે. બાદમાં રાતે દસેક વાગ્યાના અરસામાં સ્નેહલબેન દીકરાને લઈને ઘરે ગયા હતા. એ વખતે દિયર અજય એક રૂમમાં મોબાઈલ જોઈ રહ્યો હતો. એટલે પાંચ વર્ષના દીકરાને દિયર પાસે મોબાઈલ જોવા રાખીને સ્નેહલબેને સફાળા બીજા રૂમમાં ઘૂસી જઈને જોરથી અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો.

ત્યારે અચાનક ભાભી ગુસ્સામાં રૂમમાં જતા રહીને અંદરથી દરવાજો બંધ કરી દેતા અજયને શંકા ગઈ હતી. જેથી તેણે રૂમનો દરવાજો ખોલાવવા ઘણી મથામણ કરી બૂમાબૂમ કરી મૂકી હતી. જેના પગલે આસપાસના પડોશીઓ એકઠા થઈ ગયા હતા. આ દરમિયાન કોઈ પાડોશીએ પોતાના ઘરેથી નજર કરતા સ્નેહલબેન રૂમમાં પંખે ગળાફાંસો ખાવાની તૈયારી કરતા હોવાનું જોવા મળ્યું હતું.

જેના પગલે વસાહતીઓએ એકઠા થઈ બળ પ્રયોગ કરીને રૂમનો દરવાજો તોડી નાખ્યો હતો. જોકે ત્યાં સુધીમાં તો સ્નેહલબેને પંખે લટકીને જીવન ટુંકાવી લીધું હતું. આ ઘટનાની જાણ થતા સ્નેહલબેનના પતિ અલ્પેશભાઈ પણ ઘરે દોડી આવ્યા હતા. બાદમાં 112 માં જાણ કરવામાં આવતા સેક્ટર 7 પોલીસ ની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને લાશને નીચે ઉતારી પંચનામા સહિતની કાર્યવાહી શરૂ કરી હતી.

# હિટ એન્ડ રનમાં દંપતીને કાળ ભેટ્યો : દહેગામ-રખિયાલ હાઈવે પર અજાણ્યા કાર ચાલકે બાઇક સવાર દંપતીને અડફેટે લીધું

**દહેગામ-રખિયાલ, તા.02**

દહેગામ-રખિયાલ હાઈવે રોડ પર ગઈકાલે(1 એપ્રિલ) શુક્રવારે મોડી સાંજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર આવેલા જોગણી માતાના મંદિર પાસે પૂરઝડપે એક અજાણી ફોર વ્હીલર ગાડીના ચાલકે બાઈક સવાર દંપતીને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં વાસણા રાઠોડ ગામના દંપતીનું કરુણ મોત નિપજ્યું હતું. આ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાંપા ગામે જતા સમયે અકસ્માત

પોલીસ સૂત્રોના જણાવ્યા




અનુસાર,વાસણા રાઠોડ ગામે રહેતા હરીભાઈ કોદરજી ડાભી અને તેમના પત્ની લલીતાબેન ગઈકાલે શુક્રવારે સાંજે બાઈક પર સવાર થઈને સાંપા ગામે એક પ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. દરમિયાન તેઓ દહેગામ-રખિયાલ હાઈવે પર જોગણી માતાના મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે કાળ બનીને આવેલી એક અજાણી ગાડીએ તેમને અડફેટે લીધા હતા.

દંપતી બાઈક પરથી ઉછળીને રોડ પર પટકાયું હતું

આ અકસ્માત સર્જાતા દંપતી બાઈક પરથી ઉછળીને રોડ પર પટકાયું હતું. અને બંનેને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતના પગલે આસપાસના લોકો દોડી ગયા હતા અને 108 એમ્બ્યુલસ બોલાવી ઈજાગ્રસ્ત દંપતીને સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. જોકે વધુ ઈજાઓ થવાથી હરિભાઈનું સ્થળ પર જ મોત નીપજ્યુ હતું.

અકસ્માત સમયે નાનો ભાઈ મોટા ભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયો હતો

લલિતાબેને ગાંધીનગર સિવિલમાં ટૂંકી સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ અકસ્માત સમયે મૃતક દંપતીનો પુત્ર રણજીત ડાભી પોતાના મોટા ભાઈ ભરતભાઈને હાથમાં ફ્રેક્ચર હોવાથી સારવાર માટે નરોડાની હોસ્પિટલમાં લઈ ગયો હતો. એ વખતે 108 દ્વારા તેને ફોન કરીને માતાપિતાનો અકસ્માત થયાની જાણ કરાઈ હતી.

# 14 વર્ષની સગીરા પર દુષ્કર્મ કેસમાં સજા : 2 આરોપીને 20 વર્ષની સજા, પીડિતાને 6 લાખનું વળતર ચૂકવવા આદેશ

**વડોદરા, તા.02**

વડોદરા શહેરના હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક 14 વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવીને તેનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારવાના કેસમાં બે નરાધમોને કોર્ટે 20 વર્ષની સખત કેદની સજા ફટકારી, પીડિતાને 6 લાખનું વળતર ચૂકવવા આદેશ કર્યો છે.

બંને આરોપીને 20 વર્ષની સખત કેદની સજા

સ્પેશિયલ જજ પ્રિયંકા અગ્રવાલે આ ગુનાને સમાજ માટે કલંક સમાન ગણાવી મુખ્ય આરોપી મંગુભાઈ ઉર્ફે ગોવિંદ નીસરતા અને તેને મદદ કરનાર અજમભાઈ ઉર્ફે આદમ નીસરતાને તકસીરવાન ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

સગીરાને ગોધરા બોલાવી અપહરણ કર્યું

મે 2025માં આરોપી ગોવિંદે સગીરાને મોબાઈલ ફોન આપી લલચાવી-ફોસલાવી પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપીઓએ સગીરાને ગોધરા બોલાવી હતી. ત્યાંથી ગોવિંદ અને આદમે તેનું અપહરણ કર્યું હતું અને અલગ-અલગ સ્થળોએ ગોંધી રાખી હતી. આ સમયગાળા દરમિયાન આરોપી ગોવિંદે સગીરાની મરજી વિરુદ્ધ અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું.

# અમદાવાદમાંથી રૂ. 1.21 કરોડની શંકાસ્પદ દવા જપ્ત : વડોદરામાં ગેરકાયદે ઈન્જેક્શનનું વેચાણ કરતી કંપનીનું લાયસન્સ રદ

**ગાંધીનગર, તા.02**

રાજ્યમાં નકલી, ગુણવત્તાવિહીન અને નશાકારક દવાઓ તેમજ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ સામે ગુજરાત સરકારે સખત કાર્યવાહી શરૂ કરી છે. ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્રએ અમદાવાદ સહિત વડોદરા, સાવલી અને ભરૂચમાં સઘન દરોડા પાડ્યાં હતા. આ કાર્યવાહીમાં માત્ર અમદાવાદમાં જ અંદાજે 1.21 કરોડથી વધુના શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

'ચેડા કરનાર તત્વોને કોઈ પણ સંજોગોમાં છોડવામાં નહીં આવે'

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ચેતવણી આપી હતી કે, નાગરિકોના આરોગ્ય સાથે ચેડા કરનાર તત્વોને કોઈ પણ સંજોગોમાં છોડવામાં નહીં આવે અને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સતત કડક કાર્યવાહી ચાલુ રહેશે.

આયુર્વેદિક દવામાં એલોપેથિક 'ડાયક્લોફેનેક' મળતાં બનાવટી જાહેર કરીને જપ્ત કરાઈ

અમદાવાદમાં પવન ફોર્મ્યુલેશન ખાતે દરોડા દરમિયાન કોડીન આધારિત સીરપનો મોટો જથ્થો મળી આવ્યો હતો, જેનો દુરુપયોગ થવાની શક્યતા હતી. અહીંથી અંદાજે 76.51 લાખની દવાઓ જપ્ત કરીને પ્રોહિબિટ કરવામાં આવી છે અને ખરીદી-વેચાણના રેકોર્ડમાં પણ ગંભીર ગેરરીતિઓ સામે આવી છે. ગોમતીપુર વિસ્તારમાં આવેલી દુકાનમાં 'HABBE AUJA' નામની આયુર્વેદિક દવામાં એલોપેથિક 'ડાયક્લોફેનેક' મળતા તેને બનાવટી જાહેર કરીને જપ્ત કરવામાં આવી હતી. અન્ય એક કંપની પાસેથી મંજૂરી વિના કામગીરી અને બિલિંગમાં ગેરરીતિ બદલ 4.60 લાખની દવાઓ જપ્ત કરવામાં આવી છે.

ઉપરાંત AEDMAX LIFECAREએ કોડીન સીરપના ગેરકાયદેસર વેચાણ બદલ લાયસન્સ 15 દિવસ માટે સસ્પેન્ડ કર્યું છે, જ્યારે Maxila Mediscience Pvt. Ltd.માં સાયકોટ્રોપિક દવાઓના ઉત્પાદન અંગે તપાસ ચાલી રહી છે. મનહરનગર વિસ્તારમાં પણ વગર પરવાને દવાનો જથ્થો સંગ્રહ કરનાર પાસેથી અંદાજે 40 લાખનો જથ્થો જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ગેરકાયદે ઈન્જેક્શનનું ઓનલાઈન વેચાણ કરતી કંપનીનું



લાયસન્સ રદ

વડોદરામાં Medicament Solutions Pvt. Ltd. દ્વારા ડૉક્ટરની પ્રિસ્ક્રિપ્શન વગર "Mounjaro KwikPen" ઈન્જેક્શનનું ઓનલાઈન ગેરકાયદેસર વેચાણ કરતા કંપનીનું લાયસન્સ કાયમી રદ કરવામાં આવ્યું છે. Amico Formulation LLP દ્વારા ઊંચા ડોઝની ટાપેનટાડોલ દવાઓના ઉત્પાદનને કારણે તેની ઉત્પાદન પરમિટ પણ રદ કરવામાં આવી છે. સાવલીમાં લેવામાં આવેલા નમૂનાઓમાંથી એક દવા 'Not of Standard Quality' જાહેર થતા સ્ટોપ સેલ અને પ્રોડક્ટ રીકોલના આદેશ આપવામાં આવ્યા છે, જ્યારે ભરૂચની Alphard Pharma કંપનીની એક્સપોર્ટ પરમિટ પણ રદ કરવામાં આવી છે.

1,018 કિલો શંકાસ્પદ પનીર/એનાલોગનો જથ્થાનો નાશ કરાયો

આ સાથે રાજ્યભરમાં 'ખોરાક શુદ્ધિ અભિયાન' અંતર્ગત પણ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એપ્રિલ મહિનામાં કુલ 4,193 એકમોની તપાસ કરવામાં આવી હતી, જેમાં અંદાજે 1.83 લાખ મૂલ્યના 1,018 કિલો શંકાસ્પદ પનીર/એનાલોગનો જથ્થો મળી આવતા તેને સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત 270 એકમોને નોટિસ પાઠવવામાં આવી છે, 118 નમૂનાઓ લેબોરેટરીમાં મોકલાયા છે, 18 એકમોને સીલ કરવામાં આવ્યા છે અને મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા 2.84 લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે.

આઈસ ગોલા સહિતના 1,705 નમૂનાઓની ચકાસણી કરાઈ

ઉનાળાની સિઝનને ધ્યાનમાં રાખીને શેરડીનો રસ, મેંગો જ્યુસ, તરબૂચ અને આઈસ ગોલા જેવા ખાદ્ય પદાર્થોની પણ સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા 1,576 સ્થળોએ તપાસ કરીને કુલ 1,705 નમૂનાઓની ચકાસણી કરવામાં આવી છે. સાથે જ વેપારીઓ અને નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે 284 ટ્રેનિંગ અને 255 અવેરનેસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

